# પ્રકરણઃ ૨

## મધ્ય ગુજરાતની વાર્તાઓમાં પ્રાદેશિકતા

### ૨.૧ ભૂમિકાઃ

મધ્ય ગુજરાત એટલે ગુજરાતના મધ્યભાગમાં આવેલો પ્રદેશ. મધ્ય ગુજરાત એટલે વાત્રકથી નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ ઘણી શકાય. તેના તમામ જિલ્લાઓ લગભગ સમાન બોલી સંસ્કૃતિ અને વારસો ધરાવે છે. આ જિલ્લાઓમાં વડોદરા, આણંદ (ચરોતર તરીકે ઓળખાય) ખેડા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર અને મહીસાગરનો સમાવેશ થાય છે. આ પ્રદેશોમાં ગુજરાતનો વિશિષ્ટ ભૂ-ભાગ મધ્ય ગુજરાત છે. અને મધ્ય ગુજરાતનો વિશિષ્ટ ભૂ-ભાગ ચરોતર છે. મહી અને વાત્રક નદીની વચ્ચે ઊર્વરા ભૂમિ. વાસદથી મહેમદાવાદ અને પેટલાદની આજુબાજુનાં સો એક ગામડાંમાં ખરેખર પાણીની છત હોવાથી કૃષિ, ફળાદિ વૃક્ષોથી અત્યંત ચારુ પ્રદેશ તે ચરોતર. ખેતી અને પાણી બાબતે સમૃદ્ધ આ પ્રદેશ આર્થિક રીતે સુખી.આ વિસ્તારની ઓળખ કરાવતો કંઠસ્થ પરંપરામાં એક દુહો પ્રચલિત છે.

"ચરોતરમાં ચાર દીશ, તરુ તમાકને તૂર
નર-નારી દોઉં ભલા, નીતરે નવલાં નૂર."

વાર્તાકારોને પોતાના પ્રદેશમાં નોતરનારો-જાળાવનારો અને માણનારો 'સોનેરી પાનનો મૂલક' તે ચરોતર. અહીંની પ્રાકૃતિક લીલોતરી, સમૃદ્ધિ લોકજીવનને પણ લીલુછમ રાખનારા નીવડયા જણાય છે. આવા આ પ્રદેશમાંથી અનેક વાર્તાકારો મળ્યાં છે જેમણે આ પ્રદેશ અને એના વાસ્તવને એમની વાર્તાઓમાં કંડાર્યું  છે. આ પ્રદેશની વાર્તાઓમાં ચરોતર ઉપરાંત પંચમહાલના મહીકાંઠાનો તળપ્રદેશ, દાહોદ, છોટા ઉદેપુરનું આદિવાસી જનજીવન, વિચરતી વિમુક્ત જાતિઓની સમસ્યાઓને વાચા આપતી, આ પ્રદેશની પ્રાદેશિક તાળબોલીનો વિશિષ્ટ

વિનિયોગ કરતી, ગ્રામ્યચેતના તેના સામાજિક, આર્થિક, ધાર્મિક પ્રશ્નોને પ્રસ્તુત કરતી અનેક વાર્તાઓ પ્રાપ્ત થઇ છે. આ વાર્તાઓમાં આ પ્રદેશ અને એની પ્રાદેશિકતા, તેની સાચી છબી વાર્તાઓમાં કેવી પ્રગટી છે? એ ઉપરાંત વાર્તાને ઘડવામાં આ પ્રાદેશિકતાના તત્ત્વો કેટલા અને કેવા ઉપકારક બન્યાં છે? એ તપાસી અને એનું તાર્કિક વિશ્લેષણ કરી આપ્યું છે. અહીં આ પ્રદેશની કેટલીક પસંદ કરેલી વાર્તાઓમાં પ્રાદેશિકતાના તત્ત્વો અને વાર્તાઓમાં એની પ્રસ્તુતતાને તપાસી છે. જે વિગતે જોઈએ.

**૨.૨. છગનાને ન સમજાતા સવાલો- જોસેફ મેકવાન**

જોસેફ મેકવાન ગુજરાતી સાહિત્યજગતના ખમતીધર સર્જક છે. જે ગુજરાતી સાહિત્યને ચરોતર પ્રદેશની અમુલ્ય ભેટ છે. પોતાના પ્રદેશ પ્રદેશના લોકો એમના જીવન, પ્રશ્નો, સમસ્યાઓ આ સાહિત્યકારે ખરી અનુકંપાથી, સંવેદનશીલ હૃદય સાથે સાહિત્યમાં પ્રસ્તુત કર્યા છે. ચરોતર સમાજમાં વ્યાપ્ત અસ્પૃશ્યતાને પોતાની વાર્તાઓમાં સબળ રીતે તેમણે ઉપસાવી આપી છે. તેમની વાર્તાઓમાં તળબોલીનું ભાષાકર્મ ઊંડીને આખે વળગે તેવું છે. એવા આ જીવનવાદી વાર્તાકાર કહે છે. “કલાને મેં પ્રમાણી છે. પણ જીવતરને ભોગે કલાની ઉપાસના કરવું મને હરગીજ મંજુર નથી.” એમ સ્વીકારતાં તેમનું મોટાભાગનું સાહિત્ય જાનપદી છે.

દલિતોની વ્યથાની કથાને રજૂ કરતાં આ લેખક દલિત લેખક તરીકે જાણીતા છે. સમાજના શોષણનો ભોગ બનેલો માનવ અને તેની સંવેદના એ દ્વારા સામાજિક સમરસતા સાધવાની કળા આ વાર્તાકારને હસ્તગત છે ‘સાધનાની આરાધના’ ‘આગળો’ ‘પન્નાભાભી’ ‘ફરી આંબા મ્હોર’ અને ‘ઓર્કીડના ફૂલ’ જેવા વાર્તાસંગ્રહોમાં વિવિધ વિષયો ઉપર આશરે ૮૦ થી વધારે વાર્તાઓ આપનાર આ વાર્તાકાર પોતાની વાર્તાપ્રવૃત્તિ વિશે કહે છે. “મારા વાર્તાલેખનનો આરંભ જ વાર્તાથી, મારો મનગમતો સાહિત્ય પ્રકારેય વાર્તા. મારી વાર્તા મારા અનુભવ જગતમાંથી નીતરી આવી છે. એને આત્મસાત કરતા એને શબ્દોમાં અભિવ્યક્ત કરતા હું એક નિતનિરાળી મનઃસ્થિતિમાંથી પસાર થઉં છુ.” (પ્રસ્તાવના, આગળો)

ગરીબી, શોષણ, મૂલ્યહ્રાસ ઉપરાંત સમકાલીન જીવનની સમસ્યાઓને પોતાની કથાવાર્તા દ્વારા વાચા આપતા આ વાર્તાકારના વાર્તાસંગ્રહ 'ફરી આંબા મ્હોરે' માંથી 'છગનાને ન સમજાતા સવાલો' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભ તપાસવાનો અહીં ઉપક્રમ છે. 'છગનાને ન સમજતા સવાલો' વાર્તામાં છગનો અને કુમલી આ આદિવાસી દંપતિનું સમાજના મોટ્ટાલોકો ભદ્રસમાજના લોકો દ્વારા જે પ્રકારે શોષણ કરવામાં આવે છે એ વસ્તુને ઉજાગર કરવાનો પ્રશષ્ય પ્રયત્ન કરવામાં આવ્યો છે. અહીં વાર્તાકારે દલિત છગના દ્વારા રાજકીય, સામાજિક, આર્થિક-પરિસ્થિતિનું કલાત્મક ચિત્રણ કર્યું છે. અને વાર્તાના અંતમાં શારીરિક શોષણ બતાવીને પરાકાષ્ઠાનું પ્રતિબિંબ પાડ્યું છે. વાર્તાનું કથાવસ્તુ જોઈએ તો, છગનો અને કુમલી આદિવાસી પાત્રો છે. જેમના બાળપણમાં જ બાળલગ્ન થઇ ગયેલ છે. પોતાના એકના એક દીકરાને પરણાવવા અર્ધી જમીન વેચીને છગનાના બાપે કુમલીના બાપને ત્રણ હાજર રૂપિયા રોકડા આપી દીધેલા. કુમલી સુંદર છે એના દેહ લાલીત્યથી અંજાઈ ખોટી દાનતવાળા એના બાપને દસ હજાર આપવા તૈયાર થયા છે. પરંતુ કુમલી છગનાને વરી ચૂકી છે. તે છગનાને ચાહે છે. આથી તે મેઘલી રાતમાં ભારે વરસાદને ચીરતી છગનાને ઘેર આવી પહોંચે છે. મૂશળધાર વરસાદ વરસતો હોવાને લીધે તેઓ એ રાતે ત્યાંથી ભાગી શકયા નહોતા. સવારે કુમલીનો બાપ પંચાયતીઓ સાથે છગનાને ઘેર આવી પહોંચે છે. છગના અને કુમલીના બાળલગ્નો થયાં હોવાથી તે કાંઈ કરી શકતા નથી. પણ તે કુમલીના બાપને બે હજાર આપવા કહે છે. વાર્તાનું કેન્દ્રબિંદુ તો આજ સમયે કુમલી દ્વારા લેવાતી પ્રતિજ્ઞા બની રહે છે. કુમલી જ્યાં સુધી તેના પિતાને પૈસા નહિ ચૂકવાય ત્યાં સુધી તે જોડે રહેવા છતાં છગનાનું ઘર ન માંડવાની આકરી પ્રતિજ્ઞા લે છે. અને કુમલી, છગનો બન્ને ભેગા મળી પૈસા ભેગા કરવા નીકળી પડે છે. આણંદ-વડોદરા જેવા શહેરો તરફ. વાર્તા અહીંથી એક નવો વળાંક લે છે. જૂની અગિયારમી ચોપડી ભણેલા છગનાને નોકરી ન મળતા રસ્તામાં મળી ગયેલા ગાંધીવાદી સમાજસેવક છબીલદાસને ત્યાં આ બન્ને મજુરી કરવા રોકાઈ જાય છે. રસ્તામાં છબીલદાસ દ્વારા કરવામાં આવેલી મદદ અને તેની પાછળ તેમની કુમલી પ્રત્યેની વિષય લાલસા વિશે છગનાને પણ ભાસ થાય છે. અને આથી જ તેના મનમાં પ્રશ્ન ઉદભવે છે. " આ બધુ કુમલી કાજ તો નહિ થતું હોય ? પરંતુ બેય

જણે જેવી પડશે એવી દેવાશે એવો નિર્ધાર કર્યો હતો. અને આવા કપરા સંજોગમાં છબીલદાસનો આશરો સ્વીકાર્યા વગર છૂટકો પણ ક્યાં હતો ?

સમાજવાદી છબીલદાસ દલિતોના ઉદ્ધારક ગણાતા. તેમના પિતાએ દલિતો માટે જીવન જીવી જાણ્યું હતું. એમના બંગલાને તૈયાર કરવા તનતોડ મહેનત કરતા છગનાનું ઓછુ વેતન આપી આર્થિક શોષણ કરવામાં આવે છે. છગનાને મુખ્યમંત્રી સામે નવા કપડા પહેરાવી પોતાના દત્તકપુત્ર તરીકે રજૂ કરી છબીલદાસ નામ કમાય છે. અને જીવનનાં સુંદર સ્વપ્નાઓને સાકાર કરવા જીવનની દરેક ક્ષણોને ભરી દેવા આતુર એવા છગના અને કુમલીના સ્વપ્નાઓનો આકાર રચાય તે પહેલા જ છબીલદાસ કુમલી પર બળાત્કાર ગુજારે છે. અને ત્રીજા મજલા પરથી તેને નીચે ફેંકી મોતના મુખમાં નાખી દે છે. હેવાનિયત હજુ  અટકી જતી નથી બળાત્કાર ગુજારી કુમલીને મારી નાંખી છગનાને "તારાથી હવે અહીં ના રહેવાય. તારી બાયડીના મોતથી બંગલો અપશુકનિયાળ ઠરી જાય ! એમ કહી ઝાલોદ આગળ ગાડીમાંથી હેઠે ધકેલી દે છે. વાર્તાનું વાસ્તવ એક ઘટના છે પરંતુ એ ઘટના સુધી પહોંચવા વાર્તાકારે વાર્તામાં પાત્રોનું આંતર-બાહ્ય બન્ને સ્થિતિતત્ત્વ વિકસાવ્યું છે. છગનાને અનેક સવાલો થાય છે પરંતુ એ પ્રશ્નોનું સમાધાન એનો ઉત્તર એને મળતો નથી. આથી અનેક સવાલોના ઉત્તરો શોધતો છગનો, "છગનાને સમજાતું હતું કે એને કશું જ નથી સમજાતું? વાક્ય દ્વારા વાર્તા પૂરી થાય છે.

અહીં છગના અને કુમલીના આર્થિક-જાતીય શોષણની ઘટનાને સચોટ રીતે આલેખવામાં આવી છે. મનુષ્યનું મનુષ્ય દ્વારા થતું શોષણ અહીં પ્રત્યક્ષ રૂપે જોઈ શકાય છે. સમાજના સવર્ણોની હિનવૃતિ આપણે કુમલીના જાતીય શોષણમાં જોઈ શકીએ છીએ. તો જેના પિતાએ આવા લોકોના ઉદ્ધાર માટે જીવન જીવ્યું છે એનો છોકરો છબીલદાસ પોતાને ગાંધીવાદી તરીકે ઓળખાવે છે. આવા છદ્મવેશી લોકો અને તેમના છદ્મવેશી શોષક નામે ભવ્ય બંગલા બાંધી એરકંડીસનર ગાડીઓમાં મોજશોખથી ફરતા છબીલદાસ જેવા આપણા કચડાયેલા વર્ગની સેવા કરવા નીકળી પડતા સમાજસેવકોની પોલ ખોલી છે. વાર્તાના આરંભમાં જ મહેનતથી લોથપોથ

થયેલો છગનો અને રોટલો શેકવા મથતી કુમલી એ બંનેની આકરી જીવન કસોટીનું વાસ્તવિક ચિત્ર જોઈ શકાય છે. છગનો એનું જીવન અને એણે મૂંઝવતા અનેક પ્રશ્નો વાર્તાનું હાર્દ સ્પષ્ટ કરે છે.

વાર્તાકારે અહીં છગનાને સતાવતા અનેક સવાલો અને એની માટેનો બૌદ્ધિક સંઘર્ષ તે સાથે અતિ મહત્વની વાત કે દલિતો ગમે તેટલા શિક્ષિત કે પ્રતિભાશાળી હોય તેમનું સ્થાન તો સમાજમાં નિશ્ચિત જ છે. એ પણ સ્પષ્ટ કરી આપ્યું છે. આ પાત્રોનું સંવેદનાવિશ્વ વાર્તાને પ્રાણવાન બનાવે છે. વાર્તાનું મુખ્ય પાત્ર છગનો છે. છગનો એના સવાલો અને શોષણની આ ખરી કથા બની રહે છે. જૂની મેટ્રિક પાસ છગનો ભણેલો હોવા છતાં નોકરી મેળવી શકતો નથી. અને નોકરી મળે છે તો તેની પાસે ડોનેશન ભરી નોકરી મેળવવા જેટલા રૂપિયા નથી. જીવનની સંકુલતા અને પ્રશ્નો એવા ગૂંચભર્યા છે કે છગનાને સમજાતું નથી કે આ કેમ છે? છગનાને નોકરી મળતી નથી ને સામે નોનમેટ્રિક પ્રધાનો છે. આવા નેતા બની બેઠેલા છબીલદાસ જેવા લોકોની વાતો છગનાની સમજમાં આવતી નથી. એ છબીલદાસ શું છે એ નથી જાણતો એને છબીલદાસની કોઈપણ વાતની એને ખબર પડતી નથી. ત્યારે તેને થાય છે “તેમના ભણતરમાં ને મારા ભણતરમાં શો ફેર ? મંત્રી શ્રી નોનમેટ્રિક છે તોય પ્રધાન અને હું જૂનું અગિયારમું છું તોય મને નોકરી નથી મળતી એ ક્યાંનો ન્યાય? અહીં છગનાનો આ સવાલ તેના આર્થિક શોષણને પ્રગટ કરી આપે છે. છગનાને નોકરી મેળવવાના અરમાનો હતા. એ માટે તેને પ્રયત્નો પણ કર્યા પણ ભ્રષ્ટાચાર એના આ સ્વપ્નને ભરખી ગયો. એમાં એને માત્ર નિરાશા જ મળી. રોજ રોજનું સામાન્ય જીવન જીવતા આ આદિવાસી પ્રજા માટે પચ્ચીસ હજાર કે વીસ હજાર જેવી રકમ ઘણી મોટી હોય છે. છગનો બે હજાર ન આપી શક્યો એથી એ ભેગા કરવા એ કુમલી સાથે નીકળી પડ્યો હતો. આવડી મોટી રકમની લાંચ આપવી છગના માટે અશક્ય હતી. આથી જ તો પોતાની અનામત સીટમાં પસંદ થવા છતાં નોકરી મેળવી શક્યો નહિ. છગનો ભણ્યો, ભણવા માંગતો હતો કરણ કે એને પોતાના જાતભાઈઓને, માં-બાપને હાડતોડતા, ગધ્ધાવૈતરું કરતા જોયા હતા. અંકગણિત શીખવનાર સાહેબ એને કહેતા કે આટલું શીખી લઇશ તોય તારા લોકોનું જે શોષણ કરાઈ રહ્યું છે તે સમજી શકીશ. સાંપ્રત સમયમાં પણ આવા અનેક આદિવાસી બાળકો, યુવાનો

કાળીમજુરી કરી હાડતોડતા નજરે ચઢે છે. છગનો આવા આદિવાસી ભણેલા યુવાનો માટે એમની સંવેદનાને વાચા આપતો લાગે છે.

છગનાનું પાત્ર વાસ્તવિકતાની સાથે જોડાયેલું આદિવાસીની કરુણ સ્થિતિને રજૂ કરતુ પાત્ર બની રહે છે. “દેહની ભુખથીય ભૂંડી પેટની ભૂખ હોય? એમ સવાલ કરતો છગનો પેટ ઢીચણ વચ્ચે દબાવી ભૂખને ભૂલવા પ્રયત્ન કરે છે. ‘છગનો અને તેના સવાલો વાર્તાનું ચાલકબળ બની રહે છે. છબીલદાસ જેવા છદ્મવેશી લોકોની રમતથી તે સાવ અજાણ છે. આથી એને કશું સમજાતું નથી. કુમલીને એ ખરું જ કહે છે : “કુમલી.....ઈ ઊ અભણ ર’યો હોત તો હારું થાત” કપરા સમયમાં કરેલી મદદ અને એ માટે પૂર્ણ પણે વફાદાર છગનાનું આર્થિક શોષણ તો થાય જ છે. સાથે-સાથ જેને મેળવવા એ ઘર-ગામ છોડી નીકળી પડ્યો હતો એ પત્નીને પણ ખોઈ બેસે છે. છગનાની આ કરુણસ્થિતિ વાર્તાને સચોટ અને સબળ બનાવે છે.

સમ્રગ વાર્તામાં છગનાને ન સમજાતા સવાલો તેને સતાવતા સવાલો બની રહે છે. છગનાની પત્ની કુમલી સુંદર છે.“ભરેલું બદન, કામઢા અંગોથી કોળી ઊઠતી કાયા જમણા ગાલે કોઈક પારખું એ પાડી આપેલું પાંચ પાંદડીયાળુ છૂદણું અને નીલવર્ણ લોચનિયા.” (પૃ.૨૪) કુમલીના આ દેહસૌન્દર્યથી આકર્ષાઈને છબીલદાસે છગનાને અને કુમલીને પોતાના બંગલે રાખ્યાં હતા. કુમલીની ખરી ખુમારી એને લીધેલી પ્રતિજ્ઞામાં છે. ગાંધીવાદી એવા છબીલદાસનાં દંભી વ્યક્તિત્વની સામે લીધેલી આ પ્રતિજ્ઞા બાબતે પરસ્પર અત્યંત આર્કષક હોવા છતાં ને પ્રતિજ્ઞાભંગ કરે તો પણ કોઈને કશી ખબર નથી પડવાની છતાં બન્ને વફાદાર રહે છે. એ કુમલીના પાણીદાર વ્યક્તિત્વનો સ્પર્શ આનંદમયી બની રહે છે. કુમલી બાહોશ છે છગનાની ખરી જીવનસંગીની છે. મેળામાં છગનો ગમી જતા એ છગનાને કહે છે, “મરી જાય તો કઈ નૈ પણ મરદાઈના સોડતો ! અહીં કુમલીની ખુમારી અને એની વ્યક્તિત્વની ગરિમા દાદ માંગી લે એવી છે. તે છબીલદાસ જેવા પાંખડીને તો તરત જ ઓળખી જાય છે. અને તે છગનાને જણાવે પણ છે, “મુને શેઠનો ભરુંહો ની બેહે, પણ ઈની બાઈ ભલી લાગે ! (પૃ.૨૯)

વાર્તાના અંતે છબીલદાસની વાસનાનું ભોગ બનતું આ પાત્ર મોતને ભેટે છે. ત્યારે ફરી છગનાનો પેલો પ્રશ્ન યાદ આવે "આ બધું કુમલી કાજ તો નહિ થતું હોય ? અહી કુમલીનું જાતીય શોષણ એ માત્ર કુમલી પૂરતું જ નહિ પરંતુ કઈ કેટલી આવી સ્ત્રીઓ કે જેમને આ દંભી લોકોના શોષણનો ભોગ બનવું પડે છે અને આખરે મોતને ભેટે છે તે તરફ અંગૂલીનિર્દેશ કરે છે. ત્રીજું મહત્ત્વનું પાત્ર છબીલદાસ છે. દંભી અને છદ્મવેશી વ્યક્તિત્વ ધરાવતું આ પાત્ર સમાજના આવા શોષક લોકોના વ્યક્તિત્વને ખુલ્લું પાડે છે. છગના અને કુમલી જેવા ભોળા આદિવાસી દંપતીને તેની પત્ની કુમલી તરફ આર્કષાઈ કામાંધ બની, તેમને શરણ આપી, તેમનું આર્થિક શોષણ કરવું, મુખ્યમંત્રી આગળ છગનાને દત્તકપુત્ર તરીકે રજૂ કરતો છબીલદાસ જયારે કુમલી પર બળાત્કાર ગુજારી તેને મોતના મુખમાં ધકેલી દે છે ત્યારે તેના ક્રૂર શોષક વ્યક્તિત્વનો એક જડ ચહેરો આપણી સમક્ષ ઉપસી આવે છે.

છગના જેવા અનેક લોકો ગણતરી કરે, સમજવા અનેક પ્રયત્નો કરે તો પણ આવા લોકોનાં કોયડા તેમની સમજમાં આવે એવા નથી. છબીલદાસની ક્રૂરતા તો વાર્તાના અંતે જયારે તે છગનાને "તારી બાયડીના મોતથી બંગલો અપશુકનિયાળ બન્યો છે." એમ કહી ઝાલોદ આગળ ગાડીમાંથી હેઠે ધકેલી દે છે ત્યાં જોઈ શકાય છે. બહારથી પ્રજાના હિતરક્ષક દેખાતા છબીલદાસનું આંતરિક વ્યક્તિત્વ આલેખવામાં વાર્તાકારે સફળતા મેળવી છે. આવા લોકો મુખોટા પહેરીને જ ફરતા હોય છે. અને છગના જેવા વખાના માર્યા આમના ભોગ બની જતા હોય છે. આ વાર્તાનો આસ્વાદ કરાવતા મોહન પરમાર પણ યોગ્ય જ નોંધે છે, "અહીં કુમલીનું જાતીય શોષણ તો થયું છે જ સાથે સાથે છગનાનું આર્થિક શોષણ પણ થતું રહ્યું છે. છગના અને કુમલીના પરિશ્રમથી તૈયાર થયેલ છબીલદાસના બંગલાના ઉદ્ઘાટન વખતે મુખ્યમંત્રીએ છબીલદાસના વખાણ કરતા કહ્યું કે છબીલદાસે એક આદિવાસી છોકરાને ત્રીજા પુત્ર તરીકે દત્તક લીધો છે. આ છદ્મવેશી સમાજની મેલી મુરાદોએ જાણે હદ કરી નાખી છે. દત્તક લીધેલા છગનાની પત્નીનું જ જાતીય શોષણ કરવામાં આવે ત્યારે કેટલી હદે ઉપલાવર્ગની હીનવૃતિ વકરી ઉઠી છે તેનો આ વાર્તામાં ચિતાર મળી રહે છે. હરપળે છગનાને અનેક પ્રશ્નોએ

મૂંઝવી નાખ્યો છે એને ન સમજતા સવાલોનો ઉકેલ આ સામાજિક વર્ણવ્યવસ્થામાંથી મળવો મુશ્કેલ છે. સર્જક સબળ હોય તો વાર્તામાં કેવું સાબદું પરિણામ આવી શકે છે તે આ વાર્તામાં જોઈ શકાશે."૧ ( દલિત વાર્તાસૃષ્ટિ પૃ . ૧૪૩-૧૪૪ )

વાર્તામાં પ્રયોજાયેલી ભાષાની વાત કરીએ તો વાર્તાની ભાષા સબળ છે. ચરોતર પ્રદેશ અને એમાં બોલાતી તળબોલી વાર્તામાં પ્રયોજાઈ છે. જે વાર્તાને જીવંત બનાવે છે. જોકે બોલીનો પ્રયોગ વાર્તામાં નહીવત થયેલો છે છતાંય બોલીના આંશિક અંશો વાર્તાને એક અલાયદું રૂપ આપે છે. વાર્તાના પાત્રો આ તળ સાથે જોડાયેલા, આ માટીના છે. આથી સર્જકે પાત્રોના સંવાદોમાં તળબોલીને સબળ રીતે પ્રયોજી છે. જે વાર્તાને વાસ્તવિકતા પ્રદાન કરે છે. વાર્તાકાર આ પ્રદેશના જ હોઈ ત્યાંની બોલીની જીવંતતાથી પરિચિત છે. અહીં પ્રયોજાયેલા તળશબ્દો, રૂઢિપ્રયોગ, કહેવતો, વાર્તામાં પ્રાણ ફૂંકતા લાગે છે. કેટલાક ઉદાહરણો જોઈએ તો, તળબોલીમાં કુમલી છગનાને સમજાવતા કહે છે "હાંભળય, બાપ મારો કાંઠો સે ઈની આગળય કોઈનુંય ની હાલે ખોટી દાનતવારા દહ હજાર આલવા તિય્યાર થયા સે પણ ઊ તારો સેડોની ફાડવાની પણ જો આભ ફાટતું લાગસી તો ઊકાળી રાત્યે તારા તાં હાલી આવવાની તું હબદો રી'જેને ઝટ નોકરી હોધી કાઢીન બે હજાર ઝાપટી જાજે મારા બાપના કાળા મુંઢા ઉપર્ય ઈટલા લીધેય આણું વાળે તો ભલ્ય સે મરી જા તો કઈ નઈ પણ મરદાઈ ના સોડેતો ! ( પૃ.૨૪)

"હાલ્ય છગના, આ અંધારા ઓઢીને મલક પાર્ય ઊતરી જૈયે, મારો બાપ દશમનિયો થૈ ગ્યો સે." (પૃ.૨૬)

"દશમનિયો વરહાદ આરોને રોટલો લોટનો ઓહડપારો વાળી જ્યો છગના.....ડબ્બોય મારા કરમની ગોડે ખાલીખમ્મ પડ્યો સે, શું કરું તારી હારું ? (પૃ.૩૧)

"આ આયો એ આયો અ'વે ફરી કુમલીનં લેઈનં આ મલકમાં ના આવું છોયને હોનું વરહતુ !" (પૃ.૩૨)

અહીં બોલી અનિવાર્યપણે પ્રયોજાઈ છે. ચરોતર પ્રદેશ અને આ પ્રદેશમાં વસતા આદિવાસીની બોલીના સંસ્પર્શ દ્વારા વાર્તાકારે આ પ્રદેશના આદિવાસીનું જીવન, તેના વ્યવહારો અને તેની માનસિકતાને વ્યક્ત

કરી આપી છે. એક તરફ શિષ્ટભાષા અને બીજી તરફ તળબોલીનું સર્જનાત્મક મિશ્રણ કરી સચોટ ભાષાકર્મ કર્યું છે. આ ભાષાકર્મ આ પ્રદેશને વાસ્તવિકપણે ચિત્રિત કરી આપે છે. પાત્રોના મુખે મુકાયેલા તળ સાથે જોડાયેલ સંવાદો પાત્રને પ્રાણવંતા બનાવે છે. આ સંવાદો કળાત્મકતા સાથે ખીલી ઊઠે છે. આ બોલીની વિશેષતા અને ચમત્કૃતિ જ છે.

વાર્તામાં ચરોતર પ્રદેશ અને તેની આસપાસનો ગ્રામ્યપરિવેશ તાદશ થતો જોઈ શકાય છે. વાર્તાનું કથાવસ્તુ ચરોતર પ્રદેશનાં ગ્રામ્યજીવનને પ્રગટ કરી આપે છે. આ પ્રદેશમાં વસતા આદિવાસીઓ કે જેઓ કામ-ધંધાની શોધમાં આણંદ-વડોદરા જેવા શહેરો સુધી જતા હોય છે. આવા લોકોનું સવર્ણો દ્વારા જે રીતે આર્થિક અને જાતીય શોષણ કરવામાં આવે છે તેનું વાસ્તવિક આલેખન કરવાનો વાર્તાકારેનો ઉદેશ્ય સ્પષ્ટ થતો જણાઈ આવે છે. આવા લોકો ભણેલા હોય કે અભણ પણ સમાજમાં જે પ્રકારે તેમનું સ્થાન અને સ્થિતિ હોય છે તે તેમને માત્રને માત્ર નીચાં પાડે છે. અહીં છગનો જૂની આગિયારમી પાસ છે એટલે કે ભણેલો છે છતાય તે છબીલદાસ જેવા નોનમેટ્રિકના શોષણનો ભોગ બને છે. પ્રદેશભેદે આ લોકોનું શોષણ થતું જ હોય છે એ વાતને ચરિતાર્થ કરવાનો પ્રશસ્ય પ્રયત્ન આ વાર્તામાં થયો છે. વાર્તાકારે આ પ્રદેશમાં વસતા આદિવાસીઓમાં પ્રવર્તતા પ્રાદેશિક-સામાજિક રિવાજ બાળવિવાહ એમાં બાળપણમા જ છોકરા-છોકરીના વિવાહ કરી દેવામાં આવે અને જેવા તેઓ પુખ્ત વયના થાય કે તરત છોકરીને સાસરે વળાવવામાં આવે જે આણું વાળવાના રિવાજ તરીકે ઓળખાય છે. અહીં આ બન્ને રિવાજો પ્રાદેશિક બની રહે છે.

ભણેલા આદિવાસીની માનસિકતા અને એના મનમાં ઉપસતા એને મૂંઝવતા અનેક પ્રશ્નો ઉપરાંત છબીલદાસ જેવા મોટ્ટા માણસોની વાતો ન સમજાતા ઉપજતું આશ્ચર્ય વાર્તાને નવી જ દિશા તરફ લઇ જાય છે. અહીં આ આદિવાસીઓના લોકવ્યવહારોની, રૂઢિગત માન્યતાઓની પણ વાત કરવામાં આવી છે. જે આગવો પ્રાદેશિક સંદર્ભ ઊભો કરી આપે છે. જેમ કે ભર વરસાદમાં છગનાને ત્યાં નાસી આવેલી કુમલી લાજ-શરમ મૂકી “ પ્રતિજ્ઞા તોડું તો ચેથરિયા દેવ પૂસે” એમ જણાવે છે. ચેથરિયાદેવ જેવા દેવી-દેવતાઓમાં શ્રદ્ધા ધરવતા આ

આદિવાસીઓ પ્રાદેશિક બની રહે છે. આ પ્રદેશની ધરતી સાથે જોડાયેલા આ લોકોના જીવન, રહેણસહેણ પ્રાદેશિક બની રહે છે. બીડી, દારૂ જેવા વ્યસનો સાથે જોડાયેલા આ આદિવાસીઓ આખો દિવસ કાળીમજુરી કરી થાકી જતા દેશી દારૂને થાક ઉતારવાની ઉત્તમ ઔષધી માને છે. ઘણા રોજ તો ઘણા ચાર-પાંચ દિવસે ચિક્કાર પીવે છે ને નિરાતે રાત્રે સુઈ જઈ બીજા દિવસના વૈતરા માટે તૈયાર થઇ જાય છે. આ આદિવાસીઓના આ વ્યસનોને લઇ એમની માનસિકતા આપણને કુમલીના મુખે મુકાયેલા આ સંવાદમાં પ્રતીત થાય છે, "મરદ મોણહ બીડી હુક્કો ન પીવે તો એની મરદાઈ શી ? આદિવાસી જીવન, એનો વ્યવહાર અને એના જીવનની ખરી વાસ્તવિકતાના દર્શન આપણે અહીં કરી શકીએ છીએ.

આદિવાસીઓનો પારંપરિક પોષક, બાળપણથી જ છુંદણા ત્રોફાવવા, રોટલા-મકાઈના ભૈડકા જેવું સામાન્ય ખાનપાન પ્રાદેશિક બનવા પામ્યું છે. જેમ કે "ભરેલું બદન, કામઠા અંગોથી કોળી ઉઠતી કાયા જમણા ગાલે કોઈક પારખુએ પાડી આપેલું પાંચ પાંદડીયાળુ છુંદણું અને નીલવર્ણા લોચનીયા" તો છગના માટે પણ કુમલી જે કલ્પે છે એ પ્રમાણે, "ધોતી, ગળામાં લાલ રૂમાલ ગળે માદળિયું હાથે રૂપાનું કડલું આ બધું જ પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે. વાર્તાના પાત્રો ભીની માટીની સોડમવાળા છે જેમની જીવંતતા ભાવકને સ્પર્શી જાય તેવી સાચુકલી છે. આ પાત્રો શ્રમજીવી વર્ગનું પ્રતિનિધિત્ત્વ કરે છે. સમાજના છબીલદાસ જેવા લોકો જે પોતાને આવા શ્રમજીવીઓના હિતરક્ષક તરીકે ઓળખાવે છે તેજ તેમનું શોષણ કરતા હોય છે. તેઓ માત્ર આર્થિક શોષણ કરી અટકતા નથી પણ આવા નિઃસહાય છગના જેવાની સ્ત્રીનું જાતીય શોષણ પણ કરે છે. એ રીતે આપણે આ શ્રમજીવી આદિવાસીઓના જીવનની કરુણસ્થિતિનું વાસ્તવિક આલેખન અહીં જોઈ શકીએ છીએ. વાર્તાકારે આથી જ પોતાની વાત અહી આર્થિક શોષણ સાથે સાથે જાતીય શોષણથી પૂરી કરી છે. પોતાને ન સમજાતા એવા અનેક સવાલો માટે મૂંઝવણ અનુભવતો છગનો એ આવા અનેક ભણેલા આદિવાસી યુવાનોનું નેતૃત્ત્વ કરતુ પાત્ર બની રહે છે. શોષણ પ્રદેશે-પ્રદેશે જોવા મળે જ છે. માત્ર એનું રૂપ બદલાતું હોય છે. પણ મહત્વનો પ્રશ્ન એ છે કે અહીં

છગનો ભણેલો છે છતાંય તે આ સવર્ણ સમાજ અને એના લોકોની પોકળતા, દંભી વ્યક્તિત્વને ઓળખી શકતો નથી. એને અણસાર તો આવે છે છતાય એ વિશ્વાસ મૂકી વફાદારી કરે છે. ગણતરીઓ કરે છે.

વાર્તાનું કથાવસ્તુ અને એની પાત્રસૃષ્ટિ ચરોતરપ્રદેશ અને આ પ્રદેશમાં રહેતા રોજગારી અર્થે સ્થળાંતર કરતા આદિવાસી પાત્રો અને એમના શોષણ ઉપરાંત આ પ્રદેશની બોલીનો સર્જનાત્મક વિનિયોગ વાર્તામાં પ્રાદેશિક તત્ત્વોનું નિર્માણ કરી આપે છે. છગના અને કુમલીના સંવાદોમાં આપણે આ પ્રદેશ એની તળબોલીની અસરકારકતા અને વિશેષતા જોઈ શકીએ છીએ. વાર્તા વાંચતા એમ લાગે કે જો વાર્તાકારે છગના અને કુમલીના સવાદોમાં આ તળબોલી ન પ્રયોજી ન હોત તો વાર્તા નબળી પડતી. આ બન્ને પાત્રો વચ્ચે રચાતા સંવાદો તેમના જીવનની વાસ્તવિક પરિસ્થિતિ તેમના વ્યવહાર, રહેણીકરણીને તાદશ કરી આપે છે. જેમાં પ્રાદેશિક બોલીનો ફાળો પણ ઘણો મહત્વનો બની રહે છે.

“એક રાતે મકાઈના ભૈડકાથી ભૂખ ભાંગીને બેય બાપ-દીકરો ગુજરાત ભણી મજુરીએ જવાની વાત કાઢીને બેઠા હતા ને ત્રમઝટ વરસાદ તૂટી પડ્યો હતો. સાત-આઠ વરસની છીતાઈ ગયેલી સાંઠીઓ અને ખવાઈ ગયેલા દિવેલા એકધારા વરસાદની ઝીંક ઝીલી નહોતા શક્યા. વીજળીના એક ઝબકારા સોતું છાપરું હેઠે બેસી ગયું હતું ને બાપ-દીકરો બેય રઘવાયા બનીને બહાર નીકળી ગયા હતા.” (પૃ.૨૬ દલિત વાર્તાસૃષ્ટી)

ઉપરોક્ત વર્ણનમાં આપણે પ્રાદેશિક પરિવેશ અને એની વિશેષતાને પ્રત્યક્ષ થતી જોઈ શકીએ છીએ. ઘર તૂટવાની સાથે જ કુમલી એ રાતે જ ત્યાં આવી પહોંચે છે અને બન્ને પોતાના સ્વપ્નો માટે જાણે એ દિવસથી જ સંઘર્ષમાં ઉતરે છે સમાજ સામે, કુમલીના બાપ સામે, કમાવા નીકળી પડે છે. આમ આ આખો પરિવેશ પ્રાદેશિક બની રહે છે. વાર્તામાં પ્રાદેશિકતાને મૂર્ત કરી આપતા તત્ત્વોમાં પ્રમાણમાં ઓછા પણ વાર્તા માટે એટલા જ અસરકારક તાળબોલીના સંવાદો સર્જનાત્મક અને અતિ મહત્વના બની રહે છે. એકાદ સંવાદ જોઈએ, “મેઘલી રાતમાં અંધારા ચીરતી કુમલી છગનાને ઘેર આવે છે અને કહે છે “હાલ્ય છગના, આ અંધારા ઓઢીને મલક પાર્ય ઊતરી જૈયે, મારો બાપ દશમનિયો થૈ ગ્યો સે” (પૃ.૨૬)

સમ્રગ વાર્તામાં આ આદિવાસી પ્રજાના અનેક પ્રશ્નો છે. કુદરતને દેવ માનીને રહેતી, એની સાથે ભેરુબંધ થઈને જીવતા આ આદિવાસીનાં જીવનની કરુણ વાસ્તવિકતા વાર્તાને વધુ સચોટ બનાવે છે. બાળવિવાહ, ગોલગધેડાનો મેળો, છૂદણું ત્રોફાવવું આ બધી જ વિગતો પ્રાદેશિક બની રહે છે. છગના જેવા આદિવાસી માટે આર્થિક સમસ્યાએ હંમેશા લટકતી તલવારની જેમ હોય છે. સમાજના શોષક અને શોષણખોર આ વર્ગનું સતત શોષણ કરતા રહે છે. એક વર્ગ જેણે આખી જીંદગી વેઠયું જ છે એમના પણ અનેક પ્રશ્નો છે પણ એ માત્ર પ્રશ્નો બનીને જ રહી જાય છે એને સમજવાનો પ્રયત્ન પણ જાણે વ્યર્થ બની રહે છે. વાર્તામાં વાર્તાકારની વર્ણનશૈલી, ઝીણવટતાને બારીકાઇ ધ્યાનાર્હ છે. વાર્તાનો અંત કરુણ બની રહે છે. આદિવાસીની દયનીય અને લાચાર સ્થિતિ વાર્તાને ખરેખર રસપ્રદ બનાવે છે. ચરોતર પ્રદેશ અને એનું શબ્દમાધુર્ય ભર્યું ભર્યું લાગે છે. પ્રદેશ, પ્રદેશના લોકવ્યવહારો, રહેણીકરણી, વર્તન, પહેરવેશ, ખાનપાન, રહેઠાણ, વ્યસનો, રિવાજો આ બધા જ સંદર્ભો વાર્તાકારે કુમલી અને છગનાના પાત્ર દ્વારા તથા ચરોતર પ્રદેશના ગ્રામ્યપરિવેશ દ્વારા આબેહૂબ આલેખ્યા છે. જે પ્રાદેશિકતા ઉપસાવી આપવામાં ઘણા ઉપકારક બન્યા છે. છગનાનું આર્થિક શોષણ, કુમલીનું જાતીય શોષણ એ આ વાર્તાની પરાકાષ્ઠા છે. મનમાં અનેક પ્રશ્નો, મૂંઝવણો અનુભવતો છગનો લાચાર છે. કારણ કે આવા મોટા માણસો સામે એ બાથ ભીડી શકે પણ કેવી રીતે ? વાર્તાકારે પરિવેશ, બોલી દ્વારા પ્રાદેશિકતા મૂર્ત કરી આપી છે.

### ૨.૩ છત્રી- પુરુરાજ જોશી

"ફટાફટ વાર્તા લખીને ધડાધડ છપાવી દેવામાં મને કોઈ રસ નથી. હું કોઈ ધંધાદારી લેખક તો છુ નહિ" (આરંભે, આકાશગંગા) આમ સ્પષ્ટ પણે સ્વીકારતા પુરુરાજ જોષી પાસેથી સૌપ્રથમ 'સોનેરી માછલીઓનો સળવળાટ' 'માયાવિની' અને 'આકાશગંગા' જેવા વાર્તાસંગ્રહો મળે છે. તેમની 'ઝાપટુ' નામની વાર્તા ખૂબ ચર્ચાઈ હતી. અહીં તેમના વાર્તાસંગ્રહ 'આકાશગંગા' માંથી 'છત્રી' વાર્તામાં  પ્રાદેશિકતાને ઉજાગર કરતાં સંદર્ભો તપાસ્યા છે. તેમની વાર્તાઓમાં ઘટના અને પ્રસંગોના ભાર વિના માનવમન અને માનવજીવનને તાગવાની મથામણ છે. કલ્પન-પ્રતીકનો વિનિયોગ, કઠોર વાસ્તવ સંબધોની વિચ્છિનતા, માનવ નિયતિની સંકુલતા તેમની

વાર્તાઓની લાક્ષણિકતા છે. આધુનિકોત્તર ગુજરાતી વાર્તાસાહિત્યમાં તેમની ટૂંકીવાર્તા ધ્યાનપાત્ર બની રહે છે. ‘છત્રી’ વાર્તાનું કથાવસ્તુ સાવ સીધું અને સરળ છે. વાર્તાનું કેન્દ્રબિંદુ ભાથી છે. એના જીવનમાં બનતી ઘટનાઓ અને એ ઘટનાઓ સાથે જોડાયેલ એના ભાવસંવેદનનો અહીં કલાત્મકતા સાથે રજૂ થયા છે. ચાલીસ-પિસ્તાલીસની ઉંમરે પહોંચેલો ભાથી એકલા હાથે ઘર અને ખેતરની જવાબદારી સંભાળે છે. ભાથી એકલો છે, તેના જીવનમાં આવતા અણધાર્યા બદલાવોએ એના જીવનને અંધકારમય બનાવી દીધું છે. પત્ની કાશી સાથેના ઘર માંડ્યા પછીના પાંચેક વર્ષ તેના ઘેર છોકરો જન્મ્યો. આ છોકરો એને ટેકારૂપ બને એ પહેલા જ મહીસાગરમાં ડૂબી મુત્યુ પામ્યો. ભાથી આઘાતમાંથી બહાર આવી સ્વસ્થ થાય ત્યાંતો પાચ-સાત વર્ષે કાશી પણ અચાનક મૃત્યુ પામી. જીવનની આ અણધારી ઘટનાઓ એ ભાથીને ભીતરથી વલોવી નાખ્યો હતો. તે એકલો અટુલો બની ગયો હતો. કાશી સાથે વિતાવેલા સુખમય જીવનનાં સંસ્મરણો એને હચમચાવી દે છે. ઘર-ખેતરની જવાબદારી ઉપરાંત ઢોર-ઢાખરનું વૈતરું પણ એના માથે જ હતું. ખેતરમાં તો ચાકરનો ટેકો મળી રહેતો પણ ઘરકામ તેને એકલાએ જ કરવું પડતું. કાશીના ગયા પછી શરૂ-શરૂમાં તેના મિત્રો તળશી અને તિકમની વહુઓએ તેને રોટલા આપ્યા. પણ સ્વાભિમાની ભાથી તેમને સમજાવી પોતાના રોટલા પોતે બનાવતો થઇ જાય છે. ભાથીની આ પરિસ્થિતિ તેના મિત્રો તળશી અને તિકમથી જોવાતી નથી. આથી તે ભાથીને બીજા લગ્ન કરવા સમજાવે છે. આ માટે તેઓએ અનેક ગામ-પરગામના ભાંજગડીયાઓને પણ વાતો કરી રાખી છે. પણ ભાથી બીજા લગ્ન કરવા માટે તૈયાર નથી. ભાથી એકલો છે, અટૂલો છે પણ એવું પણ નથી કે જીવન પ્રત્યે એને વૈરાગ્ય આવી ગયું છે કે સંસાર સુખથી એ ધરાઈ ગયો છે. ભજનોમાં ઉલટવાણી ગાતો તે પોતાના મનને બરાબર ઓળખે છે. તિકમ અને તળશી બન્ને ભાથીના બાળપણના મિત્રો છે. જે ભાથી માટે સગા ભાઈ સમાન છે. કાશીના ગયા પછી એકલસૂરા ભાથીને આ બન્ને મિત્રોએ જ સાચવ્યો છે. તેમને ભાથી માટે ખરા અંતરની લાગણી છે, સહાનૂભુતિ છે. ભાથી દોઢ વર્ષથી જે વેઠી રહ્યો છે એ એમનાથી જોવાતું નથી. આથી એમને ભાથીનું બીજે ગોઠવી નાખવાનું

પ્રણ લીધું છે. આથી તે આજે ભાથી માટે લગ્નની વાત લઈને આવ્યાં છે. ઘણું સમજાવ્યા બાદ ભાથી આખરે છોકરી જોવા જવા માટે સંમત થાય છે.

અષાઠ મહિનાનો સમય છે વરસાદ પડી રહ્યો હતો. સવારે છોકરી જોવા આણંદ જવાનું હતું. આથી ભાથી છત્રી શોધવા ઘર ખોળાખોળ કરે છે. છત્રીની શોધ સાથે વાર્તા એક નવો વળાંક લે છે. ભાથી ખીટીએ, વળગણી, ડામચિયું, છાજલીમાં બધે જ છત્રી શોધે છે. પણ છત્રી મળતી નથી. ભાથીને જરૂર છે પણ છત્રી મળતી નથી. આથી તે આણંદ જઈ નવી છત્રી લેવાનું નક્કી કરે છે. અહીં 'છત્રી' પ્રતીકાત્મક બની રહે છે. છત્રીનું ન મળવુ એ ભાથીના જીવનની વક્રતા દર્શાવી આપે છે. વાર્તામાં 'છત્રી વિના તો કેવી રીતે ચાલે ? ઉપયોગ કરીએ એ અલગ વાત છે પણ હાથમાં છત્રી તો જોઈએ જ છત્રી તો આદમીની શોભા છે મારા ભઈ ! આ વાક્યોમાં વાર્તાકારે છત્રી અને બીજી તરફ સ્ત્રીનુ ભાથીના જીવનમાં શું મુલ્ય છે એ પણ પ્રતીકાત્મક રીતે પ્રસ્તુત કરી આપ્યું છે.

આખરે ભાથી છત્રી લેવાનું માંડી વાળે છે ને છોકરી જોવાનુંય ! છત્રી વિના અરધું ચોમાસું નીકળી ગયું. અને સ્ત્રી વિના ભાથીની અડધી જિંદગી નીકળી ગઈ આ બંનેમાં સામ્યતા જોવા મળે છે. અંતે ભાથી છત્રી અને સ્ત્રી બંનેની માયા મૂકી નિરાતે નસકોરા બોલાવતો સુઈ જાય છે. ભાથી, તિકમ અને તળશી આ ત્રણ પાત્રોની આસપાસ વિકસતી આ વાર્તાનું મુખ્ય કેન્દ્રબિંદુ તો ભાથી છે. ભાથીના જીવનનાં આંતર બાહ્ય સંઘર્ષ અને સંવેદનાની આ કથા બની રહે છે. ગામડા ગામમાં રહેતો ચાલીસ પિસ્તાલીસની વયનો વિધુર ભાથી વ્યવસાયે ખેડૂત છે. એક પછી એક પુત્ર અને પત્ની બન્ને સ્વજનોને ગુમાવી બેઠેલો છે. એકલો, અટુલો તે મનથી થાકી ગયો છે. આખો દિવસ કામ કરવા છતાં કામથી બહાર ન આવતો ભાથી થાકી હારી ખરેખર બોલી ઉઠે છે " બૈરા વનાની જીદગીમાં કશો ભલીવાર નૈ મારા ભઈ !

કાશીની સાથે વિતાવેલા સુખમય સંસારસુખના સંસ્મરણોએ ભાથીને અંદરથી હચમચાવી મુક્યો છે. જીવન સાથે 'સ્વ' સાથે અને પરિસ્થિતિ સાથે સંઘર્ષ કરતુ આ પાત્ર ખરેખર વાસ્તવિક બની રહે છે. તળશી અને

તિકમ તેને મળવા ઘરે આવે છે ત્યારે શું કામ આવ્યા છે તે વિશે ભાથી સાવધ છે. “અમણા તો આ બાબતમાં મારું મન માનતું નથી.” એમ જણાવતો ભાથી લગ્ન કરવા નથી ઈચ્છતો એવું પણ નથી. તો બીજી તરફ કાશી સાથે વિતાવેલા આટલા વર્ષાનું સુખમય જીવનને પછી સાવ અજાણી સ્ત્રી સાથે પોતે કેમનું પનારું પાડશે ? માંનાડોશાની જેમ એના ભવાડા તો નહિ થાય ને? એવા પ્રશ્નો પણ એને કોરી ખાતા હોય એમ લાગે છે. આ બધી જ બાબત પાછળ એનો કાશી પ્રત્યેનો અંતઃકરણનો ખરો પ્રેમ, ખરી સંવેદના અને લાગણી જવાબદાર હતા એમ કહી શકાય. જીવનમાં વ્યાપેલી એકલતા સાથે તાલમેલ અને આઘાતો સાથે સુમેળ સાધવાનો પ્રયત્ન કરતુ આ પાત્ર વાર્તાને વધુ સચોટ બનાવે છે. ખેતી સાથે જોડાયેલ સાવ સામાન્ય જીવન જીવતું ગાંમડા ગામનું આ દેશીપાત્ર અને એના જીવનમાં બનતી અણધારી ઘટનાઓ વાર્તાનું ચાલકબળ બની રહે છે. જે વાર્તાને જીવંત બનાવે છે. સતત આત્મસંઘર્ષ કરતુ આ પાત્ર અંતે છત્રી અને સ્ત્રી બંનેની માયા મૂકી નિરાતે સુઈ જાય છે. આ પાત્ર અને એની પ્રસ્તુતતા વાર્તાને ઘડે છે. વાર્તાનું કાઠું ઘડે છે. વાર્તાનું શીર્ષક પ્રતીકાત્મક છે ‘છત્રી’ વરસતા વરસાદમાં માણસ માટે ઢાલ બની રહેતી હોય છે. એવી જ રીતે સ્ત્રી-પત્ની પુરુષના જીવનમાં એના સુખ દુઃખમાં એના ઉતાર-ચઢાવમાં એની ખરી અધાર્ગીની બની રહેતી હોય છે. “છત્રી વિના તો કેવી રીતે ચાલે ? છત્રી તો આદમીની શોભા છે મારા ભૈ ! આ વાક્ય ઘણું સૂચક બની રહે છે. છત્રી જેમ આદમીની શોભા છે તેમ જ તેની પત્ની પણ તેની શોભા હોય છે. પત્ની માટે પ્રતીકરૂપ બનતી ‘છત્રી’ અહીં સાર્થક બની રહે છે.

વાર્તામાં બીજા બે મહત્ત્વનાં પાત્રો છે. ભાથીના બાળપણના મિત્રો તળશી અને તિકમ જેઓને ભાથીના અંગત જીવનમાં કશો જ સ્વાર્થ નથી પણ દોઢ વર્ષ પહેલા કાશીના આમ અચાનક ગુજરી જવાથી ભીતરથી તૂટી ગયેલા ભાથીની હાલત તેમનાથી જોવાથી નથી. આ બંને મિત્રો ભાથી માટે સગા ભાઈઓ જેવા છે. તળશી ભાથીને કહે છે, “ભાથી, હાચું કઉ તો વરહ દોઢ વરહથી તને એકલો ગડમથલ કરતો જોઇને મારો તો જીવ બરીને ખાખ થઇ જાય સે. શા હાતર તું આટલું બધું વેઠતો હઇશ ? લ્યાં આપડી નાતમાં કોઈ બૈરાનો દુકાળ પડ્યો સે ? મેં નં તિકમાએ આજ નક્કી કરી દીધું સક થોડા દા’ડામાં જ તારું ગમ ત્યો ગોઠવી આલવું.” (પૃ.૫૭,

આકાશગંગા) નિઃસ્વાર્થ મિત્રતાના ઉદાહરણ રૂપ તળશી અને તિકમ ભાથીના જીવનમાં ઘણા મહત્ત્વના મિત્રો છે. ભાથીને બીજા લગ્ન કરવા માટે તૈયાર કરવા માટેની કુનેહતા આ પાત્રોને આકર્ષક બનાવે છે. "ચ્હા તો બસ કાશી ભાભીની ! તારા હાથની ચ્હામાં તે કશો ભલીવાર આવવાનો ? " (પૃ.૫૪) તો 'પણ ભલા'દમી એ વાતને એટલો વખત થયો ? થવાકાર તે થઇ જ્યું, કુદરતની આગર્ય કોય આપડું ડા'પણ સાલતું હોય ? પણ આ ભાથી જેવો ભડ મોંણહ ઓમ બૈરાની ઘોડે રન્ડાયો ઓઠીને બેહી રે 'એનો અરથ શો ? (પૃ.૫૮)

ઉપરોક્ત સંવાદોમાં આપણા આ બન્ને પાત્રોની વ્યવહાર કુશળતા જોઈ શકીએ છીએ. અંતે મિત્રો આગળ ભાથી છોકરી જોવા જવા માટે સંમતી આપે છે ત્યાં જાણે આ પાત્રોની વ્યવહારકુશળ બુદ્ધિ જ વિજય થઇ હોય એમ આપણને લાગે. તળશી અને તિકમ આ બન્ને પાત્રો વચ્ચેના સંવાદોમાં આપણે તળને પ્રત્યક્ષ થતું જોઈ શકીએ છીએ. વાર્તાકારે અહીં તળજીવન, એના પ્રશ્નો, સમસ્યાઓ, સંસ્કૃતિને વસ્તુ તરીકે ઉપયોગમાં લઇ વાર્તાને કલાઘાટ આપ્યો છે. માનવ મનની એકલતા, વ્યથા, વેદના અને સંવેદના તળજીવનને તાદશ કરી આપવા માટે તળબોલી પાસેથી પણ ધાર્યું કામ લીધું છે. બોલીએ મનુષ્યના પ્રદેશ, સ્વભાવ, ભાવની ખરી ઓળખ બની રહેતી હોય છે. અહીં પણ આપણે તળપ્રદેશમાં બોલાતી રોજબરોજની બોલીના સંવાદો જોઈ શકીએ છીએ. કેટલાક સંવાદો જોઈએ તો,

"રોમ રોમથી કર્યે ઓસુ પેટ ભરાય ? રોટલો ખઈને અમણો જ બાહર આયો" (પૃ.૫૪ આકાશગંગા)

"અરે, હોધવા નેહરિયે ન ના મલ સે વાર્તામાં માત નથી તિકમાં ! આ પેલા મોના ડોહાની જ વાત કર્યું ન ! હાઈઠ વરહે બીજી વાર ઉધલ્યો  કૈ નઈ ? લય એના જેવા કરયાન મળી ર'યુ ન આપડા આવયાન ના મલ ? પણ મૂળ વાત સ મોણહનું મન મન જોયે. મન વના કાર્ય મારવા લાગણ પૈરયું જાણ્યું નથી '(પૃ.૫૫)

"લે થા ઉભો તિકમા, આપડે નમારમુંડા તે ઓઈ આઈન લવારો કર્યે જઈએ પણ આવોય ,મારો હારો મેઠો રયારનો બેઠો બેઠો બધું હામરે સે પણ મોનો કન્શો મોખ દે'સે ? ઓમ ને ઓમ હવાર સુધી બેહી રહીશું તોય કશો કાંદા કાઠવાના નથી હેંડથઇ જા ઉભો એ તો દીઠા દેવને પોચી જાતરા............! " (પૃ.૫૭)

" પણ ન ફણ કર્યા વનહોભર તો ખરો કાશીની ખોટ પૂરી હક એવી એક વાત આઈ સે મારી પોહે .હા ના કરવા ર'યો તો પેટ ભરીને પછતઈશ તિકમાં, હાયું ક નઈ ? (પૃ.૫૭)

આ સંવાદોમાં તળબોલી બળકટ અને પ્રસ્તુત બની રહે છે. અહીં પ્રયોજાયેલી કહેવતો, રૂઢિપ્રયોગો જેવી કે 'મન વગર માળવે ન જવાય, દીઠા દેવને પોંચી જાતરા, હારા કોમમાં હો વઘન, ગાજ્યા મેહ વરસે નહિ, ડોબુ ખાઈને ફોર બનવું, તો બૈરું, જંદગી, મોણહ, હવાદ, દેઈમાં, હવાર, વરહાદ, સેતરો, જેવા તળશબ્દો આર્કષક બન્યાં છે. અહીં પ્રયોજાયેલી તળબોલી તાત્કાલિક સમાજજીવનને વાસ્તવિક રૂપે પ્રગટ કરી આપે છે. ચરોતર પ્રદેશના ગ્રામ્યપરિવેશમાં શ્વસતા માનવીના જીવનસંઘર્ષ અને પરિસ્થિતિ સાથે સમાધાન સાધી સ્ત્રી વિનાનું જીવન જીવતા વેઠવી પડતી તકલીફોને અહીં આલેખવામાં આવી છે. તો પુરુષના જીવનમાં સ્ત્રીનું મહત્ત્વ અને એની માટે પ્રયોજાયેલું છત્રીનું પ્રતીક પણ એટલુ જ ઉપકારક બની રહે છે. આ પ્રદેશ એના જનજીવન, લોકવ્યવહારો, રીતરિવાજો, માન્યતાઓ, શ્રદ્ધા, અંધશ્રધ્ધા, બોલીને વાર્તાકારે સબળ અને સચોટ રીતે પ્રયોજ્યા છે. આ પ્રદેશમાં વસતા ખેડૂતો અને એમનું જીવન, સમસ્યાને અહીં વાર્તાકારે સુપેરે વ્યક્ત કરી આપ્યાં છે. ખેડૂત ભાથી એના જીવનમાં બનતી ઘટનાઓ અને એ ઘટનાઓ એના આંતર-બાહ્ય જીવનમાં જે પરિવર્તન લાવે છે. એનું જે માનસ ઘડાય છે એની વાત વાર્તામાં કરી છે. ચરોતર પ્રદેશ અને એની આસપાસની ધરતીની પ્રાકૃતિકતા, ફળદ્રુપતાને કારણે અહીં ખેતી સાથે સંકળાયેલો બહુ મોટો વર્ગ જોવા મળે છે. ધરતી સાથે જોડાયેલા આ લોકો પશુપાલન જેવા વ્યવસાયથી ઘર-ગુજરાન ચલાવતા હોય છે. પોતાની માટી સાથે જોડાયેલા આ પાત્રો અને વાર્તાના વર્ણનો ખરા અર્થમાં કલાત્મક બની રહે છે. પ્રાદેશિક જીવન જીવતા આ ખેડૂતો માટે વરસાદનું શું મહત્ત્વ હોય છે તે અહીં આલેખાયું છે. "ભાથી અચાનક છુટેલા ઠંડા પવનમાં વરસાદનો અણસાર પામી મનોમન રાજી થઇ જાય છે અને તે બોલી ઊઠે છે; બે-સાર દા'ડા મન મેલીને પડ તો હૂંકોભઠ્ઠ પડેલાં સેતરોમાં કોક જીવ આવ." (પૃ.૫૮)

ચરોતર પ્રદેશ એટલે મેદાની ફળદ્રુપ પ્રદેશ. અહીં વસતા ખેડૂતો ગામડામાં દેશીજીવન જીવે છે. તેમના પોતાના આગવા રીતરિવાજો, લોકવ્યવહારો છે. ખેતી અને પશુપાલન જેવા વ્યવસાય, પ્રકૃતિ સાથેની નિકટતા

અને પોતાની ધરતી પ્રત્યેની પ્રીતિ વાર્તામાં આલેખન પામી છે. વાર્તાનો આરંભ જ ખેતી વિષયક સંદર્ભથી થાય છે. આ પ્રદેશ આમ ખેતીપ્રધાન છે. ધરતી પ્રત્યે આસકત એવા ખેડુજીવનનું આલેખન અહીં કલાત્મક રીતે કરવામાં આવ્યું છે. ભાથી, તિકમ, તળશી જેવા પાત્રો એમના સંવાદોમાં આપણે આ પ્રદેશ અને એમા વસતા ખેડુ પરિવાર, એમના જીવન પ્રશ્નો, સમસ્યાઓનું સબળ નિરૂપણ જોઈ શકીએ છીએ. તળ સાથે જોડાયેલા આ પાત્રો એમની રહેણીકરણી, વ્યવહારો અહીં પ્રાદેશિક સંદર્ભ રચી આપે છે. લેખકે કઠોર વાસ્તવ સાથે માનવ નિયતિની સંકુલતા આલેખી છે. પુત્ર અને પત્ની બન્નેને ગુમાવી બેઠેલો ભાથી એકલસૂરો જીવન જીવ્યે જાય છે. મિત્રોના અનેકવાર સમજાવવા છતાય તે બીજા લગ્ન કરવા તૈયાર થતો નથી. પોતાની મૃત પત્ની કાશી પ્રત્યેનો તેનો સ્નેહ કેટલો વ્યાપક છે એ વાર્તામાં કળી શકાય છે.

ગ્રામ્ય વાતાવરણમાં શ્વસતા આખો દિવસ ખેતરમાં તનતોડ મહેનત કરતા ખેડૂતોના જીવન અને વ્યક્તિત્વની ગરિમાને ઉજાગર કરતુ પાત્ર ભાથી એ આ પ્રદેશમાં ખેડૂતો માટે પ્રેરણારૂપ બની રહે છે. “કાશી વિનાનું ગયું ચોમાસું યે ભારે કાઠું લાગેલું ભાથી નં.”(પૃ.પ૩) વાર્તામાં પ્રયોજાયેલું આ વાક્ય ભાથીના વાસ્તવિક જીવન અને તેના એકલસૂરાપણા, વ્યથા, વેદનાને વાચા આપતું બની રહે છે.

વાર્તાકારે સાવ દેશીજીવન અને દેશીપાત્રો દ્વારા આખો ગ્રામ્યપરિવેશ, પ્રાદેશિક સદર્ભ રચી આપ્યો છે જે આ પ્રદેશના તળવાસ્તવને તાદશ કરી આપે છે. આ પાત્રોના સંબધ, વ્યવહારો, ભાથીને છોકરી જોવા માટે તૈયાર કરવા માટેની તળશી તિકમની મથામણો, આ બધુ જ પ્રાદેશિક પરિવેશ રચી આપે છે. “ફળિયામાંના ઉખડી ગયેલા લીંપણ તરફ નજર જતા વળી પાછી એને ઓકળીઓ પાડતી કાશી સાંભરી આવી.” (પૃ.પ૩) મૃત પત્ની કાશી સાથે જોડાયેલ સ્મૃતિઓ ભાથીને ભૂતકાળમાં તાણી જાય છે. ગ્રામ્ય પરિવેશમાં શ્વસતા ખેડું પરિવારની પ્રાદેશિક જીવનશૈલી, ભાથી એનું એકલતામય જીવન એના જીવનમાં બનતી ઘટનાઓ, ઘર, ખેતરના કામો સાથે પોતાની જાતને ગોઠવવા મથતો સ્વમાની ભાથી, તો બીજા લગ્ન કરવા માટે ઉંમર ધરાવતો હોવા છતાં ક્યાંક સમાજમાં પોતાની આબરૂના ધજાગડા ન થાય એવા ખ્યાલથી ડરતો ભાથી આ વાર્તાનું હાર્દ બની રહે છે.

ચરોતર પ્રદેશ એટલે 'સોનેરી પાનનો મુલક 'આથી તમાકુની ખેતી અને એની સાથે જોડાયેલ ખેડૂતોનું પ્રાદેશિક જીવન-વાસ્તવ વાર્તામાં આલેખન પામ્યું છે. આખો દિવસ ખેતરમાં મહેનત કરવી, તમાકુમાં દેતવા ભરી ચલમ, હુક્કો, પરોઢ સુધી ભજનાનંદ લેતા આ ખેડૂત પ્રાદેશિક છે. એમના જીવનમાં આ પ્રાદેશિક રંગ અને એની આગવી ભાત ભાળી શકાય છે. ઉત્સવ પણ પ્રાદેશિકતાનું એક અગત્યનું લક્ષણ છે. આ પ્રદેશના સમાજની અને લોકોની તળપદી વિશેષતાઓ તેમના ઉત્સવો, મેળા વગેરેમાંથી પણ મળી રહે છે. અહીં વાર્તામાં ગોકળ આઠમ જેવા તહેવારોનો ઉલ્લેખ છે. જે પ્રાદેશિક જીવનને તાદશ કરી આપે છે. હળખેડુની ભાષા કેવી સમૃદ્ધ અને બળવતી હોઈ શકે તેનો નમૂના પણ આપણે અહીં જોઈ શકીએ છીએ.

"પાવાગઢની ટૂંક જેવું લાગતું એનું મન કોઈક વાર મહીસાગરના કાઠાની ભીની રેતી જેવું સહેજ અડતામાં ચૂરચૂર થઇ જાય એવું બની જતું અનુભવ્યું છે એણે." (પૃ.૫૬ આકાશગંગા)

ભાષાની સચોટતા અને બળકટતા એ સાથે પ્રાદેશિક બોલી વાર્તાને પ્રાદેશિકતા અર્પે છે. આ બોલી સાથે આ પ્રદેશનું વાસ્તવજીવન સીધું જ વણાયેલું છે. જેમ કે "ઉતાવરતો કરવી જ પડ હારા કોમમો હો વધન ઊભા થાય આ તો વિવા વાજનનું કોમ." (પૃ.૫૮ આકાશગંગા)

"આ તો મારું બેટુ ગરજ્યા મેં વરસ્યા નઈ જેવો ધાટ થયો. આ વરહાદેય  શા ચારા માંડ્યા સે ! ઓમ ને ઓમ અષાડની ચેડે શાવણે ય હેડતો થયો પસે ભાદરવાનો શા ભરુહો ...? (પૃ.૬૦)

પ્રદેશ-ભેદ આવી બોલી પણ બદલાતી હોય છે. આ તળબોલીએ તળજીવન-અસલજીવનને વાસ્તવિક રીતે રજૂ કરી આપે છે. પ્રદેશિકતાના તત્ત્વોમાં આ લોકબોલી મહત્ત્વની બની રહી છે. વાર્તામાં ભાથી તેના મિત્રો તળશી અને તિકમના મુખે ઉચ્ચારાતી તળબોલી એક આગવો પ્રાદેશિક સદર્ભ રચી આપે છે. પ્રાદેશિક રૂઢિપ્રયોગો, કહેવતો આ બધાં જ પાસા ધ્યાનાકર્ષક બની રહે છે. જે વાર્તાને પ્રાદેશિક બનાવે છે. એક વર્ણન જોઈએ, "રાત ઉકળાટભરી હતી અને ચુલા આગળ બેસી રહેવાને કારણે એનું શરીર પરસેવે રેબઝેબ થઇ ગયું હતું. પણ ફળિયામાંયે પવન ક્યાં હતો ? આગણામાનાં લીમડાનું એકે પાન હાલતું જણાતું નહોતું. વરસાદ

ખેંચાતો જતો હતો.” (પૃ.૫૩ આકાશગંગા) આ વર્ણનમાં આપણે જોઈ શકીએ છીએ કે વાર્તાકારે આખો પ્રાદેશિક પરિવેશ પ્રસ્તુત કરી આપ્યો છે. અષાઢ મહિનાનો સમય અને એમાં પણ વરસાદ ખેંચાયો છે ઘર, ખેતર, કે ગામ આખામાં કશો, ઉન્મેશ દેખાતો નથી. એવી જ સ્થિતિ ભાથીના જીવનની પણ છે. વાર્તાના અંતમાં મુકવામાં આવેલી ભાથીની સ્વગોકિત પણ એટલી જ અસરકારક બની છે. “હસીને વળી પાછો એ બબડ્યો, “ઉ ચેટલો ભોટ તે પાસો નવી સત્રીના અભરખા કરતોતો આ તે ડોબું ખોઈ ન ડફોર બનવાના ધંધા ક બીજું કોય ? આ સત્રી વના અરધું ચોમાહ નેહરી જ્યું તો બીજું અરધું નઈ નેહરે ? ઉતો માર આ ... હું તો.” (પૃ.૬૦)

ભાથીની આ સ્વગોકિત ખરા અર્થમાં એના પોતાના જીવનની સ્થિતિને પ્રગટ કરી આપે છે. જીવનમાં સંઘર્ષ કરતા કરતા એકલતા સાથે અડધી જિંદગી નીકળી ગઈ હવે શું બીજી અડધી નઈ નીકળે એમાં છત્રીની પ્રતીકાત્મકતા ચરિતાર્થ થતી જોઈ શકાય છે. ગ્રામ્યપરિવેશમાં શ્વસતા પાત્રો એમના જીવન વ્યવહારો, ટેવો-કુટેવો, વ્યસનો, ઉત્સવો અને એમની પોતાની નિજી ઓળખ એવી તળબોલી આ બધા જ તત્ત્વો ચરોતર પ્રદેશ અને એની ભાતીગળ વિશેષતાને અહીં પ્રગટાવી આપે છે.

### ૨.૪ મીઠા વગરનો રોટલો- ભગીરથ બ્રહ્મભટ્ટ

ભગીરથ ભ્રહ્મભટ્ટ વ્યવસાયે અધ્યાપક હતા. અને પ્રધ્યાયક હોવાને કારણે તેઓ સહજ રીતે બદલાઈ રહેલી સામાજિક સંરચનાની નાડ પારખી શક્યા છે. એવું તેમની વાર્તાઓમાંથી પસાર થતાં પ્રતીત થાય છે. તેમની પાસેથી બે વાર્તાસંગ્રહો મળ્યા છે. જેમાં ‘નાઈટલેમ્પ’ અને ‘મીઠા વગરનો રોટલો’ છે. અહીં ‘મીઠા વગરનો રોટલો’ વાર્તાસંગ્રહની મૂળ શીર્ષકવાળી વાર્તા ‘મીઠા વગરનો રોટલો’માં પ્રાદેશિકતાના નિરૂપણને અને એની ઉપકારકતાને તપાસવાનો ઉપક્રમ છે. પોતાના વાર્તાસર્જન અંગે સંગ્રહના ‘નિવેદન’માં તેમણે કરેલી સ્પષ્ટતા વાર્તાને માણવા પ્રમાણવામાં ઉપયોગી નીવડે તેવી છે, “મારી વાર્તાની ભોંય......ગામડાની છે. મારું પોતીકું સંવેદન ઘાટીલું કરવાનો મારો પ્રયત્ન રહ્યો છે. મારી વાર્તાઓ ભલે કોઈને વર્ણનાત્મક લાગે, ભલે રેખાચિત્રો તરફ ઢળી જતી જણાય પણ મારે તો ગ્રામ્ય પારિવારિક સંવેદનાઓ જે રીતે લુપ્ત થવા માંડી છે એના તરફ નિર્દેશ કરવો છે.” (નિવેદન, મીઠા

વગનો રોટલો) તેમના નિવેદનમાં ગ્રામ્યજીવનની સંવેદનાઓ અને વાર્તાની ભોંય ગામડાંની છે. જે વાર્તામાં પ્રાદેશિકતાનો સદર્ભ પ્રગટ કરવામાં ઘણું ઉપયોગી બની રહે છે.

વાર્તાનું કેન્દ્રબિંદુ ઉજમબા જેવા વૃદ્ધ સ્ત્રીની એકલતા અને શૂન્યતા છે. ગ્રામીણ પરિવેશમાં શ્વસતા ઉજમબાને પાડોશી રમાબહેનનો નાનો દીકરો પ્રેમલનાં લગ્નની કંકોતરી આપી જાય છે. ત્યાંથી વાર્તાનો આરંભ થાય છે. કંકોતરી ઉજમબાના સગા ભત્રીજાની છે. કોઈ વાંક-ગુનો ન હોવા છતાં ભાભી અને ભત્રીજાએ ઉજમબાને લગ્નમાં તેડાવ્યા નથી. ઉજમબા આ વાતે દુઃખી છે. આ ઘટના તેમની વેદના-સંવેદનાને ઉભારવવામાં સૂળ જેવું કામ કરે છે. મા-બાપ અને ભાઈના અવસાન પછી પિયર સાથે સાવ સંબંધ કપાઈ ગયા છે. ઉજમબા પાડોશી રમા વહુ સામે પોતાનો બળાપો વ્યક્ત કરે છે. આ ઘટનાથી તેમને ઊંડો આઘાત લાગે છે. આ આઘાતમાંથી કળ વળી નથી હોતી એટલે વ્યવહારમાં તેમનાથી ચૂક થાય છે. હાથમાંથી પવાલું છટકે છે, ચોખામાં કાંકરા રહી જાય છે અને રોટલામાં મીઠું નાખવાનું ભૂલી જવાય છે. ઉજમબાની આ માનસિક સ્થિતિથી અજાણ એવા તેમના પતિ નાનજીકાકા તેમના પર તાડુંકે છે. ત્યાં વાર્તા પૂર્ણ થાય છે. સાવ, સાદા સરળ કથાવસ્તુ દ્વારા વાર્તાકાર ભગીરથ બ્રહ્મભટ્ટે ઉજમબાની વેદના, વ્યથાને વાચા આપી છે. જ્યાં આપણે તેમની વાર્તાકળાની આગવી સુક્ષ્મ દષ્ટિને તાગી શકીએ છીએ. એક નિઃસંતાન વૃદ્ધ સ્ત્રીની એકલતા, ખાલીપાને વાર્તાકારે સચોટ રીતે નિરૂપી આપી છે. એવા આ ઉજમબા વાર્તાનું મુખ્યપાત્ર છે. કમરના દુઃખાવા જેવા શારીરિક વ્યાધિથી પીડાતા ઉજમબાના હાથમાં પાડોશી રમાવહુનો પુત્ર પ્રેમલ તેમના ભત્રીજાના લગ્નની કંકોતરી થમાવી જાય છે. ત્યારે તેમનો માનસિક સંતાપ આ પાત્રની સ્થિતિ અને વ્યથાને વાસ્તવિક રીતે પ્રગટ કરી આપે છે. ઉજમબા ગામડાં ગામનાં પ્રાદેશિકજીવન અને એમાં પુરુષપ્રધાન સત્તા સામે સતત શોષાતું પાત્ર છે. નિઃસંતાન, વૃદ્ધ અને જીવતરમાં વ્યાપેલી એકલતાથી કંટાળી તેઓ બળાપો વ્યક્ત કરતા બોલી ઉઠે છે, “બળી આ જન્દગી, છતે ધણીએ રંડાપો, વાંઝિયાપણું તો ભગવાન દશ્મનને ના આલજે... કોઈ શુકન લ્યે નહિ...બળ્યો આ અવતાર !” (પૃ.૧ મીઠા વગરનો રોટલો)

આ બળાપામાં સમાજ અને એની કડવી વાસ્તવિકતા પ્રગટ થઈ છે. સમાજ તો ખરો જ પણ જેના સાથે જીવતર જીવવા માટે સંસાર માંડ્યો છે એ પતિ તરફથી પણ તે કેટલાં દુ:ખી હશે એનો મર્મ આપણે તેમના બળાપામાં કળી શકીએ છીએ. ઉજમબાનું પાત્ર અહીં ગ્રામ્યપરિવેશ અને ગ્રામ લોકમાનસને પ્રસ્તુત કરી આપે છે. સગા ભત્રીજાની કંકોતરી પાડોશીના ઘરે આવી એ વાતની વેદના ઉજમબા માટે દુ:સહ્ય હોવા છતાં તેમના હૈયામાં ભત્રીજા માટેની હિતચિંતા અને શુભકામના જ પ્રગટે છે, " શો કળજગ આયો સે ? મને ભૂલી જ્યાં ? ભૈ બંધ-દોસ્તાર કરતાંય ફૈ જ્યાં ?....ભારે પડ્યા !!! ભૈ તારું હો ભવ હારું થજો." (પૃ.૨)

આ સંવાદમાં તેમના વ્યક્તિત્વની ગરિમા તો બીજી તરફ તેમની આંખોમાં છલકાઈ રહેતા આંસુમાં આપણે તેમની મનોવેદનાને પામી શકીએ છીએ. લાપસીનું ગળપણ તો ઉજમબાના નસીબમાં જ નથી. મીઠા વગરના રોટલા જેવું જ તેમનું જીવન છે. અહીં અલૂણો રોટલો એ ઉજમબાના જીવનનું પ્રતીક બની રહે છે. ઉજમબાને પતિ નાનજી, પાડોશી રમાવહું કોઈ પાસેથી હુંફ મળતી નથી. તેથી જીવનની ઢળતી ઉમરે પહોંચેલા તેમને બાળપણનો સખા ચંદુ કાટ અને એની સાથે વિતાવેલા એ સમયના સંસ્મરણો તાજા થાય છે. ભત્રીજાના લગ્નની કંકોતરી ન આવવાથી વ્યથિત ઉજમબાની મન:સ્થિતિ શું હશે? એ સમજાવવાને, હૂંફ આપવાને બદલે નાનજીકાકા તેમને રોજની જેમ જ ગાળો ભાંડે છે. તત્કાલિન સમાજ જીવનની સ્થિતિ અને વાસ્તવને પ્રગટ થતું આપણે અહીં જોઈ શકીએ છીએ. ગ્રામ્ય સમાજજીવનમાં ઉજમબા જેવી નિ:સંતાન એવી કેટલીક સ્ત્રીઓ સમાજ પતિ, ઘર, કુટુંબ તરફથી મળતો ત્રાસ એકલતા અને સંતાપમાં આખો જન્મારો કાઢતી હશે. ઉજમબાનું પાત્ર આ બધી જ સ્ત્રીઓની દશા, વ્યથાનું દ્યોતક બની રહે છે. મોટી ઉમરે પણ ડરથી સાચું ન બોલી શકતી સ્ત્રીની મૂકવેદનાને વાસ્તવિક રીતે અહીં આલેખવામાં આવી છે. પતિનો આકરો સ્વભાવ, ફૂઆના અણગમતા વેણથી નારાજ ભત્રીજાએ કાપી નાખેલો ફોઈ ફૂવો સાથેનો વહેવાર, કંકોતરીમાં કુટુંબીઓના નામની યાદીમાં પોતાના બાળપણના સાથી ચંદુકાટ સાથેના મીઠા સબંધની સ્મૃતિઓ અને વહાલ સોયા ભાઈના અવસાન પછી ભાભી અને ભત્રીજા સાથેના સબંધોમાં કડવાશ આ બધી જ બાબતોને આપણે ઉજમબાના બળાપામાં વ્યક્ત થતી જોઈ

શકીએ છીએ. ચંદુકાટ સાથેનો મીઠો સંબંધ જીવનનાં આ પડાવે પણ તાજો થાય છે એની પાછળ પણ જવાબદાર પતિ એનો સ્વભાવ છે. કોઈપણ સ્ત્રીને ખરી હૂંફ પોતાના પતિ તરફથી મળતી હોય છે. જે ઉજમબાને પતિ નાનજી તરફથી નથી મળતી. સગા-સંબધીઓમાં પણ તેમનો સગો ભત્રીજો તેમને લગ્નમાં આમંત્રણ ન આપી ટાળે છે. સમયમાં પ્રવાહ સાથે ઘસાઈ ગયેલા લોહીની સગાઇ ધરાવતા સ્વજનો સાથેના સ્મૃતિશેષ સંબધો અલૂણા રોટલા જેવા બેસ્વાદ બની જાય ત્યારે તેની વેદનાનો ભાર જીરવવો બહુ દોહ્યલો થઇ પડે છે એ વાત અહીં ઉજમબાનું એક વાક્ય કહી જાય છે, "હાવ હાંચી વાત છે, રોટલામાં મેઠું જ નથી! ઉજમબાનું જીવન પણ મેઠા વગરના રોટલા જેવું જ છે. એમના જીવનની આ વાસ્તવિક સ્થિતિનું અહીં સચોટ આલેખન થયું છે.

વાર્તાના પરિવેશ અને વાર્તાના પોતને ઘડવામાં ઉપયોગી બનતું ઉજમબાના પડોશી રમાવહુ વાર્તાનું બીજું મહત્ત્વનું પાત્ર છે. રમાવહુનો પુત્ર પ્રેમલ ઉજમબાને તેમના ભત્રીજાની કંકોતરી આપી જાય છે. અભણ ઉજમબા કંકોતરી વંચાવવા રમાવહુ પાસે જાય છે. તે ઉજમબાને ચા-પીવડાવે છે અને ઉજમબાના પ્રશ્નોના ઉત્તર પણ આપે છે. પણ ક્યાંક સહાનુભૂતિનો સૂર સંભાળાતો નથી. તે એક પણ શબ્દ ઉજમબાને આશ્વાસન આપે એવો બોલતી નથી. અને આથી જ તેની સામે બળાપો ઠાલવ્યા પછી પણ ઉજમબાના ચિત્તને શાંતિ વળતી નથી. વાર્તામાં તેના પ્રશ્નો જોઈએ તો આ વાત વધુ સ્પષ્ટ થઇ શકશે.

" તે ઉજમબા તમારે કંકોતરી ચ્યમ ના આઈ ? તે તમારે કઈ વાકું પડેલું ? તે તમારા, ભાભી છોકરાને કશું ના કરે ?

ઉપરોક્ત પ્રશ્નોમાં આપણે રમાવહુના ખરા વ્યક્તિત્વ અને સ્વભાવને પામી શકીએ. એક સ્ત્રી જ સ્ત્રીની વેદના વ્યથાને સમજી શકે અને તેને મદદરૂપ થાય એવી સ્થિતિ માટે વિવેચક ડૉ.ભરત મહેતા 'સિસ્ટરહુડ' સંજ્ઞા પ્રયોજે છે. અહીં તો રમા જ ઉજમબાને પોતાના દીકરા પાસે કંકોતરી પહોંચાડીને બળતામાં ઘી હોમવાનું કામ કરે છે. સમાજમાં રમાવહુ જેવા લોકો હોય જ છે જેમને બીજાના અંગત જીવનમાં વિશેષ રસ હોય છે. જે બીજાના જીવનનાં પ્રશ્નો, સ્થિતિ જાણીને એનો આનંદ માણતા હોય છે. સામે વાળાની માનસિક સ્થિતિની લિજજત

લેતા આ લોકોને જાણે રમાવહુનું પાત્ર પ્રસ્તુત કરી આપતું લાગે છે. પાડોશી ધર્મને વિસરતું આ પાત્ર ગ્રામ્યજીવન, ગ્રામ્યવાસ્તવને પ્રગટ કરે છે. તત્કાલીન ગ્રામ્યજીવનનું પ્રતિનિધત્ત્વ કરતુ પાત્ર છે ઉજમબાના પતિ નાનાજીકાકા. સ્વભાવે આકરા છે. ઉજમબાના સગા ભત્રીજાના લગ્નની કંકોતરી નથી આવી એની પાછળ જવાબદાર નાનાજીકાકાના બે વેણ જ છે. "આ ઘર ઉઘાડુંફક્ક મેલીને ગ્યો જૈતી?" કહી ઉજમબા પર તાડુકતા નાનજીકાકા તત્કાલિન ગ્રામ્યજીવનમાં ઢળતી ઉમરે પહોંચેલા પતિનો પણ સ્ત્રી પર કેવો દબદબો હોય છે એ વાસ્તવિક સ્થિતિ સુપેરે સ્પષ્ટ કરી આપે છે. આટલી ઉંમરે  પણ ઉજમબા ડોસાથી બીવે છે. વાર્તાના કેટલાક સવાંદો જોતા આ પાત્રના વ્યક્તિત્વને આપણે પ્રમાણી શકીએ.

"ખીચડી ખાતાખાતા નાગજીકાકાએ ઉજમબાને કહ્યું- "હવારનો ભૂસ્યો છુને આ ખીચડીમાં તો કરકર આવે છે !
"તું ખૈ જો ભાળતી ના હોય તો કોકની પાહે વેણાવતી હોઈ તો?

આ સંવાદોમાં આપણે નાનાજીકાકાના વ્યક્તિત્વનો તાગ મેળવી શકીએ છીએ. પોતાની પત્નીની વેદના-વ્યથાને સમજવાને બદલે એના પર તાડુકતું આ પાત્ર ગ્રામ્યવાસ્તવને રજૂ કરે છે. ગ્રામ્યપરિવેશમાં શ્વસતા પાત્રો, ગ્રામ્યજીવન અને એની વાસ્તવિકતાનું સબળ આલેખન પ્રાદેશિક બની રહે છે. વાર્તામાં બોલી અને ભાષાનું સમાયોજન વાર્તાને વધુ આર્કષક બનાવે છે. ચરોતર પ્રદેશના ગ્રામ્યવિસ્તારની તળબોલીનો સર્જનાત્મક વિનિયોગ એ સાથે તળશબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતોનો યથોચિત્ત ઉપયોગ વાર્તામાં વિશેષ બન્યો  છે. પાત્રોની બોલી લહેંકો-લઢણો નોંધપાત્ર બની રહે છે. રૂઢિપ્રયોગો એ લોકબોલીનું એક સબળ અંગ છે. ઉજમબાની મનોદશાના સંવેદનોને તીવ્રપણે નિરૂપી આપવા વાર્તાકારે રૂઢિપ્રયોગો, કહેવતોનો વિનિયોગ કરી બોલીની તાકાતનો શકય એટલો લાભ ઉઠાવ્યો છે. તો લે, બુન, અબ્બી, બળી, જેવી બોલચાલની લઢણ-લહેંકાવાળા લાક્ષણિક શબ્દો બોલીની સહજતા, સરળતા અને અર્થ ચમત્કૃતિનો અચ્છો પરિચય કરાવ્યો છે. સાથોસાથ આવા શબ્દો વાપરી પ્રત્યક્ષતા આપી તળપદનું વાતાવરણ ખડું કરી આપ્યું છે. છેડો ફાડી નાખવો, હગઈ વાઢી નાખવી, ધૂળ કાઢી નાખવી, આગનો ભડકો હોવું, જેવા રૂઢિપ્રયોગો તો 'ગોળમાંથી ગળપણને હગામાંથી હવાદ જવો' 'નેવેના પાણી મોભે ચઢાવવા'

જેવી કહેવતો તળબોલીની ચમત્કૃતિને પ્રત્યક્ષ કરી આપે છે. થોડાક ઉદાહરોણો જોતા આપણે આ તળબોલી અને એની અર્થચમત્કૃતિ અનુભવી શકીશું.

"બુન મેલ્યને વાત, ને જ્યાં ચેડે વળી ભોજઇ તો હગી થતી હશે ? એ તો ભૈ હતા ત્યારેય ચૈણબૈંણ કરતી'તી. જોકે ભૈની બીકે દબાઈ-ચંપઈ ઇના મનનુય કરતી પણ હવે તો એને રાજપાટ મળી જ્યું ! હવે તો કેનાર કુણ રહ્યું ? મુ કોણનો વેવાર ! ગોળમાંથી ગળપણ અને હગામાંથી હવાદ જ્યો." (પૃ.૧૮૮ ૧૯૯૭ની શ્રેષ્ઠ વાર્તાઓ)

" બુન કંકુતરીમાં ચિયા-ચિયા કટમીના નોમ લસ્યા તા ? ( પૃ.૧૮૯)

આ ઉદાહરણોમાં આપણે બોલીની બળકટતા સાથે ઉજમબાની મનોદશાને વ્યક્ત થતી જોઈ શકીએ છીએ .તળબોલીનો લય-લઢણ, કાકુ વાર્તાને એક નવી મીઠાશ આપે છે. વાર્તાનું કથાવસ્તુ ચરોતર પ્રદેશની આસપાસના ગ્રામ્યપરિવેશનું છે. આ પ્રદેશ અને એનું લોકજીવન, વ્યવહાર, પ્રશ્નો, વેદના, વ્યથા, લોકમાનસને અહીં વાચા આપવામાં આવી છે. સાવ સાદા વિષયવસ્તુ દ્વારા જીવન, સામાજિક સદર્ભ વાર્તાને વધુ કલાત્મક બનાવે છે. આ પ્રદેશ ભૌગોલિક રીતે મેદાનપ્રદેશ છે. આથી અહીંના મોટાભાગનાં સ્થાનિક લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી અને પશુપાલન પર નભતા એવા ખેડૂત પરિવાર એની રહેણીકરણી અને એના વ્યવહારો અહીં લાવતા ઉજમબા, ખેતીકામ સાથે સંકળાયેલા નાનાજીકાકા આ પાત્રો અને એમના વ્યવહારો પ્રાદેશિક સંદર્ભ રચી આપે છે. વાર્તાના આરંભમાં જ ઉજમબા પોતાના જીવતરનો બળાપો વ્યક્ત કરતા કહે છે " બળી આ જન્દગી, છતે ધણીએ રંડાપો, વાંઝિયાપણું તો ભગવાન દશ્મનને ના આલજે....કોઈ શુકન લ્યે નહિ....બળ્યો આ અવતાર !" (પૃ.૧૮૬)

ઉજમબા નિઃસંતાન છે વાંઝિયાપણું એમના માટે ઘણું કઠીન છે. ગામડા ગામમાં જોવા મળતી અંધશ્રદ્ધા મુજબ તેઓ વાંઝણી સ્ત્રીના શકન લેતા નથી. ઉજમબાને પણ આ રૂઢ માનસિકતા અને જડત્ત્વનો ભોગ બનવું પડ્યું છે. આખું જીવન તો વાંઝિયાપણામાં કાઢ્યું. બીજી તરફ સમાજ તરફથી પણ આવો તિરસ્કાર પામતું આ

પાત્ર ગ્રામીણ સમાજ અને એની માનસિકતાને પ્રગટ કરી આપે છે. આ પ્રદેશના ગ્રામ્યજીવનમાં જોવા મળતી આવી માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ, રૂઢિઓ પ્રાદેશિકતાના તત્ત્વને ઉજાગર કરી આપે છે. પ્રદેશભેદે રિવાજો પણ બદલાતા હોય છે. વાર્તામાં ઉજમબા કહે છે "છોટા અમથાનું ઘરતો નેચા ગોળનું કે'વાય બુન !" અહીં સગપણ કે લગ્ન કરવા માટે સામસામે ગોળ જોવાતા ગોળ જોઇને જ લગ્ન સંબંધો બાંધવામાં આવતા આવો રિવાજ પણ પ્રાદેશિક બની રહે છે.

આ પ્રદેશના ગ્રામ્યજીવનમાં શ્વસતી જીવનની ઢળતી ઉમરે પહોંચેલી ઉજમબા જેવી અનેક સ્ત્રીઓને પુરુષોથી ડરી ડરીને જીવવું પડે છે. પોતાના સગા ભત્રીજાએ એના લગ્નમાં ઉજમબાને કંકોતરી નથી મોકલી એ વાત નાનજીકાકાને કહેતા તે ડરે છે. ઉજમબાની આ વાસ્તવિક સ્થિતિ આ પ્રદેશના ગામડાની સ્ત્રીઓની વેદના, વ્યથાને માટે વાચારૂપ બની રહે છે. પિયરના વિચારોમાં ડૂબેલા ઉજમબા ભત્રીજાના લગ્ન સાથે દહેજ વિશે પણ વાત કરે છે જે પ્રાદેશિક બની રહે છે. છોકરીના બાપ પાસેથી દહેજ લેવાનો રિવાજ આજના સમયમાં જોકે નાબૂદ થઇ ચુક્યો છે. છતાંય કયાંક હજુ પણ આ પ્રથા ચાલું છે. જેને લીધે કેટલાય લગ્નો ટૂટે છે. ગામડાં ગામનું સાવ સીધું સાદું ભોળું દેશીપાત્ર ઉજમબા પોતાના સગા ભત્રીજાએ લગ્નમાં આમંત્રણ નથી આપ્યું છતાંય "તારું હો ભવ હારું થાજો." એવા શુભાશીષ જ આપે છે. મનમાં દુઃખ છે આંખમાં આંસુ છે પણ વ્યક્તિત્વની ગરિમા આ પાત્રને ખરા અર્થમાં ગૌરવશાળી બનાવે છે. વાંઝિયાપણાને લીધે સમાજ તરફથી, પોતાના પતિ તરફથી તો ઉજમબાને વેઠવું જ પડ્યું છે પણ જેમની સાથે લોહીની સગાઇ છે સાચા સંબંધો છે એવા ભત્રીજો-ભાભી પણ તેમની લાગણીને સમજી શકતા નથી. વાર્તાના આરંભથી જ સતત જીવનમાં શોષણનું ભોગ બનતું આ પાત્ર એની વ્યથા, વેદના આ પ્રદેશની સ્ત્રીઓની સ્થિતિને અને ચરોતરના ગ્રામીણ સામાજિક વાસ્તવને ચરિતાર્થ કરી આપે છે. જે પ્રાદેશિક બની રહે છે.

વાર્તા પરિવેશપ્રધાન છે. ગામડાં ગામનું વાતાવરણ વ્યવહાર, બોલી, રિવાજો, ખાનપાન આ તત્ત્વો પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે. એક વર્ણન જોઈએ તો, "સુતા સોરવાયું નહિ, ઉઠીને પાછા ફળિયા તરફ જોઈ

રહ્યો. સામી વાડની કણજીઓ પીળી નમૂળી વેલથી ઢંકાઈ ગઈ હતી. લીલપ વિનાનું આખું ફળિયું વાદળિયા તાવમાં પીળું પચરક લાગતું હતું તે જાણે જીરવાતું ન્હોતું." (પૃ.૧૮૫) આ વર્ણનમાં આપણે ગ્રામ્યપરિવેશ અને એમાં ફળિયાનું વર્ણન જોઈ શકીએ છીએ. જે પ્રાદેશિક સદર્ભ રચી આપે છે. બીજું એક વર્ણન જોઈએ, "સાંજે કરામાં લાકડામાં માટે ગયા કાળી કંથેરના જાળામાં હોલીએ માળો બાંધીને ઈંડા મેલેલા. એ જોઇને ઉજમબા પાછાં વિચારે ચઢ્યા. કપાયેલી ડાળ જેવા હાથને સામે લાકડામાં પડેલા વઢાયેલા થડ જેવા પોતે હવે બધું સુક્કુખખ."(પૃ.૧૮૯).

ભાષાકર્મ દ્વારા જે ચમત્કૃતિ અહીં સર્જાઈ છે તે પ્રસંશનીય છે. વાર્તામાં પ્રાદેશિક તત્ત્વોને જીવંત કરી આપનાર છે આ પ્રદેશની તળબોલીનો વાર્તામાં થયેલો અનિવાર્ય વિનિયોગ. વાર્તાકારે અહીં પ્રાદેશિક બોલી પાસેથી ધાર્યું કામ લીધું છે. તળબોલી એનો લય-લહેંકો ચરોતર પ્રદેશ અને એના લોકજીવનને તાદશ કરી આપે છે. વાર્તામાં પ્રયોજાયેલી કહેવતો, રૂઢિપ્રયોગો ઉપરાંત તળશબ્દો જેવા કે જન્દગી, ગોમ, હગઈ, કટમી, હાથગૈણું, આ બધું જ બોલીની વિશેષતા અને ચમકૃતિ સર્જી આપે છે. જે વાર્તામાં પ્રાદેશિક વાતાવરણને ખડું કરી આપે છે. આ તળબોલી, આ પ્રદેશ અને તેના ગ્રામ્યપરિવેશ, વાસ્તવિકતાને તાદશ કરી આપવામાં કારગત નીવડી છે. ચરોતર પ્રદેશના પ્રાદેશિક રીતરિવાજોનું સહજ આલેખન જેમ કે દહેજ લેવું, ફૈ તરીકે હાથગૈણું મોકલાવવું, લગ્ન કંકોતરીમાં કુટુંબીઓના નામ લખાવવા આ બધું પ્રાદેશિક બન્યું છે.

ચરોતર પ્રદેશ અને આ પ્રદેશનું લોકજીવન, લોકવ્યવહારોને ચિત્રિત કરવામાં વાર્તાકાર સફળ રહ્યો છે. ઉજમબાનું પાત્ર હોય કે રમાવહુનું કે નાનજીકાકા આ આખી પાત્રસૃષ્ટિ આ પ્રદેશમાં વસતા ખેડું પરિવાર એના વ્યવહારો અને એની મનઃસ્થિતિને સ્પષ્ટ કરી આપે છે. 'ભીના આવજે' શકન જોઈ હંચરજો રે.....જેવું લગ્નગીત ખરા અર્થમાં પ્રાદેશિકતાને પ્રગટ કરી આપે છે. વાર્તાનું શીર્ષક પ્રતીકાત્મક બની રહે છે. 'મીઠા વગરનો રોટલો' જેમ અલૂણો બેસ્વાદ હોય છે એવું જ ઉજમબાનાં જીવનમાં પણ ખારાશ પ્રસરેલી છે. ઉજમબાના જીવનસંઘર્ષને રજૂ કરતો આ સંવાદ જોઈએ.

" ઉજમબાએ ઝટ-ઝટ ચોખા-દાળ ભેગા કરવા માંડ્યા. ડોસા ઉભા થઇ અંદર આવે ને જોઈ જાય તો ? ઉજમબાએ ફક કરતી ફૂક મારી દીવો ઓલવી નાખ્યો. અંધારે જ ચોખાદાળ ભેગાં કર્યા .

ચ્યમ પાછુ અંધારધબ્બ થૈ જ્યું !"ડોસાએ પૂછ્યું.

એ તો આ હાવૈણી ઝાપટ અડી એટલે......લ્યો દીવો કરું છું. પોતાનો બચાવ કરતા ઉજમબા બોલ્યા."

ખીચડી ખાતા-ખાતા નાનજીકાકાએ 'હવારનો ભૂસ્યો છુ ને આ ખીચડીમાં તો કરકર આવે છે !"

'તમારે બધું આવશી !"

'તું ખૈ જો ભાળતી ના હોય તો કોકની પાહે વેંણાવતી હોય તો ? ' ડોસાએ ભારે અવાજે કહ્યું. નાનજીકાકા કોળિયો ખાઈને ઉભા થઇ ગયા. ઉજમબાએ કોળિયો મોઢાંમાં મેલ્યો. એમને પણ એવો જ અનુભવ થયો. એટલે નાનજીકાકાને કહેવા લાગ્યા 'હું તમને રોટલો હાલ ઘડી આલું છુ'

' નહિ ખાવો' -ડોસાએ મિજાજભેર કહ્યું."(પૃ.૧૯૧)

ઉપરોક્ત સંવાદમાં આપણે ગ્રામ્યપરિવેશમાં શ્વસતા દેશીજીવન જીવતા પાત્રોની વાસ્તવિક સ્થિતિનો તાગ પામી શકીએ છીએ. પુરુષપ્રધાન સમાજના શોષણ સામે લાચાર એવા ઉજમબાની જીવનની ઢળતી ઉંમરે પણ આ સ્થિતિ છે. આ માત્ર ઉજમબા પૂરતી વાત નથી ગામડા ગામમાં વસતી આવી અનેક સ્ત્રીઓની વાસ્તવિક સ્થિતિને ચરિતાર્થ કરતું આ પાત્ર બની રહે છે. પ્રદેશ અને પ્રદેશમાં વસતા લોકોના વ્યવહારો તો એમનો નીજી મિજાજ પણ આપણે અહીં અભિવ્યક્ત થતો જોઈ શકીએ છીએ. વાર્તામાં મહત્ત્વનું વાક્ય "હવ હાચી વાત છ રોટલામાં મેઠું જ નથી" એ ખરા અર્થમાં વ્યંજનાસભર અને પ્રતીકાત્મક બની રહે છે. ઉજમબાના જીવનમાં પણ અલૂણા રોટલા જેવી જ સ્થિતિ છે. સમગ્ર વાર્તામાં ઉજમબાનો મનોસંઘર્ષ તેમના વ્યક્તિત્વને પણ ઉજાગર કરી આપે છે. સમગ્ર રીતે જોતા ગ્રામ્ય પરિવેશમાં તેમના લોકજીવનમાં બનતી સાવ સામાન્ય ઘટનાને કથાવસ્તુમાં ગૂંથી વાર્તાનું કાઠું ઘડવામાં આવ્યું છે. જેમાં ખેડૂત પરિવારની આખી પાત્રસૃષ્ટિ છે. આ પાત્રોના મુખે બોલાયેલ બોલી તેમનું પ્રાદેશિક જીવન, જનસ્વભાવ, વ્યવસાય, આ સ્પષ્ટ રીતે રજૂ કરી આપે છે. વાર્તાના પાત્રોના મુખે બોલાયેલ

તળબોલી પ્રાદેશિક પરિવેશ રચી આપે છે. આ ઉપરાંત પ્રાદેશિક રીતરિવાજો, પરંપરાઓ, માન્યતાઓ આ બધાં જ તત્ત્વોમાં આપણે પ્રદેશિક્તાને ઉજાગર થતી જોઈ શકીએ છીએ.

આમ, અહીં ચરોતર પ્રદેશ અને એની આસપાસના ગ્રામ્યજીવન આ પ્રદેશમાં રહેતા લોકોના સ્વભાવ, સ્વમાન, પ્રકૃતિ, સામાજિક વ્યવહારો, ખાનપાન, રહેણીકરણી, વ્યવસાય, ભાષા આદિનું વાસ્તવિક નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પ્રદેશ અને એની પ્રાદેશિક ખાસિયતો આ લોકોના વ્યવહારો, રિવાજો અને અહીંના સમાજમાં જોવા મળતી અંધશ્રધ્ધા, સ્ત્રીઓની સ્થિતિ આ સર્વે પાસાંઓમાં પ્રગટ્યા છે. જેમાં પ્રાદેશિકતાનું તત્ત્વને પ્રગટ્યું છે.

## ૨.૫ રાતવાસો – મણિલાલ હ. પટેલ

મણિલાલ હ.પટેલ તળ સાથે જોડાયેલા સર્જક છે. વતનની માટી સાથેનો તેમનો સંવેદનાતંતુ ઘણો મજબુત છે. વતન, ગામ, એનો પરિસર, એના લોકો તેનો સર્વ રૂપરંગ તેમની રંગોમાં ધબકી રહ્યો છે. તેમની વાર્તાઓમાં ગ્રામ્યજીવન એની તમામ લાક્ષણિકતાઓ અને મર્યાદાઓ સહિત પ્રગટ થયું છે. એમની ભાષામાં તળપદ બોલીની ફોરમ અને બળકટતા છે. 'રાતવાસો' એ તેમનો પહેલો વાર્તાસંગ્રહ છે. જેને ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિત મળેલ છે. 'રાતવાસો'ની વાર્તાઓમાં એક તરફ સામાજિક સંદર્ભ તો બીજી બાજુ શરીરરાગની સંકુલતાનું નિરૂપણ કરતી વાર્તાઓ સમાવવામાં આવી છે. આ વાર્તાઓ સંવેદનોની સંવેદનાઓને ગૂંથતી અને સામાજિક નિસબતને ઉજાગર કરતી વાર્તાઓ બની રહે છે. અહીં 'રાતવાસો' વાર્તાસંગ્રહની મૂળશીર્ષકવાળી વાર્તા 'રાતવાસો' માં પ્રાદેશિક્તાને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે. વાર્તામાં પ્રાદેશિક રંગો, પ્રાદેશિક તત્ત્વો કેવા ઉપકારક બની રહે છે તે જોઈએ.

વાર્તાનું કથાવસ્તુ જોઈએ તો વાર્તાની મુખ્યનાયિકા વાલી છે. રૂપે સુંદર અને યુવાન વાલીના સંઘર્ષમય જીવન અને તેની મનોદશા વાર્તાને વધુ વેગીલી બનાવે છે. ઘરના વાડા પછવાડે રહેતા રમણ સોનીને વાલી દિલ

દઈ બેસે છે. વાલીની મા શાંતા અને દીકરીના દેહદિલનો વલોપાત અહીં કલાત્મક રીતે ચિત્રાયો છે. વાડામાં જ કરાતી પૂળાની ઓગલીઓની ભીતર શાંતા અને વાલી બંનેએ પોતપોતાની રીતે દેહની ઝંખનાને સંતોષી હતી. દીકરીને એમ જ દિવસો રહી જાય છે. પિતાના અકાળ અવસાનને કારણે નાનપણમાં જ સગપણ/સંબંધને સાચવી લેવાની અને પતિ નાથાએ આપેલા વેણને ન ઉથમવા માંગતી શાંતાએ કાચી વયે વાલીના લગ્ન કરાયેલા, વાલીનો પતિ શંકર અણઘડ છે. અને દેખાવે પણ શ્યામ છે. દીકરી ચતુર અને સુઝાણ છે. પેટનું પોત પ્રકાશે એ પહેલા જ વાલી સાસરે જઈ બે રાત રોકાઈને આવે છે. સાસરીમાં વાલીને કોઈ કમી નથી કહ્યાગરો પતિ છે અને સસરો ન્યાતનો આગેવાન છે. સમૃદ્ધ ખેતી અને સાસુ વગરનું ઘર એ ધારે ઈચ્છે એ જ ઘરમાં થાય એક બુમ મારેને એકવીસ દોડે એટલી સાહ્યેબી છે. અને એમાં વળોટ લઈને દીકરા રાકેશ સમેત વાલી પાંચ વર્ષે પિયરમાં આવી છે. એક માત્ર મંશા છે મનના માનેલાને મળવાની. દીકરાની મો'રખણ એને દેખાડવાની પણ એ નથી ફળતી. ઓગલીઓમાં જઈને વાલી ન જાણે કેટકેટલું સંવેદે છે, સંતાપે છે ને પાછી હતાશ હૈયે ચાલી જાય છે. એક જ 'રાતવાસામાં જીવતરનું ભાથું ભેલાઇ જાય છે સાંસરમાં એને શું નથી? બધું જ છે સુખ સાહ્યેબીની રેલમછેલ છે. પણ એ માને કહેતી જાય છે " ભોયથી ભૂખ નથી ભાંગતીને કાયાનો દીવો ઓલવાતો નથી. ના હવે અહીં રહેવું નથી કહી દદડતી આંખે વાલી જતી રહે છે. આ વાર્તાનો અંત છે. પતિનું અણઘડપણું અને ગામના રમણ સોની સાથેનો મુગ્ધપ્રેમ એને જંપ લેવાદેતા નથી. વાલીના ભીતરના પડો અને એના મનની સુક્ષ્મતાઓને તાગતી આ વાર્તા સચોટ અને સબળ બની રહે છે.

મણિલાલ આ વાર્તામાં સામાજિક વાસ્તવનો પરિચય કરાવે છે. એ માટે અહીં યથોચિત્ત પાત્રસૃષ્ટિ આલેખી છે. વાર્તાનું કેન્દ્રબિંદુ વાલી અને એનું મનોજગત છે. સમાજના રૂઢ નીતિ-નિયમો અને રિવાજોનું ભોગ બનતું આ પાત્ર અને એની સંવેદના વાર્તાનું ચાલકબળ બની રહે છે. નાનપણમાં જ પિતા નાથાએ પૈસાદાર, આબરૂદાર ઘરમાં વાલીની સગાઇ કરી નાંખી હતી અને પતિનું વેણ ન ઉથામવા માંગતી વાલીની મા શાંતાએ તેના કાંચી વયે લગ્ન કરાવી દીધેલા. શ્યામ અને જરાય ઘાટીલો નહિ એવો જમાઈ શંકર વાલીને આર્કષી શક્યો

નહોતો. કરણ કે વાલી પહેલાથી જ તેના ગામના રમણને દિલ દઈ બેઠી હતી. વાલીની સુંદરતા દેહ-સૌષ્ઠવનું વર્ણન જોઈએ તો, "અડીએ તો ડીલે ડાઘ પડે એવી કાયા. વાલીને જોનારા કહેતા વાણિયા બામણને ઘેર મોકલવા દૈવે એને ઘડી હશે. પણ નાથાભાઈને ઘેર ભૂલી પડી જઈ." (પૃ.૭૧ રાતવાસો)

વાડામાં ગોઠવેલી ઘાસની ઓગલીઓની ભીતર વાલીએ પોતાની દેહ-ઝંખના રમણ સાથે માણી હતી. અને તેને દિવસો રહી ગયેલા. વાલી ચતુર છે તે તરત જ માંદા સાસુની ખબર કાઢવા સાસરે જઈ બે રાત રોકાઈને આવે છે. પાંચ વર્ષે પિયર આવવા પાછળની તેની મંશા તો રમણને જોવાની મળવાની છે. રાકેશને બતાવવાની છે પણ એ ફળતી નથી. વાર્તામાં આરંભમા જ પાંચ વર્ષો પછી પિયરમાં આવેલી વાલીની મનઃસ્થિતિનું વર્ણન લેખકે કર્યું છે. તે જોઈએ, "વાડામાં વાલી સુનમુન બેઠી છે. વાલીના સુકા હોઠ અને કોરા ગાલ પર ઝણઝાણાટી ઊઠતી હતી. અંદરથી તળે ઉપર થઇ જતી વાલી ખાસ્સી ઉદાસ દેખાતી રહી, શાંતા સમજી નહિ કે વાલીની આંખ આજે વળીવળીને પલળી કેમ જતી હતી ? પાંચ વર્ષના લાડકા દીકરા રાકેશને લઇ બપોરે એ બાને મળવા પિયરમાં આવી છે. હળવી ફૂલ વાલીના શ્વાસ શાંતાને ઉના નિસાસા જેવા વર્તાયા હતા." (પૃ.૬૮ રાતવાસો) આ વર્ણન વાલીની મનોદશા અને એની આંતરસ્થિતિને પ્રત્યક્ષ કરી આપે છે. સુખ સાહ્યેબીથી ભરપુર સાસરૂ હોવા છતાં વાલી દુઃખી છે. તે કહે છે "ખાવા પીવાનું કે પહેરવાનું ઓઢવાનું દુઃખએ દુઃખના કહેવાય. અદકું દુઃખ મનનું. કાયાનો દીવો ઓલવાઈ જતો નથી." (પૃ.૭૨)

સમાજના વ્યવહારો, હૂડભુડ પતિ શંકરને આણાંની ચિંતા વાલીને અંદરથી વલોવી નાખે છે. રમણ પ્રત્યેનો અનુરાગ એને અંદરથી ઝંપવા દેતો નથી. વાલીનો મનોસંઘર્ષ અને એની મનઃસ્થિતિ તેને વાર્તામાં વધુ સબળ પાત્રરૂપે પ્રસ્થાપિત કરી આપે છે. સ્ત્રીની આંતરછબીને અભિવ્યક્ત કરતુ આ પાત્ર વાર્તાનું પ્રાણવંતુ પાત્ર બની રહે છે. સ્ત્રીને કુટુંબ, સમાજ, ધર્મ અને સંસ્કૃતિએ ઊભા કરેલા નીતિ-નિયમો રીત-રિવાજો, વડે એક ઓળખ મળે છે. આ નીતિ-નિયમો, રીતરિવાજોને સ્ત્રીએ વફાદાર બનીને રહેવાનું હોય છે. તો ક્યારેક તેને ઝઝૂમવાનું પણ

થતું હોય છે. જે તેના જીવનને છિન્ન-ભિન્ન કરી નાખે છે. નિર્જીવ બનાવી દે છે. જીવનરસથી અતૃપ્ત આવી સ્ત્રી પોતાના જીવનરસને દબાવી મુકે છે. આ વાતને ચરિતાર્થ કરતુ પાત્ર 'વાલી' બની રહે છે.

વાલીની મા શાંતા સમાજ તેના નીતિ-નિયમો અને વ્યવહારનું ભોગ બનતું પાત્ર છે. અને એનું જીવન સઘર્ષમય છે. વાલીના કાચી વયે લગ્ન કરાવવા પાછળ પણ શાંતાનો મુખ્ય આશય એ જ હતો કે આબરૂદાર ઘરમાં દીકરી પરણાવવાથી દીકરીના નામે ક્યારેય ચિંતા ન કરવી પડે. પાંચ વર્ષે પોતાને મળવા આવેલી દીકરી વાલીની ઉદાસીને એ પામી ગઈ હતી, પણ કશું પૂછી શકતી નહોતી. પતિ વગરના જીવનમાં અનેક મુશ્કેલીઓ સામે લડીને તેણે વાલી અને મનુને ઉછેર્યા હતા. ગ્રામ્ય, ખેડુંજીવનને તાદશ કરી આપતું પાત્ર પતિ નાથાને આપેલા વચનને પાળે છે. રમણ સાથેના સંબંધથી વાલીને દિવસો રહી જાય છે ત્યારે તે પોતાની સૂઝ-બુઝ અને વ્યવહારકુશળતાથી કામ પાર પાડે છે ને વાલીને સાસુની ખબર જોવા મોકલી આપે છે. વાલીની જેમ શાંતાએ પણ ઘરના વાડાની ઓંગલીઓમાં દેહઝંખના સંતોષી હતી. જેમ કે, "વાલી-મનુને ઊંઘતાં ઢબૂરીને એ પાછલું બારણું ખોલતી, કોક એને આ પરાળની આગલીઓ લગો ખેંચી લાવતું એ ખેચાઇ આવતી ઘઉંની કણેક જેવી કાયા લઈને પાછી વળતી ?" (પૃ.૭૦)

આથી જ શાંતા વાલીની સ્થિતિને સમજી શકે છે. અંતે તે વાલીને કહી દે છે "તારી દેઈની કાય ખાતરી પડતી નથી. વાલી તું હાસેટ નંખઈ જઈ લાગે સે ! સ્ત્રી સહજ અતૃપ્ત જીવનરસ અને સાથે પોતાની જવાબદારીઓનું સુચારુ રીતે નિર્વહન કરતુ આ પાત્ર ઘણું મહત્ત્વનું બની રહે છે. આ ઉપરાંત વાલીનો ભાઈ મનુ, અણઘડ જમાઈ શંકર, બાર-બાર વરસથી આગલે બારણે સુતો વાઘજી, જેની ઓથને લીધે જ શાંતાએ જીવનસંઘર્ષ કર્યો હતો અને વાલીનો મુગ્ધપ્રેમ રમણ સોની કે જેનું પ્રેમસત્ત્વ પાંચ વર્ષે પણ આજેય વાલીના અંતરમાં ધબકે છે. આ આખી પાત્રસૃષ્ટિ વાર્તાને આર્કષક બનાવે છે. અહીં તળ સાથે જોડાયેલા દેશીપાત્રો અને એમના માંનોસંચલનો થકી વાર્તામાં જીવંત પરિવેશ સર્જવામાં આવ્યો છે.

મણિલાલ પટેલ પાસે વર્ણનની પ્રત્યક્ષતા, તળપદ ભાષાનું સામર્થ્ય અને વાણીની વિવિધ તરાહને ઝીલનારો સાબદો કાન છે. આથી તેમની વાર્તાઓમાં લોકજીવનની તાજગીપૂર્ણ અભિવ્યક્તિ જોઈ શકાય છે. ‘રાતવાસો’ વાર્તામાં પણ આપણે ભાષાની આ ચમત્કૃતિ જોઈ શકીએ છીએ. જોકે વાર્તામાં તળબોલીનો પ્રયોગ જૂજ જોવા મળે છે પણ ભાષા થકી વાર્તાકારે તળજીવનને તાદશ કરી આપ્યું છે. તળશબ્દો, કહેવત, રૂઢિપ્રયોગોનો સર્જનાત્મક વિનિયોગ વાર્તામાં ભાષાની કલાત્મકતા અને બળકટતાને સિદ્ધ કરી આપે છે. થોડાક ઉદાહરણો જોઈએ તો,

“હળવી ફૂલ’ વાલીના શ્વાસ શાંતાને ઉના નિશાસા જેવા વર્તાયા હતા.” ( પૃ.૬૮,રાતવાસો)

“વાડામાં ઘાસની કાળી પડતી જતી ગંજીઓ વાલીની આંખોમાં ઉભરાઈ આવી.” (પૃ. ૬૮)

“પરાળની ઓગલીઓ અંધારામાં ડુંગરા થઇ જઈ વાલીને ઘેરતી હતી.”

“વાડ પરના વેલાઓને કોઈએ દાતરડાથી વાઢી નાખ્યા હોય એવો ચચરાટ લઇ વાલી ઘરમાં ગળી ગઈ.” (પૃ.૭૧)

“રાત સમસમ જતી હતી. કંસારીઓના કાળા અવાજોમાં જીવન ઓલવાઈ ગયેલું.”

“ક્ષણવારમાં તો શાંતાની આંખોમાં દીવા જેવા આંસુડા સળગી ઉઠ્યા.” (પૃ.૭૫)

“ક્યાંક ના લઈ જતું નેળિયું વાલીને ગળી ગયું.” (પૃ.૭૫)

આ સંવાદોમાં  વાર્તાકારનું સુક્ષ્મ ભાષાકર્મ વાર્તાને વધુ સબળ બનાવે છે. વાર્તાનું કથાવસ્તુ ગ્રામ્યજીવનનું છે. આથી અહીં પ્રયોજવામાં આવેલી ભાષા ગ્રામ્યજીવન, ગ્રામ્યપરિવેશને તાદશ કરી આપે એ પ્રકારની જ છે. ગામડાં ગામમાં બોલાતા દેશીશબ્દો કહેવતો, રૂઢિપ્રયોગો જેવાં તત્ત્વોનો ઉપયોગ વાર્તાને વધુ આર્કષક બનાવે છે. વાર્તામાં પ્રયોજાયેલી તળબોલીના જૂજ ઉદાહરણો જ મળે છે. જેમ કે “તારી દેહની કાઈની

કાંય ખાતરી પડતી નથી. વાલી, તું નખઈ જઈ લાગે સે." વાલીની મનઃસ્થિતિ સમજી જતી શાંતા આખરે વાલીને કહે છે. "નારે બા, શાની ખાત્રીને શી વાત ? "વાલી વાત ટાળી ગઈ" ભોયથી ભૂખ ભાગે થોડી ? ઓઠે આવેલું વાક્ય એ ગળી ગઈ."

ઉપરોક્ત સંવાદોમાં પ્રયોજાયેલી બોલી વાસ્તવિક પરિવેશને પ્રગટ કરી આપે છે. વાસ્તવિક જીવન અને એની બોલી સાથે-સાથે દેવને ઘેર દેહ પડ્યો, એક રહેતા એકવીસ દોડે જેવી કહેવતો ફડક પેસવી, પડખા ઘસવા, મન વાળવું, વલોવાઈ જવું, ચચરાટ ઉઠ્યો જેવા રૂઢિપ્રયોગો ધ્યાનાર્કષક બની રહે છે. વાર્તામાં પરિવેશ ગ્રામ્ય છે. ગામડા ગામમાં રહેતા ખેડૂત પરિવારનું જીવન એની રહેણીકરણીને પ્રત્યક્ષ કરી આપતી ભાષા વાર્તાને રસપ્રદ બનાવે છે.

મણિલાલ પટેલનું વતન મોટા પાલ્લા જિ.પંચમહાલ આથી તેમના સર્જનમાં એ વિસ્તારમાં વસતા લોકનો એમના સંબંધો, સ્થળ, સમયનો ભૌગોલિક સદર્ભ જોવા મળે છે. તળબોલી રીતરિવાજો, લોકજીવન, સંસ્કૃતિ, ભૂગોળ, ઈતિહાસ આ બધાં જ તત્ત્વો આખો એક પ્રાદેશિક સદર્ભ ઉપસાવે છે. પોતાની ધરતી સાથે જોડાયેલા આ વાર્તાકારના સર્જનમાં આપણે તેમની વતનપ્રીતિ તાદશ થતી જોઈ શકીએ છીએ. તેમની વાર્તાઓ અંદરના પાતાળોમાં અને ઘરવતનમાં તળમાં જઈને ઠરે છે. જેમ પન્નાલાલે ઉતરગુજરાતને અને મેઘાણીએ કાઠીયાવાડના પરિવેશને પોતાની વાર્તાઓમાં ઝીલ્યો છે એમ મણિલાલે મધ્યગુજરાતના ચરોતર પંચમહાલ પ્રદેશના લોકોમાં જોવા મળતી માનવવૃતિ, માનવનિયતિ અને પ્રકૃતિનિરૂપણ થકી આ પ્રદેશનો આગવો પ્રાદેશિક સદર્ભ પ્રગટ કરી આપ્યો છે. તેમની 'બદલી' 'રાતવાસો' જેવી વાર્તામાં કઠોર સમાજનો સંવેદન જડ ચહેરો ઉપસ્યો છે. વાર્તાકારની વતનપ્રીતિ આપણે 'રાતવાસો' વાર્તાસંગ્રહની મોટાભાગની વાર્તાઓમાં પામી શકીએ છીએ.

'રાતવાસો' વાર્તાનું વિષયવસ્તુ પણ પંચમહાલના ગ્રામ્યજીવન અને ગ્રામ્યપરિવેશને રજૂ કરે છે. ગામડાં ગામમાં રહેતી સ્ત્રી સમાજના નીતિ નિયમોના ભાર તળે દબાયેલી સ્ત્રી એની મનઃ સ્થિતિ અને મનોવેદના અહીં સુપેરે પ્રગટી છે. વાલીનું પાત્ર એ આ પ્રદેશમાં વસતી અનેક સ્ત્રીઓની વેદના, વ્યથાનું નેતૃત્વ કરતુ લાગે છે. ગ્રામ્ય સમાજવ્યવસ્થાના જડ નીતિ-નિયમો રૂપી ચોકઠામાં શ્વસતી સ્ત્રીની મનોગત સંવેદનાઓ, ઈચ્છાઓ, જાતિ વિષયક અતૃપ્તિ આ બધાની અભિવ્યક્તિ વાર્તાકારે સબળ અને સચોટ રીતે કરી છે. જે ધ્યાનપાત્ર છે. બદલાતા સમય પ્રમાણે નારીની સંવેદનાઓ પણ બદલાય છે તેની સમસ્યાઓ પણ બદલાય છે. જે બદલાતા પરિવેશમાં વાર્તાકારે ઝીલી બતાવ્યું છે. ગ્રામ્યચેતના અને ગ્રામ્યપરિવેશમાં શ્વસતા દેશી પાત્રો અને એમનો જીવન સંઘર્ષ અને શરીરરાગ અહીં પ્રાદેશિક બન્યાં છે. વળી એનો મનોસંઘર્ષ રમણ સોની સાથેનો એનો મુગ્ધપ્રેમ અને વાલીની સ્થિતિ વાર્તાને કલાત્મક બનાવી આપે છે.

પ્રદેશ પ્રમાણે રીતરિવાજો બદલતાં હોય છે. અને લોકજીવનમાં આવા રીતરિવાજો, નિયમો રૂઢ થઇ ગયેલા હોય છે. અહીં વાલીના કાચી વયે લગ્ન કરાવવામાં આવે છે. એની પાછળ પણ ક્યાંક સામાજિક ડર જ જવાબદાર બની રહે છે. રૂપવતી છોકરી ઘરમાં હોય અને એને માથે બાપ ન હોય ત્યારે મા માટે આ છોકરીનું લગ્ન કરવું એ એક મોટો મૂંઝવતો પ્રશ્ન હોય છે. આ ઉપરાંત આણુ વાળવાનો રિવાજ, ન્યાતમાં લગ્નનું નોતરું આલવું, સીમંતનો પ્રસંગ જેવા રિવાજો તો સાથે સાથે પુત્ર જન્મને લઇ લોકોમાં જોવા મળતી રૂઢ માન્યતાઓ આ બધી જ બાબતોમાં પ્રાદેશિકતાનું તત્ત્વ ઉપસી આવે છે. વાર્તામાં વાલીની મનઃસ્થિતિ જે રીતે રજૂ કરવામાં આવી છે એ જોઈએ તો, "વાલી ખાલ્લીખમ વાડાને મોટી આંખોથી કશાય ભાવ વિના જોઈ રહી હતી. પિયર પહેલીવાર પરાયા ગામ જેવું કેમ લાગે છે? વાલી ગોઠવાતી નહોતી. ચારે તરફ થોરની વાડો એની પાસેને પાસે આવતી લાગતી હતી." (પૃ.૧૫)

ગામડામાં ગામની છોકરી જેને બાળપણમાં જ પોતાનું મન બીજાને આપી દીધું હોય છે. એવી વાલી ભૂલ કરી બેસે છે ને એને ગર્ભ રહી જાય છે. આજે પાંચ-પાંચ વર્ષે એ આવી છે તો પુત્ર રાકેશને એના પ્રેમી રમણને દેખાડવા. શાંતા અને વાલી બન્ને પાત્રોની ચતુરાઈ, સુજાણતા, આપણને વિચારતા કરી મુકે છે. અહીં યૌવનથી છલોછલ એવી પુત્રી છે તો યુવાનીમાં જ વૈધવ્યને વૈઠારતી માતા છે. યુવાવ્યવસ્થામાં જ મળતું વૈધવ્ય કેટલું કઠોર અને વસમું હોય છે એ આપણે શાંતાના પાત્ર દ્વારા સમજી શકીએ છીએ. વાર્તામાં જોવા મળતાં વર્ણનો ગ્રામીણજીવન અને ગ્રામીણ પરિવેશને તાદશ કરી આપે છે. અહીં વાર્તાકારનું નિરીક્ષણ દાદ માગી લે છે. મહીકાંઠાનો પ્રદેશ એનો ગ્રામ્યપરિવેશનો જીવંત સંસ્પર્શ આપણે અહીં અનુભવી શકીએ છીએ. ગામડાં ઘરોની પાછળ મોટાભાગે વાડા હોય છે. અહીં આવા વાડાનું વર્ણન જોઈએ, "ખેતરોનું અંધારું ઘરના વાડા સુધી આવી ગયું હતું. વાડો પર શોભી રહેતા વેલા સુકાઈ ગયા હતા. થોરની વાડમાં મોટા-મોટા છીંડા પડી ગયા હતા. એમાંથી રમણનું ઘર વધારે ઉઘાડું પડી ગયેલું ભળાતું હતું. વાડ પરના વેલાઓને કોઈએ દાતરડાથી વાઢી નાંખ્યા હોય એવો ચચરાટ લઇ વાલી ઘરમાં ગળી ગઈ." (પૃ.૧૭)

ગ્રામીણ પરિવેશને આબેહૂબ ચિત્રિત કરવાની કળાના કસબી મણિલાલ પટેલે વાર્તાને પોષક એવું ભાષાકર્મ કર્યું છે. વાડામાંની ઓગલીઓમાં પોતાની જાતીય ઝંખનાને સંતોષતી શાંતા માટે "ઘઉંની કણેક જેવી કાયા લઈ એ પાછી વળતી" તો વાલીની વાસના માટે 'વાવમાનો સાપ છેક પહેલે પગથિયે આવી ગયો હતો." જેવા વાક્યપ્રયોગો વાર્તાકારનું ભાષાપ્રભુત્ત્વ પ્રગટ થાય છે. જે વાર્તાના પાત્રોની વાસ્તવિકતાને, વ્યક્તિત્વને ઉજાગર કરી આપે છે. ભાષા દ્વારા વાર્તામાં સચોટતા અને સબળતા લાવવામાં વાર્તાકાર સફળ રહ્યાં છે. "પરાળની ઓગલીઓ અંધારાના ડુંગરા થઈ થઈ વાલીને ઘેરતી હતી. અહી રમણે એને બચીઓથી પ્હેલવ્હેલી નવરાવી દીધી હતી. વાલીનો હાથ એ દિવસે ચોખ્ખો ન્હોતો. દેહની કંપારી એ ઉના-ઉના શ્વાસ, ગરમ-ગરમ સ્પર્શને હોઠ પર ચંપાતા અંગારા-વાલીને એ બધુ રંજાડી રહ્યું. ટાઢાબોળ ડીલમાં ગરમ કસક ઉઠતી હતી." (પૃ.૧૭, મણીલાલ હ.પટેલ વાર્તાસૃષ્ટિ) ઉપરોક્ત વર્ણનમાં વાલી અને રમણ વચ્ચેના પ્રણયરાગને વાર્તાકારે કેટલી

સુંદર, સચોટ રીતે ખીલવી આપ્યો છે. વાર્તાનું વિષયવસ્તુ સાવ સીધું સરળ છે. મહીસાગર અને લુણાવાડા પ્રદેશ એની આસપાસ વસતા લોકો, તેમનું ગ્રામ્યજીવન, ગ્રામ્યપરિવેશ, ખેતી, પશુપાલન આ બધા જ પાસાંઓને ખૂબ જ ચોકસાઈપૂર્વક વણી લેવામાં આવ્યાં છે. જેના દ્વારા પ્રાદેશિક સદર્ભ પ્રગટે છે. અહીં વાત ખેતર સાથે જોડાયેલા ખેડુપરિવારની છે. આ પરિવારમાં સઘર્ષમય જીવન જીવતી સ્ત્રીની છે. યુવાવસ્થામાં વિધવા થતી શાંતા વાલી અને મનુને સંઘર્ષ કરી ઉછેરે છે. આ પાત્ર અને એનું જીવન આ પ્રદેશમાં વસતી અનેક સ્ત્રીઓની વાસ્તવિક સ્થિતિને પ્રત્યક્ષ કરી આપે છે. તો શાંતાની દીકરી વાલી પણ પોતાના પ્રેમી રમણને મેળવી શકતી નથી. લગ્નના આણા પહેલા રમણ સાથેના સબંધથી ગર્ભ રહી જતા તેના બાળક રાકેશને એ રમણને બતાવવા આવી છે. મન ગમતા માણિગરનો સાથ ન મેળવતી વાલી પણ આ પ્રદેશ એના સમાજ અને એના જડત્ત્વનો ભોગ બની છે. જે આપણે આખી વાર્તામાં વાલીની જે મનોદશા વર્ણવવામાં આવી છે એ દ્વારા કળી શકીએ છીએ. આમ તો વાર્તામાં વાર્તાકારનો જોક શરીરરાગ તરફ વધુ લાગે છે. પરતું એ દ્વારા વાર્તાકારે આ પ્રદેશ ત્યાંના ગ્રામસમાજના રીતરિવાજો, પરંપરાઓ, ત્યાં થતું સ્ત્રીઓનું શોષણ તેમની વેદના, વ્યથાને પણ કાળજીપૂર્વક વણી લીધું છે.

વાર્તાનું શીર્ષક પ્રતીકાત્મક છે એમાં ધ્વન્યાર્થ છે. વાર્તાના હાર્દને વ્યંજિત કરતી એક અવર સમાંતર ક્રીડા છે. જે વ્યક્ત થતી નથી પણ સૂરગમ બનતી જાય છે. વાલી પોતે ભોગવેલા પ્રિય યથાર્થને એકવાર પુનઃ માણી લેવા પિયર જાય છે ને એક જ રાતમાં હતાશ થઇ પાછી વળી જાય છે આ વિષયવસ્તુ અને એમાં પણ તળપદ જીવનસાર્થક બની રહે છે. વાર્તામાં વર્ણનમાં આપણે પ્રાદેશિક પરિવેશને ઉજાગર થતો જોઈ શકીએ છીએ. ‘વાલી ખાલીખમ વાડાને મોટી આંખોથી કશાય ભાવ વિના જોઈ રહી હતી. પિયર પહેલીવાર પરાયા ગામ જેવું કેમ લાગે છે ? વાલી ગોઠવાતી ન્હોતી ચારે તરફ થોરની વાડો એને પાસેને આવતી લાગતી હતી “ (પૃ.૧૫)

ઉપરોક્ત વર્ણનમાં આપણે ગ્રામ્યપરિવેશ અને એ સાથે પ્રાદેશિક સંદર્ભને ચરિતાર્થ થતો જોઈ શકાય છીએ. કાંચી વયે કરાવવામાં આવતા લગ્ન, આણુ વાળવાનો રિવાજ, નાતમાં લગ્નનું નોતરું આપવું, સીમંતનો

પ્રસંગ જેવા રીતરિવાજો તો પુત્ર જન્મને લઇ લોકોમાં જે માન્યતાઓ વ્યાપેલી છે તે સર્વે બાબતોમાં આપણે પ્રાદેશિક સદર્ભને ઉજાગર થતો જોઈ શકીએ છીએ. અહીં ગ્રામીણ ખેડુજીવન એની રહેણીકરણી, વ્યવસાય, ખાનપાન, રીતરિવાજ, માન્યતાઓ પ્રકૃતિના તત્ત્વોનું નિરૂપણ આ બધા જ પ્રાદેશિક તત્ત્વોને ઉજાગર થતા જોઈ શકીએ છીએ. વાર્તામાં આ બધું જ પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે. ગ્રામીણ સ્ત્રીની વેદના વ્યથા, વાલી અને એની મા શાંતા આ બન્ને પાત્રોમાં આપણે ચરિતાર્થ થતી જોઈ શકીએ છીએ. સમાજના નીતિનિયમો તો ખેતી, પશુપાલન અને તળબોલી વાર્તાને ખરા અર્થમાં પ્રાદેશિક બનાવે છે.

વાર્તામાં જયારે આપણે પ્રાદેશિક તત્ત્વના નિરૂપણની વાત કરતા હોય ત્યારે વાર્તામાં પ્રાદેશિકતા બધાં જ તત્ત્વો સમાવિષ્ટ હોય એવું બનતું નથી પણ કોઈ પણ પ્રદેશ એ પ્રદેશમાં જીવતા જીવન તેની સમસ્યા, ઉત્સવો, પરંપરાઓ, સંસ્કૃતિ, ભૂગોળ, ઈતિહાસ, મેળા આવું કોઈ પણ એક તત્ત્વ વાર્તામાં ઉજાગર થતું હોય છે જે વાર્તાને પ્રાદેશિક બનાવે છે. અહીં 'રાતવાસો' વાર્તામાં મણિલાલ હ.પટેલ મહીસાગરના લુણાવાડા વિસ્તાર અને એ વિસ્તારના ગ્રામ્યજીવન, ખેડૂતજીવન એમાં વ્યાપેલા રિવાજો અને એનું વાસ્તવ અહીં આલેખી આપ્યું છે. 'રાતવાસો' વાર્તામાં આપણે આ પ્રદેશ અને આ પ્રદેશમાં સ્ત્રીની વેદનાને વાચા આપવાનું કામ તેમણે કર્યું છે. તો એ સાથે સાથે સ્ત્રીની દમિત ઈચ્છાઓ, શરીરરાગને પણ વર્ણવી બતાવ્યો છે. વાલી, વાલીની મા શાંતા આ બન્ને પાત્રો આ વિસ્તારની સ્ત્રીઓ માટે તેમની સ્થિતિને રજૂ કરતા બની રહે છે. કજોડાનો ભોગ બનેલી વાલી અને એની દયનીય સ્થિતિ વાર્તાના અંતે આપણે જોઈ શકીએ છીએ : " વાલીએ પગ ઉપાડવા મથવું પડ્યું ના, હવે રહેવું નહોતું ક્યાંક કશે જવાની ઈચ્છા પણ ન્હોતી. દદડતી આંખે વાલીએ બા સામે જોયું ક્ષણવારમાં તો શાંતાની આંખોમાં દીવા જેવા આંસુડા સળગી ઉઠ્યા. વાલી તે જોઈ ના શકી. પીઠ ફેરવી આંસુ લૂછતી આગળ વધી ક્યાંક ના લઇ જતું નેળિયું વાલીને ગળી ગયું....." ( પૃ.૨૧ )

વાર્તાકારે વાર્તામાં પ્રાદેશિક ખેડુંજીવન તેમના જીવનવ્યવહારો, રીતરિવાજોને તાદશ કરી આપ્યાં છે. જે વાર્તાને ખરા અર્થમાં પ્રાદેશિક બનાવી આપે છે. વાર્તાકારે પોતાની આગવી વાર્તાસુઝ-સમજ દ્વારા આખો એક પ્રાદેશિક સદર્ભ ઊભો કરી આપ્યો છે. અને એમાં મહત્વની બની રહે છે તેમની આ પ્રાદેશિક ખાસિયતો તેના અસલ બીબાંમાં ઢળવાની કલાત્મકતા. વાર્તામાં જે પ્રકારે પ્રાદેશિક વર્ણન જોવા મળે છે તે જોઇએ તો વાડો, થોરની વાળ, ચોપાડ, ઉબરો, ઘાસની કાળી પડતી ગંજીઓ, હળ, ગાંડું, ઘાસની ઓગલીઓ, ઘઉંની કણકે જેવી કાયા, ખાટલો, વાઘણના ખોખરા, ડુંગરા, વેલા, ઘીનો શીરો, ખીચડી, ચૂલે તબડતી કઢી, પાણીના રેલાની જેમ વહી જતો સમય, લગનનું નોતરું, સમસમ જતી રાત કંસારીઓના કાળા અવાજો, આંબાનીચે પોદળા વીણતી બાઈ, રેંક્યા કરતી અને વેતરે આવતી ભેંસ, કાતરે ઉભરાતી આંબલીઓ, નાવણ, આણું, નેળીયુ આ બધા જ વર્ણનો અને શબ્દોમાં આપણે જે-તે પ્રદેશનો આગવો પ્રાદેશિક સદર્ભ તાદશ થતો જોઈ શકીએ છીએ.

“સવારે ઉઠી વાડામાં દાતણ ચીરતા-ચીરતા વાલી જોઈ રહી વાળના છીંડા ચારેબાજુ હતા. કરામાની આંબલી કપાઈ ગઈ હતી. આંખો વાડો ઉજ્જડ વેરાન લાગતો હતો.” (પૃ.૨૦)

દેશી જનજીવનને રજૂ કરતું આ વર્ણન તળવાસ્તવને પણ ચિત્રિત કરી આપે છે. અહીં વાર્તાકારે ખેડૂત અને એના વ્યવહારો, જનસ્વભાવ, માનસિક સ્થિતિને કુશળતાપૂર્વક આલેખી આપ્યાં છે.વાર્તામાં તળબોલી જુજ પ્રયોજાઈ છે જોકે આંશિક બોલી પ્રયોજીને પણ વાર્તાએ કાઠું કાઢ્યું છે. લુણાવાડા અને એની આસપાસનો ગ્રામ્યપરિવેશ અને ખેડુંજીવનને અહીં વાર્તામાં તાદશ થયું છે. આ વિસ્તારના રિવાજો, કુરિવાજો, સાટું, બાળલગ્ન, આણુને ધ્યાનમાં રાખી વાર્તાકારે તત્કાલિક સમાજ પર પણ સીધો પ્રહાર કર્યો છે. વાર્તામાં વાલીનું પાત્ર અને એની મનોવ્યથાઓનો અતિથ વ્યાપેલો દેખાય છે. પોતે ભોગવેલા અતિથને ફરી માણી લેવા પિયર આવેલી તે હતાશ થાય છે. અને પાછી વળી જાય છે. વસ્તુસંકલના અને પાત્રો તળપદ જીવન જીવતા દેશીપાત્રો છે. કજોડાનો ભોગ બનતી વાલી અને એની મનોવ્યથા વાર્તાનું કેન્દ્રબિંદુ બની રહે છે. વાલીની સ્થિતિ તો જૂઓ “ટાઢા બોળ

ડીલમાં ગરમ કસક ઉઠતી હતી." (પૃ.૧૭) "વાળી ઓગલીઓમાં આગળી ગઈ હતી કે શું ? આ વાક્યો વાલીની સ્થિતિ તાદશ કરી આપે છે.

આમ, વાર્તાકાર મણિલાલ હ. પટેલે મહીસાગર આસપાસના ગ્રામ્ય-ખેડુંજીવન અને એમાંય ખાસ સ્ત્રીઓની સમસ્યા, શોષણને વાચા આપી છે. શાંતા અને વાલી આ બન્ને સ્ત્રીઓની પોતાની આપવીતી છે. વાર્તાકારે આ મતે વાર્તાની ગૂંથણી કરી આપી છે. આ પ્રદેશ અને એમાંય ખાસ આ પ્રદેશમાં રહેતી પટેલ કોમ અને એમના જીવનવ્યવહારો, વ્યવસાયોને, શોષણને, જનસ્વભાવને અહીં વાસ્તવિકરૂપે આલેખી આપ્યો છે. વાલી, શાંતા જેવા સ્ત્રી પાત્રો આ પ્રદેશની સ્ત્રીઓ માટે નેતૃત્ત્વ કરતા લાગે છે. પ્રાકૃતિક વાતાવરણ અને એમાય ખેડુજીવન અને વ્યવસાય સાથે જોડાયેલા પાત્રો અને એમની મનોવ્યથા અહી વાર્તારૂપે પ્રત્યક્ષ થઇ છે. જે પ્રાદેશિક બની રહેવા પામી છે. મહીકાંઠાનો પ્રદેશ અને એનો ખેતીવિષયક પરિવેશ વાર્તાને પ્રાદેશિક બનાવી આપે છે. વાર્તા વાચતા વાર્તારસનો આસ્વાદ લેતા આ વાત આપણને એટલી જ સાર્થક લાગે છે. વાર્તામાં પ્રાદેશિક ખાસિયતો અને લક્ષણો પણ પામી શકાય છે. એ અર્થમાં આ વાર્તા પ્રાદેશિક બનવા પામી છે.

**૨.૬ બદલી – મણિલાલ હ. પટેલ**

પંચમહાલ પ્રદેશ જેમના સર્જનમાં સબળ રીતે ઉજાગર થયો છે. એવા મણિલાલ હ. પટેલ અનુઆધુનિક ગુજરાતી સાહિત્યમાં જાણીતું નામ છે કવિતા, નવલકથા, ટૂંકીવાર્તા, નિબંધ, વિવેચન અને સંશોધન ક્ષેત્રે તેમનું પ્રદાન વિશેષ રહ્યું છે. પોતાના વતનની ભીની માટીની મહેંક જેના સર્જનમાં અનુભવાય છે એવા આ સર્જક તેમના પ્રથમ વાર્તાસંગ્રહ 'રાતવાસો' ની પ્રસ્તાવનામાં નોંધે છે, "આ વાર્તાઓ પાછી મને મારી અંદરના પાતાળોમાં અને ઘર-વતનમાં, તળમાં લઇ જઈને જ રહી છે." (પ્રસ્તાવના, રાતવાસો)

વીસ-બાવીસ વર્ષની વય સુધી તેઓ ગામ/સમાજ વચ્ચે રહ્યાં, ઉછર્યા. આથી ગ્રામ્યજીવન, ગ્રામ્યસમાજના અનુભવો તેમને છેક સુધી મળતા રહ્યાં. રૂઢિચુસ્ત સમાજ અને એના રીતરિવાજોએ તેમની

ચેતનાને સંકોરી છે. જેની પ્રતીતિ તેમની વાર્તાસૃષ્ટિમાં થાય છે. 'રાતવાસો' ઉપરાંત તેમની પાસેથી 'હેલી' 'બાપાનો છેલ્લો કાગળ' ' સુધા અને બીજી વાતો' જેવા વાર્તાસંગ્રહો મળે છે. જેમાં કુલ ૬૭ જેટલી વાર્તાઓ સમાવિષ્ટ છે. તેમની વાર્તાઓની સૌથી મોટી લાક્ષણિકતા એ છે કે તેમાં તળપદજીવનને જીવંતરૂપે આલેખવામાં આવ્યું છે. વતનપ્રેમ અને તેમાંથી જન્મતી ઝંખનાની વાર્તાઓ, ત્યાંની લોકબોલી, ત્યાંના લોક-જીવનને, તેમની રહેણીકરણી, રીતરિવાજો, રૂઢિચુસ્તતા તો સાથે-સાથે જડતા, વાસ્તવને સુપેરે વ્યક્ત કરવામાં આવ્યું છે. ગામડાં ગામની સ્ત્રી તેમણે બરાબર ઓળખી છે. તેની મૂંઝવણ, પ્રશ્નો, સમસ્યાઓથી તે વાકેફ છે. ત્યાંના પરિવેશથી અવગત છે. જે તેમની 'બદલી' 'ડમરી' રાતવાસો' 'કાંચળી' જેવી વાર્તાઓમાં કળી શકાય છે. મણિલાલ હ.પટેલ બદલાયેલા તળપદને સમકાલીન જીવન સમસ્યાઓથી રજૂ કરે છે. તેમની વાર્તાઓમાં પંચમહાલ પ્રદેશ તેની આસપાસનો વિસ્તાર, મહીકાંઠાનો વિસ્તાર, ત્યાંની તળબોલી, ગ્રામ્યપરિવેશ અને લોકજીવન ઉજાગર થતાં જોઈ શકાય છે.

અહીં તેમના પ્રથમ વાર્તાસંગ્રહ 'રાતવાસો' માંથી 'બદલી' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભે તપાસવાનો ઉપક્રમ છે. સમાજના કાઠકાબડા અને નારીજીવનના ખરા પ્રશ્નોને તાગતી વાર્તાઓ 'રાતવાસો' વાર્તાસંગ્રહમાં સમાવવામાં આવી છે. એમાંની જ એક વાર્તા 'બદલી' છે. સમાજમાં પ્રવર્તતા સાટા જેવા જડ રિવાજનો ભોગ બનતી નારીની કથા 'બદલી' વાર્તામાં નિરુપાઈ છે. વાર્તાનું કથાવસ્તુ જોઈએ તો રાયજી માસ્તર અંબાનો પહેલો પતિ હતો. બન્નેને સમાજમાં પ્રવર્તતા સાટા જેવા રિવાજનું ભોગ બનવું પડે છે. અને બંનેની ઈચ્છા વિરુદ્ધ એકબીજાથી અલગ થવું પડે છે. અંબાના ભાઈના લગ્ન રાયજી માસ્તરની સગી બેન સુખી (અંબાની સગી નણદ) સાથે કરવામાં આવેલા. ભણેલા-નોકરિયાત ભાઈને સુખી સાથે રાગ ન આવ્યો. આથી સાટામાં પરણેલી અંબાને છુટા થવાનો વારો આવે છે. અને આમ સમાજના ખોખલા કુરિવાજને લીધે અંબાનું લગ્નજીવન નંદવાઈ જાય છે. રાયજી માસ્તર સાથે છુટું થયા પછી છ-આઠ મહીને અંબાનું રેવજી સાથે ગોઠવાઈ જાય છે. રેવજી અંબાના અતિથ વિશે બધું જાણતો તેથી તે તેને સાચવવાનો પ્રયત્ન કરતો. અંબા પણ નવા ઘર-વર સાથે ગોઠવાઈ ગઈ હતી. તો

બીજી તરફ રાયજી માસ્તર પણ પોતાના ઘર સાથે ગોઠવાઈ ગયો હતો. રાયજી વ્યવસાયે નિશાળમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. થોડો સમય વીતે છે ને બીજી એક ઘટના બને છે જે વાર્તાને એક નવો વળાંક આપે છે. રાયજી માસ્તરની બદલી રેવજીના ગામની નિશાળમાં થાય છે. આ વાતથી અંબાને થોડી રાહત થાય છે તો બીજી બાજુ રેવજીની ચિતાં વધી જાય છે. અંબાને રાયજી મનમાંથી છુટતો નથી મનોમન તે તેને જ ચાહે છે. રેવજી પાસે તો માત્ર તેનું શરીર જ છે મન તો હજુ પણ રાયજીને જ વરેલું છે. પણ તે રાયજીની સાથે આંખમાં આંખ પરોવી વાત કરી શકતી નથી. બન્ને એકવાર મળે છે ત્યારે રાયજી કહે છે, “તમારા ગામમાં આવીએ છીએ તો કોઈ દિવસ ચા-પાણીનો ભાવ આઘો રહ્યો પણ આંખ માંડીને વાત તો કરો કે પછી બધાય સગપણ સાવ ભૂલી ગયા.” (રાતવાસો પૃ.૬૫-૬૬) ત્યારે અંબા રાયજીને બદલી કરાવવાનું કહી દે છે અને રાયજી માસ્તર બદલી કરાવી દે છે. રાયજીની બદલીના સમાચાર અંબાને હચમચાવી મૂકે છે. રાયજીએ બદલી કરાવી એની પાછળ પોતે જ જવાબદાર છે એમ માની પોતાને દોષ આપતી તે સીમમાં આવી છે. અને વિચારે ચઢી છે. સામેથી આવતા રેવજીને જોઈ તે તેના ગળે વળગી પડે છે. બે પુરુષો વચ્ચે ભીંસાતી અંબાની મનઃસ્થિતિ, માનસિકતા આ વાર્તાને જીવંત બનાવે છે. પોતાના લગ્નજીવનમાં સમાજની રૂઢીઓ, રિવાજો અને પરંપરાઓનો સામનો સ્ત્રીઓએ કયારેક સમાજ, લોકો શું કહેશે? એવા પ્રશ્નો તો ક્યારેક આબરૂ સાચવવા સતત વેઠવું પડ્યું છે. એ વાત ચરિતાર્થ થતી આપણે ‘બદલી’ વાર્તામાં જોઈ શકીએ છીએ. સમાજમાં પ્રવર્તતા આવા જડ નિયમો, રિવાજો આગળ પ્રેમ, લાગણી જેવા ભાવો કેવા લાચાર બની રહે છે તે આપણે ‘બદલી’ વાર્તામાં પ્રગટ થતું જોઈ શકીએ છીએ.

વાર્તાકારની કેફિયતમાં મણિલાલ ‘બદલી’ વાર્તા વિશે લખે છે કે, “બદલીની નાયિકા મને મારા ગામ જતા ખેતરમાંથી બોલાવે છે. ઓળખી મને? હું તમારા મિત્ર...ની બેન! એનો ઉદાસ ચહેરો મને કોતરતો રહેલો. સગો ભાઈ નણંદ સાથે પરણેલો એને વહુના ગમી એટલે એની સાથે બેનનાંય છૂટાછેડા કરી દેવાયેલા ! બેનને તો ઘર અને વર બેઉ ગમતા હતા...પણ જડ સમાજ? બીજે નાતરે આવેલી એ નિઃસહાય નારીની વેદના વ્યક્ત કરવા રચાઈ તે ‘બદલી’. વાર્તાનાયિકા અહીં બે પતિ વચ્ચે વ્હેરાયા કરે છે.” (ટૂંકીવાર્તા અને હું પૃ.૧૮૪) અહીં

સમાજના જડત્ત્વને લીધે સ્ત્રીએ જે વેઠવાનું થાય છે એનો ધ્વનિ સ્પષ્ટ રીતે સંભળાય છે જે વાર્તારૂપે ગુંજી ઊઠે છે. ગ્રામ્યપરિવેશમાં શ્વસતા અને વિકસતા પાત્રો, આ પાત્રોની સંવેદનાનો જીવંતસ્પર્શ વાર્તાને વધુ રસપ્રદ બનાવે છે. આપણે આગળ વાત કરી એ મુજબ મણિલાલ એ વાર્તાના મર્મજ્ઞ છે. ખરા કસબી છે આથી તેમની પાત્રસૃષ્ટિ પણ ઉમદા છે. અંબા અને રાયજી આ બન્ને પાત્રોનો એકબીજાનો વિચાર કર્યા વગર પોતાના ભાઈ-બહેનની ખુશી માટે જે પરિત્યાગ છે તે વાર્તાને અને તેમના વ્યક્તિત્વને વધુ ઉમદા અને ઉજળા બનાવે છે. 'બદલી' વાર્તામાં તળજીવન સાથે જોડાયેલા પાત્રો છે. જે વાર્તાને વાસ્તવિક બનાવે છે. વાર્તાની મુખ્યનાયિકા અંબા છે. સમાજના જડ રિવાજનું ભોગ બનતું આ પાત્ર ગામડા-ગામનું દેશીપાત્ર છે. વાર્તામાં તેની કાયાનું જે પ્રકારે વર્ણન કરવામાં આવ્યું છે તે જોઈએ, "અંબા ફૂટડી જરા ઉચીય ખરી, સોટા જેવી ઘડેલી કાયા ,મોટી આંખો, વધારે કાળી મહુડીનો છાંયો પીઠ ઉપર પાથર્યો હોય એવા વાળ, ભરચક ઉજળા ચહેરા પર સવાર જેવી નમણાશ. પીળી કરેણના ફૂલ જેવું નાક. દીવાની જ્યોત જેવી નજર. આવી રૂપાળી અંબા પર રાયજી માસ્તર ઓળઘોળ થઇ ગયેલો. જોઇને આંખ ઠરે એવી તેમની જોડી હતી. રાયજીને તે જાતભાતનું રાંધી ખવરાવતી. રાયજી સિનેમા દેખાડવા એને લુણાવાડા લઇ ગયેલો. પોતે લાખ શરમાઈ તોય પાન ખાવરાવેલું." 'સાહેબના વહુ' નું માન અને બધા તરફથી મળતું 'બહેન'નું સંબોધન અંબાને રાયજી માટે અડધી-અડધી કરી દેતું.

વાર્તાના આરંભમાં મુકવામાં આવેલું વાક્ય "છુટા પડવાનું તો એમણે શમણુંય નહોતું આવ્યું હજી હમણાં તો હળ્યા-ભળ્યા હતા......" ઘણું સૂચક બની રહે છે. નઘરોળ નાતે 'તમારી છોકરી તમારે ઘેરને અમારી અમારે ઘેર' એમ કહી અંબા અને રાયજીના લગ્નજીવનનો અંત આણ્યો ત્યારે અંબાની જીભ ઝલાઈ ગયેલી. પોતે રાયજી સાથે તો ખુશ હતી. સુખમય દામ્પત્યજીવન જીવી રહી હતી. પણ સમાજના જડ રિવાજને માટે તેને પોતાના સુખનું બલિદાન આપવું પડે છે. સમાજનાં આવા રિવાજોનો ભોગ બનતી અનેક સ્ત્રીઓની સંવેદનાને વાચા આપતું આ પાત્ર અને એનું વ્યક્તિત્વ વાર્તાને વધુ જીવંત બનાવે છે. વાર્તાનો પ્રારંભે અને અંતે બન્ને પરિસ્થિતિમાં અંબાનું કરુણ રુદન છે. રાયજી માસ્તરથી અલગ થતી તેના મનમાં રાયજી માટે પ્રેમ છે જે આજેય

અકબંધ છે. આથી જ તો રાયજી માસ્તરની બદલી પોતાના ગામમાં થઇ છે એ વાત જાણી તેને કશીક ટાઢક વળેલી. તો બીજી તરફ રેવજી સાથે લગ્ન કરી એને સંસાર માંડ્યો છે, રેવજીની સ્થિતિ અંગે પણ તે વિચારે છે અને તેની વધારે કાળજી લેવા માંડે છે. આમ, બે પતિઓ વચ્ચે સતત વ્હેરાયા કરતી અંબા એની મનઃસ્થિતિ વાર્તાનું ચાલકબળ બની રહે છે. અંતે તે રાયજીને કહેતા તો કહી દે છે કે મારું ભલું તાકતા હોય તો અહીંથી બીજે કશે બદલી કરાવી લ્યો પણ એ અંદરથી હળભળી ઉઠે છે. અને પોતાની જાતને દોષી માને છે. ઘણો વલોપાત કરે છે. અતિથ અને વર્તમાન વચ્ચે ઝોલા ખાતી અંબાની સ્વાગોકિત જોઈએ, "અભાગણી! મુઈ, આ કણબીએ તારું શું બગાળ્યું છે? તારું ઘર ભાગ્યું તો તારા સગાવહાલાએ ભાગ્યું, આ તો તારા દુઃખમાં ભાગ પડાવનારો ભાઈબંધ મળ્યો કહેવાય. એણે તો તને ખાટલેને પાટલે કર્યા કરી છે ભૂંડી ! તું એના મૂઢા સામું તો જો..... ગાય તરસી વાળ્યાનું પાપ શું કામ માથે વ્હોરે છે? આવતો ભવય બગાડવા બેઠી છે હવે કોડિયું તો કોડિયું એમાં અજવાળા ઘર લીંપવા ઓંછા નથી. એમાં પણ છેદે કરીને તો તું કાઈ નહી પામે, હા....." અહીં આપણે અંબાના મનોભાવો અને રેવજી માટેની તેની લાગણી સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ.

પોતાના પહેલા પતિ રાયજીની બદલી પોતાના ગામમાં થઇ એ વાત જાણીને હરખાતી અંબા એ વાતથી પણ વાકેફ છે કે રાયજીની ઉપસ્થિતિ પોતાના દામ્પત્ય જીવનમાં કેવા-કેવા પ્રશ્નો ઊભા કરશે. આથી જ તે રાયજીને બદલી કરાવવા કહે છે. અંબાનું પાત્ર વાર્તાનો પીંડ ઘડે છે. પોતાના જીવનમાં બનતી અકલ્પનીય ઘટનાને સ્વીકારતી, સ્વને દોષી માનતી, વર્તમાન-અતિતરૂપી રાયજીને બદલી કરાવી લેવા કહી દેતી અંબા વાર્તાનું પ્રાણવાન પાત્ર બની રહે છે. આખી વાર્તા એની આસપાસ જ ગૂંથાતી જાય છે. તો રાયજી માસ્તરની સ્થિતિ પણ વિચારવા યોગ્ય છે. છૂટાછેડા થયાના બીજા દિવસે જ તેની સગાઇ થઇ ગયેલી. સમાજનો મોભાદાર માણસ ચાર ઘડી બૈરા વગરનો રહે તો નાતમાં નાક વઢાઈ એમ માનતા આ સમાજને રાયજીના દુઃખ, ઉમંગની કોઈ પરવાહ નથી. સમાજના જડ નિયમનો ભોગ તો રાયજી પણ બને જ છે ને? પણ રાયજી પોતાની બેન ખાતર પોતાના સુખી દામ્પત્યજીવનનો ભોગ આપી દે છે. સમાજ અને એના જડ નિયમો એટલા તો શક્તિશાળી કે રાયજી

માસ્તર જેવો શિક્ષિત માણસ એનો ભોગ બનવા છતાં એનો વિદ્રોહ નથી કરી શકતો. એ પણ એની સામે શરણાગતિ સ્વીકારી મૌન સેવે છે.

અંબા અને રાયજી બંનેનો એકબીજા માટેનો પ્રેમાદર વખાણવા યોગ્ય છે. બન્ને ભલે અલગ થયા છે પણ પ્રેમ અકબંધ છે. આથી જ તો અંબાના એક જ વેણ પર રાયજી બદલી કરાવી લે છે. રાયજીને પણ અંબા માટે એટલો જ સ્નેહ છે. આ બન્ને પાત્રો જેવું જ વાર્તામાં ત્રીજું મહત્ત્વનું પાત્ર રેવજી છે. અંબાનો બીજો વર રેવજી વ્યવસાયે ખેડૂત છે. તે અંબાના અતિથ વિશે બધું જ જાણે છે. આંબાનું ઘર નંદવી નાંખનારાઓએ એનું મન પણ નંદવી નાખ્યું છે એ વાતથી તે વાકેફ છે. આથી જ તો તે અંબાને ખુશ રાખવાના બધાં પ્રયત્નો કરે છે. પોતે ખેતી કરે છે છતાં અંબાનું મન રાખવા નોકરિયાત જેવા લૂગડાં પહેરે છે. પોતે રાયજી માસ્તરની જેમ સુઘડ રહેવા મથે છે. જોકે એ રાયજીથી કોઈ વાતે જાય એવો નહોતો. રાયજી માસ્તરની પોતાના ગામમાં બદલી થઇ એ સમાચારે એને પણ અંદરથી વલોવી નાંખ્યો છે. એ જાણે છે કે અંબા તનથી મારી સાથે છે પણ એના મનમાં તો રાયજી જ છે. તે અંબાની મનઃસ્થિતિ ખુબ જ સારી પેઠે સમજે છે અને એના વ્યવહાર વર્તણુકે જ અંબાના હૃદયમાં એને સ્થાન આપ્યું હશે. પટેલ સમાજમાં આવા નિખાલસ અને સંવેદીનશીલ પાત્રને વર્ણવવામાં લેખકે ક્યાંય કચાસ રાખી નથી.

સમગ્ર વાર્તા આ ત્રણ પાત્રો એમના જીવનની આટીઘૂંટી, મનઃસ્થિતિ અને ભાવવિશ્વને રજૂ કરે છે. સમાજ તેના જડ નિયમોને કારણે પિતૃપ્રધાન સમાજમાં સ્ત્રીએ માત્ર વેઠવાનું જ હોય છે એનું વાસ્તવિક નિરૂપણ આપણે અહીં જોઈ શકીએ છીએ. મણિલાલ પટેલે ક્યાંય કાચું કાપ્યું નથી. સમાજ, સમાજના રિવાજોની પોકળતા, ખોખલાપણું અને એનો ભોગ બનતી અંબા જેવી અનેક સ્ત્રીઓને ધ્યાનમાં રાખી નોખા પરિવેશમાં નોખી પાત્રસૃષ્ટિ રચી આપી છે. જે વિષયવસ્તુને સચોટ રીતે રજૂ કરી આપે છે. વાર્તાની ભાષા સચોટ છે. પંચમહાલ, મહીસાગર પ્રદેશ અને તેની આસપાસના પ્રદેશની સર્જનાત્મકતાનો ઉન્મેષ આપણે અહીં વાર્તાના ગદ્યમાં જોઈ શકીએ છીએ. જે-તે પ્રદેશ એ પ્રદેશની ભાષા, બોલી આપણને જે-તે પ્રદેશ તેના જીવન, સંસ્કૃતિ, બધાથી અવગત

કરાવી આપે છે. તળની વાત કરવામાં આવે તો તળબોલી એ એની આગવી ઓળખ છે. અને તળબોલીમાં જ એ પ્રદેશની માટીની મહેંક આપણે અનુભવી શકીએ છીએ. જે-તે પ્રદેશ એની બોલીના અનોખા લહેંકા-લઢણો એ એની નોખી વિશિષ્ટતા હોય છે. જે વાર્તાને વધુ આકર્ષક બનાવે છે. 'બદલી' વાર્તામાં પણ તળબોલી રૂઢિપ્રયોગ, કહેવતોના સંસ્પર્શથી વાર્તા વધુ રસપ્રદ બનવા પામી છે. થોડા ઉદાહરણો જોતા વધુ ખ્યાલ આવશે.

"આંખના આંસુને હોઠકરડીને ખાળવાના અંબાએ ઘણા ઉધામા કર્યા પણ એના પર આજે એનો કાબૂ ન હોતો "

(પૃ. ૮)

" નીભાડા જેવી વેળા એમાં શેકાતી અંબા." (પૃ.૧૦)

અંબાની કાયાનું વર્ણન : "અંબા ફૂટડી, જરા ઊંચાંય ખરી, સોટા જેવી ઘડેલી કાયા, મોટી આંખો વધારે કાળી મહુડીનો છાયો પીઠ ઉપર પાથર્યો હોય એવા વાળ,ભરચક ઉજળા ચહેરા પર સવાર જેવી નમણાશ. પીળી કરેણના ફૂલ જેવું નાક. દીવાની જ્યોત જેવી નજર." (પૃ.૧૦)

"પાકવા આવેલી સીમ માથે વેરાયેલો તડકો થોડો હતો. પણ સુનકાર ચત્તોપાટ પડેલો ભળાતો હતો. દૂર સડકના સ્ટેન્ડથી આવતો મુસાફરોનો અવાજ આઘો-ઓરો સંભાળીઈને વિખેરાઈ જતો હતો." (પૃ.૧૨)

"રેવજી આંસુ રૂંધવાને બહાને મકાઈના અડધેથી ભાંગી પડેલા છોડને ટટ્ટાર કરવા મથતો હતો." (પૃ.૧૪)

ઉપરોક્ત ઉદાહરણોમાં આપણે ભાષાની બળકટતા અને વાર્તાને ઘડવામાં ભાષા કેટલી અને કેવી ઉપકારક બની છે તે જોઈ શકીએ છીએ. મોચમ, બંધિયો, શેઢો, વાર, તલબ, કમાડ જેવા પ્રાદેશિક શબ્દો તો હોઠ કરડવા, ફારગતી કરવી, જીભ ઝલાઈ જવી જેવા રૂઢિપ્રયોગો 'દેવને ઘર દવ પડે' જેવી કહેવતો વાર્તાનાં ગદ્યને વધુ આર્કષક બનાવે છે. તળબોલીનો સર્જનાત્મક વિનિયોગ અને વાસ્તવ સાથેની નિસબત ધરાવતી આ વાર્તાનું જમા પાસું તેની બોલી છે. અહી પ્રયોજવામાં આવેલા સંવાદો ધારદાર છે. વાર્તાનો પરિવેશ ગ્રામ્ય છે આ ગ્રામ્યજીવન એની રહેણીકરણી અને એનો લોકવ્યવહાર આ તળબોલીમાં પ્રગટ્યો છે. આ આખા પરિવેશને

વાસ્તવિક રીતે નિરૂપવામાં બોલી પાસેથી પણ વાર્તાકારે ધાર્યું કામ લીધું છે. એ સમગ્ર વાર્તામાંથી પસાર થતા અનુભવી શકાય છે.

વાર્તામાં લુણાવાડા વિસ્તારની આસપાસના ગ્રામ્યવિસ્તાર અને ત્યાંના લોકજીવન સાથે ખાસ કરીને લુણાવાડાનાં બાવન પાટીદાર સમાજનાં ગ્રામ્યસમાજ, પટેલસમાજ અને એમાં પ્રવર્તતા રીતરિવાજો, માન્યતાઓ, શ્રધ્ધા, અંધશ્રધ્ધાઓ અને સમસ્યા, પ્રશ્નોને વાચા આપવામાં આવી છે. વાર્તામાં વાર્તાકારનો અભિગમ સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે. આ પ્રદેશ એમાં પણ ગ્રામ્યપરિવેશમાં શ્વસતો પટેલ સમાજ અને એમાં પુરુષપ્રધાન સત્તા આગળ સ્ત્રીએ પોતાનું શોષણ હોવા છતાં મૂંગા મોઢે સહન કરી લેવું પડે છે. આ સમાજ અને એના આ દંભીપણાને ઉઘાડું પાડતી આ વાર્તામાં આ પ્રદેશની સ્ત્રીની મનોદશા, સ્થિતિ ઉજાગર કરવામાં આવી છે. પ્રાદેશિક વાર્તાએ માત્ર પ્રદેશના કોઈ એક વ્યક્તિની વાત નથી કરતી પરતું સમગ્ર પ્રદેશ તેનું જીવન તેની સમસ્યા, પ્રશ્નો, વ્યથા, શોષણ, વેદનાને વાચા આપતી હોય છે. અહીં 'બદલી' વાર્તામાં પણ લુણાવાડા પ્રદેશમાં પ્રવર્તતા સાટા જેવા જડરિવાજોનો ભોગ બનતી સ્ત્રીની વાસ્તવિક સ્થિતિને આલેખવામાં આવી છે. સ્ત્રીને સમાજના આવા જડ નિયમોને લીધે જે વેઠવાનું આવે છે તે પુરુષ વર્ગને વેઠવું પડતું નથી. સ્ત્રીનું જીવન કેટલી યાતનાઓથી ભરેલું છે તે આપણે અહીં પ્રત્યક્ષ થતું જોઈ શકીએ છીએ. સમાજ સ્ત્રીને હજુ પણ વસ્તુ સમજે છે. લાગણી, પ્રેમ, કરુણા આ બધાં જ પાસાંને નેવે મૂકી વિચારતો સમાજ, જડ બની રહે છે. સ્ત્રીની ઉપેક્ષા કરતો સમાજ સ્ત્રીને નીચી માનતો સમાજ, હજુ સાંપ્રતમાં જોવા મળે છે. એ આપણે 'બદલી' વાર્તામાં વિષયવસ્તુ લેખે નિરુપાયેલું જોઈ શકીએ છીએ.

વાર્તાકાર મણિલાલ પટેલ નીડર થઇ પોતાના જ સમાજના આવા જડ રિવાજને પડકારે છે. આપણે સારી રીતે જાણીએ છીએ કે પ્રદેશ ભેદે ભાષા, બોલી, રિવાજ, માન્યતા, રહેણીકરણી, લોકવ્યવહાર, લોકજીવન આ બધી જ બાબતોમાં તફાવત જોવા મળે છે. એટલે કે દરેક પ્રદેશ અને એના પ્રાદેશિક અંશો ભિન્ન હોય છે. સર્જક પણ આવા પ્રદેશ અને એના પરિવેશમાં જ વિકસતો હોય છે. એ જે સમાજમાં જન્મે છે, એની સારી-

નરસી બધી જ બાબતોથી તે અવગત હોય છે. ખાસ કરીને ગ્રામ્યપરિવેશમાં શ્વસતા લોકો તેમના રિવાજો, માન્યતાઓ, રહેણીકરણી, શ્રદ્ધા, અંધશ્રદ્ધા આ બધામાં જો વધુ શોષાવાનું થતું હોય તો તે સ્ત્રીને થાય છે. જો સ્ત્રી નિ:સંતાન હોય તો એમાં પણ એનો વાંક પછી ભલે પુરુષ પક્ષે જ કોઈ દોષ હોય. આવી અનેક સ્ત્રીઓ આવા સમાજના કાંઠા-કબડાનો ભોગ બનતી હોય છે. જેમાં કેટલીક તો હારી નિ:સહાય બની જીવ ગુમાવી દે છે. આત્મહત્યા કરી લે છે. અહીં લુણાવાડા પ્રદેશની આસપાસના ગ્રામ્યવિસ્તાર ત્યાંના સમાજ અને તેની જડતાને વાર્તાકારે 'બદલી' વાર્તામાં ચરિતાર્થ કર્યું છે. પટેલ સમાજ અને એમાં પ્રવર્તતા આવા રિવાજો સામે ખરેખર માથું ઉચકવાની તાતી જરૂર હતી. પ્રદેશ એનું ગામડું એનો સમાજ અને આ સમાજના જડત્વમાં આપણે પ્રાદેશિક પરિવેશને ચરિતાર્થ થતો જોઈ શકીએ છીએ. અહીં શોષણ છે, રેવજી છે, રાયજી છે પણ એમના દ્વારા અંબાનું શોષણ નથી થતું. આ ત્રણેય ભોગ બને છે સમાજના કાઠાકબાડાનો. સમાજ અંબાના સુખી સંસારમાં આગ લગાડે છે.

અહીં બધાં જ પાત્રો તળ સાથે જોડાયેલા છે. જે કૃષિ, પશુપાલન જેવા વ્યવસાય સાથે જોડાયેલા છે. રાયજી માસ્તર અને રેવજી આ બન્ને વચ્ચે ભીસાતું અંબાનું પાત્રએ આ પ્રદેશની સ્ત્રી એની વેદના, વ્યથા અને એની મન:સ્થિતિનું દ્યોતક બની રહે છે. અંબા હોય કે રેવજી કે રાયજી આ ત્રણેય પાત્રો માત્ર વાર્તા પૂરતા સિમિત નથી રહેતા પણ પ્રદેશ સમાજમાં વસતી અનેક સ્ત્રીઓની સ્થિતિ અને એમના વાસ્તવિક ચિત્રને આબેહૂબ ખડું કરી આપે છે. સમાજ, સંસ્કૃતિ, સભ્યતા એ માનવ વિકાસ સાથે જોડાયેલા અભિન્ન અંગો છે. પરંતુ જયારે આપણે સમાજની વાત કરીએ ત્યારે સમાજમાં પ્રવર્તતા રિવાજો, નિયમો સમાજના જ લોકો માટે પીડારૂપ બની જતા હોય છે. ત્યારે સાહિત્યે તો આ લોકોની મદદે આવવું જ રહ્યું. એ આપણે 'બદલી' વાર્તામાં જોઈ શકીએ છીએ. વાર્તામાં આપણે ગ્રામ્યપરિવેશ, પ્રાદેશિક સંદર્ભ રચી આપતા કેટલાક ઉદાહરણો ટાંકીએ તો,

"ખેતરની મોચમમાં હજુ પાછેતરી મકાઈના કૂણા-કાચા છોડ હતા. આકરા તાપમાં વિલાયેલું, કોક ભાંગી પડેલા અડધેથી." (પૃ.૮)

"પાકવા આવેલી સીમ માથે વેરાયેલો તડકો થોડો હતો. પણ સુનકાર ચત્તોપાટ પડેલો ભળાતો હતો." (પૃ.૮)

"મકાઈના છોડની પાનઠો પીળી પડવા માંડી હતી. પણ દોડા હજીય લીલા. માએ કેડેયમાં છોકરું તેડ્યું હોય એવા મકાઈના છોડ એ જોઈ રહી." (પૃ.૮)

"અંબાની તકાયેલી આંખોમાં મહુડા જેવા આંસુ રેવજી આંસુ રૂધવાને ને બહાને મકાઈના અડધેથી ભાંગી પડેલા છોડને ટટ્ટાર કરવા મથતો હતો." (પૃ.૧૪)

આ ઉદાહરણોમાં આપણે પ્રાદેશિક તળબોલી અને એની સર્જનાત્મકની વિશેષતાને તાગી શકીએ છીએ. લુણાવાડાની આસપાસના પ્રદેશમાં ખેતીએ મુખ્ય વ્યવસાય છે. રેવજી, અંબા બન્ને ખેતી પશુપાલન સાથે જોડાયેલા પાત્રો છે. ઉપરોક્ત ઉદાહરણોમાં પણ આપણે ખેતીવિષયક સંદર્ભ જોઈ શકીએ છીએ. આ સંદર્ભો અંબાની અને રેવજીની મનઃસ્થિતિના દ્યોતક બની રહે છે. એક રીતે જોતા અંબાના પાત્ર દ્વારા આપણે સ્ત્રીની આંતરછબીને અભિવ્યક્ત થતી જોઈ શકીએ છીએ. સ્ત્રી એટલે સહનશીલતાની મૂર્તિ એમ કહી સમાજે સ્ત્રીને સહન કરવા માટે તો એવા નિયમો પરંપરાઓ, રિવાજો બનાવ્યા છે કે જે માત્ર સ્ત્રી માટે જ સીમિત બની રહે છે. અને આ બધાના બોઝ તળે દબાતી સ્ત્રીનો જીવનરસ છીન્નભિન્ન થઇ જાય છે.

અહીં ખેતી જેવા વ્યવસાય સાથે જોડાયેલા પાત્રો છે. પ્રાદેશિકતાને સવિશેષ ધરતી તેના ખેડાણ, માવજત સાથે નાતો છે. આ પ્રદેશને આધારે મુખ્ય વ્યવસાય ખેતી છે. વાર્તાકારે પણ આવા ખેતી સાથે જોડાયેલા પાત્રો, આખો ગ્રામ્યપરિવેશ એના તળવાસ્તવ સાથે આલેખી આપ્યો છે. જે પ્રાદેશિક બની રહેવા પામ્યો છે. વાર્તામાં પ્રાદેશિકતાને મૂર્ત કરી આપતું અગત્યનું તત્ત્વ હોય તો તે છે એમાં પ્રયોજાયેલી જે-તે પ્રદેશની તળબોલી. પ્રદેશ ભેદે આ બોલીમાં પણ ભિન્નતા જોવા મળે છે. અને એ ભિન્નતા જ તેની એક અલગ વિશેષતા બની રહે છે. આ બોલીના પ્રયોજનથી વાર્તા વાસ્તવિક બની રહે છે. પ્રદેશ પ્રદેશમાં બોલાતી બોલી એની લઢણો-લહેકા, ભંગીઓ એની કહેવતો, રૂઢિપ્રયોગો, પ્રાદેશિક શબ્દો આ બધું જે-તે પ્રદેશ અને એના વ્યક્તિત્વને સ્પષ્ટ રૂપે ઉપસાવી આપે છે. 'બદલી' વાર્તામાં પણ તળપ્રદેશની આ તળબોલીના ચમકારા જોવા મળે છે. જોકે અહી

તળબોલીના ઉદાહરણો નહીવત છે છતાં ભાષા અને બોલીનો સમન્વય વાર્તાને કલાત્મકતા બક્ષે છે. એક ઉદાહરણ જોઈએ તો,

"ભૂંડી, તારે ય એક ભવમાં બે ભવ તો થયા હવે જે મળ્યું છે એનાથી ય મોઢું ફેરવી લેવામાં તું શું ન્યાલ થઇ જવાની હતી? આ કણભીને બબ્બે બૈરા પછી ય નીરવંશ થવાના દેન આવશે તો તારો આવતો ભવ ય કોણ જાણે કેવો ક જશે ? એક નંદવાયું તે ઓછુ પડે છે તને ?......(પૃ.૧૨)

આમ, તળબોલી અને એની ચમત્કૃતિ વાર્તાને કેવી જીવંતતા બક્ષે છે જે ઉપરોકત ઉદાહરણમાં પ્રતીત થાય છે. આ તળબોલી વાર્તાને પ્રાદેશિક બનાવે છે કારણ કે આ બોલીને સીધી નિસબત છે પ્રદેશ સાથે. પ્રદેશ બદલતાં બોલી અને એની લાક્ષણિકતા, વિશેષતા પણ બદલાઈ જતી હોય છે. એ અર્થમાં એ પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે. થૂકવું, ગળવું, જીવતરને લકવો મારી જવો, ગળે નખ દેવા, અછો વાના કરવા, પાપણોના ચોયાડે રાખવું જેવા રૂઢિપ્રયોગો, દેવ ઘેર દવ, નહિ દેખવું કે નહિ દાઝવું, જેવી કહેવતો આ તળબોલીના પ્રાણવંત તત્ત્વો છે. જે વાર્તામાં પ્રાદેશિક સંદર્ભ રચી આપે છે. સમાજ એમાં પર્વતતો રિવાજ એની જડતા, લોકજીવનમાં કેવા-કેવા પ્રશ્નો ઊભા કરે છે અને એનો ભોગ બનતા રાયજી, અંબા જેવા કેટલાય લોકોને મૂંગા મોઢે સહન કરી પોતાના ખુશી, સુખ, જીવનને હોમી દેવું પડે છે. લુણાવાડાના બાવન પાટીદાર સમાજનાં ચાલતા રીતરિવાજો, માન્યતાઓ, આંતરસંબંધો, અંધશ્રદ્ધા, કુટુંબજીવન આ બધું જ આ વાર્તામાં આલેખન પામ્યું છે.

સમગ્રપણે જોતા 'બદલી 'વાર્તાનું કથાવસ્તુ તળનું, લુણવાડા આસપાસના ગ્રામ્યપરિવેશ અને આ પરિવેશમાં શ્વસતા, પોતાની માટી સાથે જોડાયેલા પાત્રો, એમના જીવનવ્યવહાર રીતરિવાજો, રહેણીકરણી, વ્યવસાયો, બોલી, લોકમાનસ આ બધાં જ પાંસાઓ આ વાર્તામાં પ્રાદેશિકતાના તત્ત્વને મૂર્ત કરી આપે છે. તળ સાથે જોડાયેલું લોકજીવન અને એની સમસ્યા પ્રશ્નોને અંબા, રાયજી, રેવજી જેવા પાત્રો દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. તો વગર વિચારે દંપતિની ઈચ્છા-અનિચ્છા જાણ્યા વગર ફારગતી આપતો પંચ સમાજનું જડત્વ અને

એનો ભોગ બનતી સ્ત્રી આ બધી જ બાબતો પ્રાદેશિક બની રહે છે એ રીતે 'બદલી'વાર્તામાં આપણે પ્રાદેશિક ઉન્મેષ જોઈ શકીએ છીએ.

## ૨.૭ ડેરો – કાનજી પટેલ

કવિ વાર્તાકાર નવલકથાકાર અને સંપાદક તરીકે જાણીતા કાનજી પટેલના 'ડેરો' વાર્તાસંગ્રહમાં કુલ પંદર વાર્તાઓ સમાવિષ્ટ છે. આ વાર્તાઓમાં વિચરતી વિમુક્ત જાતિઓ, વંચિતો, શોષિત વર્ગની પીડા, વેદના, વ્યથાને વાચા આપવામાં આવી છે. આ વિશે કાનજી પટેલ જણાવે છે એ મુજબઃ "આદિવાસી, વિચરતા, ગ્રામીણ સમુદાયોની જીવનક્ષણો એના ભૂત, વર્તમાનના ભારાંક સાથે વાસ્તવ અને કલ્પનાના મેળમાં વાર્તામાં કહેવાની જહેમત ઉઠાવી છે. 'ડેરો' વાર્તાસંગ્રહમાં સમાવેલી આ વાર્તાઓ સમાજના એ જનજાતિઓના જીવનના અંધકારમાં સહાનુભૂતિથી ઊતરી વાર્તા કહી છે."[૨]

આ જાતિઓ વિચરે છે, ભટકે છે તેમની પાસે પોતાના ઘર-જમીન નથી પણ તેમની જીવાદોરી છે તેમની લોકસંસ્કૃતિ તેમની આગવી કળા. આ કળા થકી જ આજીવિકા રળતી આ જાતિઓને પોતાના અનેક પ્રશ્નો, સમસ્યાઓ છે. સમાજ અને શાસનની આ જાતિઓ માટેની જે પૂર્વમાન્યતાઓ, પૂર્વગ્રહો છે આ બધી જ બાબતોને 'ડેરો' વાર્તાસંગ્રહની વાર્તાઓમાં રજૂ કરવામાં આવી છે. અહીં 'ડેરો' વાર્તાસંગ્રહમાંથી મૂળ શીર્ષકવાળી વાર્તા 'ડેરો'ને પ્રાદેશિકતા સંદર્ભ તપાસવાનો ઉપક્રમ છે. વાર્તાને ઘડવામાં પ્રાદેશિકતાનું તત્ત્વ કેટલું ઉપકારક બની રહે છે એ વિશે ચર્ચા કરવાનો ઉપક્રમ છે. ભટકતા જીવનમાં પણ આનંદ માણતી સંખ્યાબંધ જાતિઓ આઝાદ ભારતમાં વસે છે. પોતાની આગવી સમાજવ્યવસ્થા, ભટકતા કુટુંબ જીવનમાં પણ અકબંધ જાળવવા માટે હજુ પણ તે મથી રહી છે. એવી મૂળ રાજસ્થાનમાંથી આવેલી ભટકતી કોમ તે મદારી. શિક્ષણ, જ્ઞાનથી લગભગ વંચિત આ લોકો આજે બેકાર બની ગયા છે. વનખાતું, જીવદયાપ્રેમીઓએ તેમના સાપ પકડી ખેલ બતાવી ગુજારો કરવાના પરંપરાગત વ્યવસાયને છીનવી લીધો છે. સરકારે બીજી કોઈ વૈકલ્પિક રોજીરોટીની વ્યવસ્થા ન કરી એટલે આ કોમના મોટાભાગના લોકો ભીખ-માંગી જીવન વિતાવે છે. યુવાનો ખેતમજુરી કરે છે. પણ જે લોકોએ

તેમનું આખું જીવન સાપના ખેલ બતાવવામાં જ વિતાવ્યું છે તેમને બીજું કશું આવડતું નથી. અથવા તો હવે બીજું કોઈ કામ કરી શકે તેમ નથી. આથી આ લોકો ભીખ માંગી જીવન ગુજારે છે.

'ડેરો' વાર્તામાં મદારી કોમની વ્યથા, વેદનાનું વાસ્તવિક ચિત્ર આલેખવામાં આવ્યું છે. સમાજનો એક એવો વર્ગ જે આજ સુધી હંમેશા ઉપેક્ષિત જ રહ્યો, હાંસિયામાં જ રહ્યો છે. અને આથી 'ડેરો' વાર્તા આ મદારી કોમના દુ:ખ દર્દની ખરી કથા બની રહે છે. 'ડેરો' વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં ગણેશદેવી લખે છે : 'ડેરો' માં સંગ્રહિત વાર્તાઓમાં પંચમહાલની માટીની ગંધ છે. પણ તેથી વધારે ગુજરાતી ભાષાની સર્જનાત્મકતાનું જોશ પણ છે. અંગ્રેજીમાં એવું કહેવામાં આવ્યું છે કે સાહિત્ય જેટલું સ્થાનિક સંસ્કૃતિને જૂએ છે એટલા જ પ્રમાણમાં વૈશ્વિક સંદર્ભ એને પ્રાપ્ત થાય છે. ૧૯૭૧માં અંગેજોએ આપણા દેશની તમામ વિચરતી જાતિઓને ગેરકાનૂની બનાવી હતી. તેઓના બધા નાગરિક હક્ક નકાર્યા હતા. ત્યારથી આજ સુધી એવી અસંખ્ય જનજાતિ ભારતમાં ભ્રમણ કરી રહી છે. અધિકારની શોધમાં ના એમની પાસે જમીન કે સંસાધન એવી વિચરતી જનજાતિઓના અંધકારના જીવન સાથે કાનજીભાઈ એકરૂપ થયા છે. આમ 'ડેરો' એટલે કાનજી પટેલની પોતાની ચેતનાની જ છબી." ('ડેરો' પ્રસ્તાવના) ગણેશદેવીના ઉપરોક્ત શબ્દોમાં 'ડેરો' વાર્તાસંગ્રહની સર્જનાત્મક વિશેષતા જોઈ શકાય છે.

વાર્તાનું કથાવસ્તુ જોઈએ તો રમજૂનાથ જે વણઝારા કોમનો છે તે મદારીની છોકરીના પ્રેમમાં પડે છે. અને મદારી તરીકેનું જીવન સ્વીકારે છે. મદારી કોમમાં આવ્યાં પછી એ નાથસંપ્રદાયનો ગુરુ થાય છે. વણઝારા કોમમાં રામજી તરીકે ઓળખાતો તે હવે રમજૂનાથ તરીકે ઓળખ મેળવે છે. તે રામદેવનો ભક્ત છે, મદારી બન્યો છે આથી સાપ પકડી ખેલ બતાવી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરતું સરકારના વન્યપ્રાણીઓ પર અત્યાચાર ન થાય એવા કાયદાથી મદારીઓનું ભવિષ્ય સંકટમાં આવી જાય છે. રમજૂનાથ અને તેના સાથીઓને સાપના ખેલ બતાવતા પોલીસખાતાવાળા અને જીવદયાવાળા પકડી વાંદરા પૂરવાના પાંજરે પૂરે છે. સરકારના આ કાયદાથી રમજૂનાથ અને તેના સાથીઓને જે વેઠવાનું થાય છે એ વસ્તુ વાર્તામાં રજૂ થયેલ છે. આમ જોવા જઈએ તો પ્રાદેશિક વાર્તામાં આખો સમૂહ જ પાત્રરૂપે રજૂ થતો હોય છે. અને વિકસતો હોય છે.

એટલે એમાં નાયક શુન્યતાની સ્થિતિ જોવા મળી શકે. પરતું ક્યારેક પ્રદેશ સાથે એકાત્મ એવું કોઈ એક પાત્ર મુખ્ય બનતું જતું લાગે છે. 'ડેરો' વાર્તામાં રમજૂનાથનું પાત્ર આવું જ બની રહે છે. તે આખા મદારી સમુહનું નેતૃત્ત્વ કરતુ લાગે છે. રમજૂનાથ નાથસંપ્રદાયનો ગુરુ છે. ભજન ગાવામાં એક્કો છે. હિન્દી, ગુજરાતી, કચ્છી, કાઠીયાવાડી ભાષાઓનો જાણકાર છે. તે લોકોને બાધાં-આખડી આપે છે. કાઠીયાવાડ, મારવાડ, પાવાગઢ સુધી તેના 'ડેરા' છે. ગામે-ગામ એની ફેરી થાય છે. ભજન-પાટ પુરાય છે. 'મુ જાણું નાથ પંથના સઘળા પુરજા' એમ કહેતો એ ચેલા બનાવે છે અને બારેમાસ ફરતો રહે છે. પરતું એકવાર રમજૂનાથ અને તેના સાથીઓને સાપનો ખેલ બતાવવાના ગુનામાં પોલીસના માણસો પકડી જાય છે. અને બસો રૂપિયાનો દંડ ભરાવે છે. રમજૂનાથને કોર્ટમાં ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવામાં આવે છે ત્યારે તે પોતાની સફાઈમાં કહે છે, "શાયેબ અમારે શેનો વકીલ રોકવાનો ? ખેડૂત ખેતી કરે, શિકારી શિકાર કરે અમે ભટકતા આદિવાસી કોઈને ત્યાં સાપ નીકળે તો પકડીને એ ઘરવાળાને રાહત આપીએ. સાપને કરંડિયે રાખી એની સેવા કરીએ ગામેગામ ફરીને છોકરાને ખેલ બતાડી રાજી કરીએ એમાં કાઈ ખોટો સે ? (ડેરો પૃ.૭૫)

ન્યાયાધીશ સમક્ષની રમજૂનાથની આ દલીલ અને તેના જેવા અનેક મદારીઓની વાસ્તવિક સ્થિતિને પ્રગટ કરી આપે છે. તેનો આ પ્રશ્ન વિચારવા યોગ્ય છે. વિચરતી-વિમુક્ત આવી અનેક જાતિઓને કાયદાના નામે જે વેઠવું પડે છે, એમનું જે રીતે શોષણ થાય છે એનો સૂર આપણે આ વાર્તામાં પ્રગટ થતો જોઈ શકીએ છીએ. ખેલ બતાવવા મદારીઓને પકડી વાંદરા પાંજરે પૂરી પોલીસના માણસો સત્તાના મદમાં જાણે પ્રાણી અને માનવ વચ્ચેનો ભેદ ભૂલી ગયા હોય એમ લાગે છે. પેઢીઓથી ખેતી કરતો ખેડૂત પણ જીવનનિર્વાહ માટે બળદને હળ સાથે જોડી અથાગ પરિશ્રમ કરાવે છે. ત્યાં પણ પ્રાણીઓ પર અત્યાચાર જ તો છે ને? વંશ પરંપરાગત વ્યવસાય ઉપરાંત સાપ પકડી તેનો બચાવ કરવો અને સમાજને તેનાથી બચાવતા, સાપની પૂંજા કરતા મદારીઓનો આ વ્યવસાય પ્રાણીઓ પર અત્યાચાર બની રહે છે. મદારીઓને સરકારનો આ કાયદો જેટલો વિષીલો લાગતો હશે એટલો કદાચ સાપ નહિ લાગતો હોય. રમજૂનાથ પોલીસખાતાના માણસોને યોગ્ય જ કહે છે "શાયેબ અમે

આજના થોડા સાપ, નાગ રાખીએ છીએ? આદિવાસી છીએ ડેરામાં રહીએ ખેલ બતાડીને પેટ ભરીએ અમારા હળ બળદીયા આ સાપ જ સે" (ડેરો પૃ.૭૪)

સમાજ કલ્યાણખાતાના સચિવ અનિલકુમાર મદારીઓને ઘર બનાવવા જમીન આપવાની વાત કરે છે. ત્યારે રમજૂનાથ કહે છે "સચિવ સાહેબ ઘર આપશો પણ પેટ ભરવાનું શુ સાધન આલો સો એ તો કહો, આ ચાર દિવસ પહેલા મને ને બીજા મદારીઓને વાંદરાના પાંજરામાં જંગલખાતાવાળાએ પૂરી ઘાલેલા. પૂરાવવામાં જીવદયાવાળાય હતા. ગામમાં અને પંચાયતો ઘરથાળ આપતી નથી. ફરતા રહીએ તો નિશાળોમાં સોકરા કેવી રીતે જાય ? આ સાપને બાપ બધુ મેલી દઈએ. પણ અમને ખાવાપીવાનું આલાવો." (પૃ.૭૬) આમ મદારીઓનો મુખ્ય પ્રશ્ન જ આજીવિકાનો છે. તેઓ પોતાના વંશપરંપરાગત વ્યવસાયને છોડવા માટે તૈયાર છે. છોકરાઓને ભણવવા માંગે છે. પણ એમની આજિવિકાનું સાધન શું ? સરકાર કાયદા ઘડીને જે છે તે પણ છીનવી લેવા બેઠી છે. મદારીઓનો પ્રશ્ન એટલો ગંભીર છે કે સમાજકલ્યાણ સચિવ પણ 'મારા હાથમાં કઈ નથી' કહી છુટી જાય છે. એટલે કે એક રીતે વાર્તામાં રમજૂનાથ જ મુખ્ય પાત્રરૂપે વાર્તાને ઘડે છે. મદારી અને એમના જેવી અનેક ભટકતી, વિચરતી કોમો માટે તેમના જીવનનિર્વાહ માટે જે પ્રશ્નો ઉદ્ભવે છે. એ પ્રશ્નોને આ પાત્રો પ્રસ્તુત કરી આપે છે. જે ખરા અર્થમાં વસ્તુગત બની રહે છે. કોઈ એક પ્રદેશની વાર્તાની વાત કરતા હોઈએ ત્યારે વાર્તામાં તે પ્રદેશ તેની તળબોલી, ત્યાંની પ્રજાના ચિતતંત્ર અને ચેતનાતંત્ર પ્રગટ થવા જોઈએ. અને આમ કરવામાં આવે ત્યારે જે-તે પ્રદેશનું તળજીવન તેની લોકસંસ્કૃતિ વાર્તાને નોખી પાડી આપે છે. ત્યાંની તળબોલી વિશેષનો પ્રયોગ વાર્તામાં જે-તે પ્રદેશના માણસને જેવો છે તેવો જ આપણી સમક્ષ પ્રગટ કરી આપે છે. 'ડેરો' વાર્તામાં પંચમહાલ, પાવાગઢ આસપાસની તળબોલી અને મદારી કોમની બોલીનો સર્જનાત્મક વિનિયોગ કરવામાં આવ્યો છે. એકાદ સંદર્ભ જોઈએ તો, વાર્તાના આરંભમાં જ રમજૂનાથ રામદેવના દહરે બે છોકરીના બાપ મનુ કોન્ટ્રકટરને વચન આપતો જોવા મળે છે. તે કહે છે " આ દિવાળી તે આવતી દિવાળી હુદી તારા ઘરમાં સોકરો પાલણે ના ઝૂલતો થાય તો તારું જુતુંને મારું મોં આ બોલ જો કદી જૂઠો પડે તો આ મદારી તારા પેશાબનો થાય ? (પૃ.૭૧)

રમજૂનાથના આ વાક્યોમાં હુદી, સોકરો, પાલણે જેવા શબ્દોમાં આપણે તળબોલીની ચમત્કૃતિ અને વિશેષતાને પામી શકીએ છીએ. શાયેબ, સે, વાકગનો, સીએ જેવા બોલીગત શબ્દો વાર્તાને તળ સાથે જોડી રાખી ચોટદાર બનાવે છે. ભાષા, બોલી એ માણસની ઓળખ છે. એની લઢણ-લહેંકો એક અલગ જ છબી રચી આપે છે. મદારી, વાદી, વણઝારા, ભાટ, સીદી, વાઘરી, નાયક જેવી કોમો વિચરતી રહે છે. આથી એમની બોલીમાં પણ વિવિધતા અને વિશિષ્ટતા જોવા મળે છે. મદારીઓ મૂળ રાજસ્થાનમાંથી આવીને અહીં વસેલા આથી તેમની બોલીમાં રાજસ્થાની લઢણ-લહેંકો જોવા મળે છે. અહી વાર્તામાં પ્રયોજવામાં આપેલી તળબોલી આ વાતને ચરિતાર્થ કરી આપે છે. રમજૂનાથ દ્વારા પ્રયોજાતી તળબોલી વાર્તાને વધુ વાસ્તવિક બનાવે છે. આમ જોવામાં આવે તો બધી જ વાર્તાઓમાં વાસ્તવિકતા લાવવા માટે, વાતાવરણને જીવંત બનાવવા માટે જે-તે પ્રદેશની ભૌગોલિક સ્થિતિ, પ્રકૃતિ, સંસ્કૃતિનું, સજીવ આલેખન કરવામાં આવે છે. પ્રાદેશિક વાર્તાને જે-તે પ્રદેશ વિશેષ સાથે વિશિષ્ઠ સંબંધ હોય છે. અને આ પ્રદેશની – ક્ષેત્રની રાજકીય સામાજિક, આર્થિક, સાસ્કૃતિક, પરિસ્થિતિઓ ઘટના અને પાત્રને જન્મ આપે છે. આમ તો વાર્તામાં પ્રદેશ વિશેષનું વર્ણન હોય એવા ઉદાહરણો છે. જેમ કે, પન્નાલાલ પટેલની નવલિકોઓમાં ઉત્તર ગુજરાત, સાબરકાઠાનો પ્રદેશ, જયંત ખત્રીની વાર્તાઓમાં કચ્છ પ્રદેશ, મેઘાણી-મડિયાની વાર્તાઓમાં સૌરાષ્ટ્ર પ્રદેશ-પ્રાદેશિક વાર્તાઓ આ જે તે પ્રદેશ તેની લોકબોલી, લોકસંસ્કૃતિ, લોકજીવન, ઈતિહાસ, સમસ્યા આ બધું જ લઈને આવે છે.

‘ડેરો’ વાર્તાનું વિષયવસ્તુ પંચમહાલ અને તેની આસપાસ વસતા મદારીઓની સમસ્યાઓ, પ્રશ્નો, વ્યથા, વેદનાને રજૂ કરે છે. પાવાગઢ આસપાસનો પ્રદેશ અને તેનો પરિવેશ વાર્તાને વધુ જીવંત બનાવે છે. વિશિષ્ઠ સ્થળ, પ્રાકૃતિક પરિવેશમાં લોકકળા વેચી આજીવિકા રળતી મદારી કોમનું સૂચક આલેખન ‘ડેરો’ વાર્તામાં જોવા મળે છે. પશુઓ પર અત્યાચાર ન થાય એ ઉદેશ્યથી ઘડાયેલો કાયદો અને એ કાયદાથી મદારીઓના જીવનમાં ઊભી થયેલી સમસ્યા એ વસ્તુને વાર્તામાં વાસ્તવિક રીતે આલેખવામાં આવી છે. આ રખડતી-ભટકતી કોમની પોતાની ભાષા, બોલી, સંસ્કૃતિ, કળા છે. એવા જ એમના નોખા રીતરિવાજો, માન્યતાઓ, શ્રદ્ધા, અંધશ્રદ્ધાઓ પણ

છે. સાપ-વીંછીના ખેલ બતાવી લોકોને મનોરંજન પૂરું પાડતી આ કોમમાં રમજૂનાથ જેવા પણ છે. જે બાધાઓ આપે છે. છૈયા છોકરાની ખોટ ,મિલકતના ઝગડા, પેમલા-પેમલીને મળવાની, છૈયા-છોકરાની, લગનની મંછા હોય, રોગ હોય, પાપ-વિસારો કરવો હોય તો એના ઈલાજ રૂપે તાવીજ કરી દે છે. એ અર્થમાં આ લોકો પ્રાદેશિક બની રહે છે. પહાડનાથ, જામફળનાથ જેવા પાત્રોના નામમાં જોવા મળતા 'પહાડ' 'જામફળ' જેવા શબ્દોમાં પણ આપણે તેમની પ્રકૃતિ સાથેની આત્મીયતા અને નિકટતા જોઈ શકીએ છીએ.

મદારી કોમમાં લગ્નનો એક અલગ જ રિવાજ છે. એ રિવાજ મુજબ રમજૂનાથનો જમાઈ લગ્ન પછી તેના 'ડેરે' રહેવા આવેલો તેને ચોર સમજી પોલિસવાળા જેલમાં પૂરી દે છે. લોકોને ત્યાં ચોરી થાય એટલે નટ, વાદી, વાઘરી, મદારી, નાયક, બજાણિયા જેવા સમુદાયના લોકોને વગર વાંકે પકડી લઈને બળજબરીપૂર્વક ચોરી કબૂલાવી દંડ ફટકારવામાં આવે છે. સરકારી સત્તાના મદમાં મદમસ્ત બનેલા લોકો દ્વારા કરવામાં આવતું આવું શોષણ, આ સમુદાયોની સ્થિતિ અને તેમનું જીવન ખરા અર્થમાં વાર્તામાં પ્રાદેશિકતાના તત્ત્વને ઉજાગર કરી આપે છે. "મોટી ગોળ આંખો, માથે જટાનો અંબોડો, દાઢી મુંછ, ગળામાં રુદ્રાક્ષનો શીગી, ભગવી બંડીને લુંગી, કપાળમાં અને બાવળે, ગળે કેસરી પટ્ટા, સીમની લાકડી, રાઠોડી મોજડી, બંડીના ગુંજામાં યેવડા બીડીની જૂડી ખનકતી દીવાસળી-કોઈવાર કેવેન્ડર્સનું પાકીટ પણ હોય." રમજુનાથનો આવો પહેરવેશ તેને ખરા અર્થમાં પ્રાદેશિક બનાવે છે. એનો વ્યવસાય પ્રાદેશિક બની રહે છે. આજીવિકા મેળવવા ગામે-ગામ ભટકતા આ મદારીઓને રહેવાની ચિતાં નથી. રહેવા માટે તો 'ડેરો' છે જ. જે-તે પ્રદેશમાં વસતા વણઝારા, ઈરાની, વાદી, સીદી, બન્નીએર, કઝાર, ભાટ, વાઘરી, નાયક, સલાટ, વીશપડા જેવી બધી જ કોમોમાં 'ડેરો' સામાન્ય છે. જે પ્રાદેશિક બની રહે છે. આ લોકો વિચરતા રહે છે એટલે 'ડેરો' ગબડતો રહે છે. વસ્તીમાં ભમતો રહે છે. 'ડેરા' માં જ તેમની અનેક પેઢીઓ ઉદય પામી અને અસ્ત થઇ, ફરતા રહેવાનો તેમનો ઉદેશ્ય માત્ર એક જ છે વસતિને રાજી કરવાનો એમની સાથે ભળવાનો નહિ. આ લોકોને દુનિયાના લોભનો વાયરો અડતો નથી અને આથી જ નિજાનંદમાં મસ્ત બની જીવન જીવતા આ લોકો પ્રાદેશિક બની રહે છે.

'ડેરો' એટલે ઝીણા ટાંકે સીવેલી ગોદડી જેમાં ખલતા ઝોળી, પહેરણ, ચોળી અને ચણિયા જેમાં પેટ પર પથ્થર ફોડવાનો ઘણ છે. બહુરૂપી થવાના વિવિધ વેશ છે. જેને લગાવતા વાર લગતી નથી. ભોંય પર હાથ ફેરવી દડ ખસેડીને ઉપર ખજૂરની ચટ્ટાઈ ફેલાવી સીવેલી ગોદડી નાખી ઉપર પોટલાને વાસણ ખડકી મોટી ગોદડીનો છાયો કર્યો એટલે 'ડેરો' તૈયાર. આ ડેરામાં રહેતા આ લોકોને બીડી, ચા ને ભજીયા મળે તો ભયો ભયો થઇ જાય. સાંજે એકવાર લોઢીયે રોટલા ઘડી, હાંડલામાં ચોખા નાખી પકવી ,પથ્થર પર ચટણી કરી છાશ ભેગા ખાઈ-પી આનંદ કરતી આ પ્રજા ખરા અર્થમાં પ્રાદેશિક બની રહે છે. સમાજના ભદ્ર લોકો માટે ચઢતા-ચઢતા આસમાને જવું, ખાતા-ખાતા હાથી જવું, દેવથી નરકથી ડર્યા કરવું, ભોયમાં મૂળ ધાલી ગંધાઈ ઊઠવું જેવા વ્યંગાર્થ વાક્યો 'ડેરા'ને તેમનાથી નોખો તારવી આપે છે.

આ લોકો સામાન્ય છે એવું જ તેમનું જીવન પણ સામાન્ય છે. જ્યાં ઉભા રહ્યાં, આડા પડ્યાં, ઊંઘ્યા એ જમીન ઝટ ખાલી કરવી એ એમનો મંત્ર છે. ગમે તેવી આપત્તિઓનો સામનો કરવાનું તેમનામાં સામર્થ્ય છે. ભવિષ્યની ચિંતા ન કરતા માત્ર અબઘડીની પરવાહ કરતા એવા આ લોકોના જીવન વર્તન, વ્યવહારમાં આપણે પ્રાદેશિકતા જોઈ શકીએ છીએ. જેમેને બહુની ચાહત નથી અલ્પમાં રાજી છે એવો આ 'ડેરો' પ્રાદેશિક છે. આવી આ કોમ સામે સરકાર ન જૂએ અને સાપને ખાતર એમને જેલમાં પૂરે, ન કરેલી ચોરી માટે કેદખાને પૂરે ત્યારે તેમની વ્યથા, વેદના સમજી શકાય છે. અને એમનો આર્તનાદ આપણે 'ડેરો' વાર્તામાં સાંભળી શકીએ છીએ. નોખુ જીવન પહેરવેશ, બોલી, રીતરિવાજો, માન્યતાઓ, રહેણીકરણી, ખાનપાન, વ્યવસાય, રહેઠાણ, આ બધામાં આપણે પ્રાદેશિકતાનું તત્ત્વ પામી શકીએ છીએ. એ અર્થમાં 'ડેરો' વાર્તા પ્રાદેશિક બની રહે છે.

'ડેરો' વાર્તામાં આ રીતે મદારી કોમ, એની જીવનશૈલી, એમની સમસ્યાઓ, આજીવિકા અને ભવિષ્ય માટે સરકારનો કઠીન કાયદો આ બધી જ બાબતો સાથે તેમના સ્વભાવ, રીતરિવાજો, રહેણીકરણી, વ્યવસાય આ બધાં જ તત્ત્વોને કેન્દ્રમાં રાખી વાર્તાનો પીંડ ઘડવામાં આવ્યો છે. અહીં રમજૂનાથ અને એની સમસ્યા એ માત્ર એના પૂરતી નથી પરતું રમજૂનાથ એ આખા મદારી સમુદાયનું ગૌરવ કરતુ પાત્ર બની રહે છે. વાર્તાકારે

મદારીના જીવન, ભવિષ્યને કેન્દ્રમાં રાખી એક અનોખું વિષયવસ્તુ પસંદ કરી વાર્તાનું કાઠું ઘડ્યું છે. જેમાં પ્રદેશ, પ્રકૃતિ અને સંસ્કૃતિનો સમન્વય જોઈ શકાય છે. જે આ વાર્તાને પ્રાદેશિક બનાવે છે .

"મદારી કે વાદી, લાલવાદી કે ફૂલવાદી, લાંબી લાકડીના બે છેડે બે ઝોલા એકમાં કરંડિયોને બીજામાં ઉઘરાવેલી કણકે, કરંડિયા પર બીન મુકેલું રહે પડખે ધરમનો પછેડો સાથે ઘરનું એક છોકરું જમ્બુરો થઈને રહે. હરેક મદારી વસતિમાં ફર્યા કરે કોઈ ભગવા પહરે કોઈ કાળા પહરે, કોઈ વળી ખાખી ખમીસ જોવા લોક ભેગું થાય છોકરાને ભારે કૌતુક." આ વર્ણનમાં આપણે મદારીઓ અને એમના દેશીજીવન વિશે અવગત થઇ શકીએ છીએ. પ્રાદેશિક જીવન જીવતી આખી મદારી કોમની વ્યથા, વેદના અહી માત્ર રમજૂનાથ પુરતી સીમિત રહી જતી નથી. કોર્ટમાં પ્રશ્નોના ઉત્તર આપતો રમજૂનાથએ આખી મદારી કોમનું નેતૃત્વ કરતુ પાત્ર બની જાય છે. આ ડેરાના જીવન વિષે વાર્તામાં જોઈએ તો "આ ડેરો અજબનો છે. રાતે ડેરામાં રામાપીરના, નાથપંથના, કબીરના ભજન ગવાય, છોકરા બીન વગાડે, સાપે રમે, વીંછીને ખભે રાખીને ફરે."(ડેરો,પૃ.૭૭) પ્રકૃતિના તત્વો સાથે તાલમેલ સાંધી દેશી જીવન જીવતા આ ડેરાવાસી લોકો અને 'ડેરો' બન્ને પ્રાદેશિક છે.

સતત વિચરણ કરતા, સાપને ખાતર જેલ જતા, ન કરેલી ચોરી માટે કેદખાને જતા, લોક અને સરકાર બન્ને તરફથી ઉપેક્ષાયેલા આવા આ લોકો પ્રાદેશિક છે. અહીં આલેખાયેલો પ્રદેશ, પ્રદેશનું લોકજીવન, લોકસંસ્કૃતિ અને કથાવસ્તુ મહીસાગર વિસ્તારના આસપાસના ગ્રામ્યપરિવેશનું છે. જે વાર્તામાં પ્રાદેશિક સંદર્ભ ઊભો કરી આપે છે .

### ૨.૮ રાણા પ્રતાપના વંશજો - કાનજી પટેલ

કાનજી પટેલે સૌપ્રથમ વાર સમાજની વિચરતી-વિમુક્ત જાતિઓની વ્યથા-વેદનાને વાચા આપવાનું ભગીરથ કાર્ય તેમના 'ડેરો' વાર્તાસંગ્રહમાં કર્યું છે. જેમાં આ જાતિઓના વિભિન્ન પ્રશ્નો, સમસ્યાઓને વિષયવસ્તુ તરીકે પસંદ કર્યું છે. અહીં તેમણે ચામઠા, નટ, વાદી, નાયક, લુહારીયા, મદારી, રાવળ જેવી વિચરતી જાતિઓના પ્રશ્નો-સમસ્યાને વાસ્તવિક રૂપે વાર્તાઓમાં ચીતર્યા છે. આ કોમો તેમની રૂઢિઓ, રિવાજો, રહેણીકરણી,

જીવનવાસ્તવ, માન્યતાઓ, શ્રધ્ધા, અંધશ્રદ્ધા આ બધું જ વાર્તામાં આલેખાયું છે. અહીં આ કોમોની વેદના, વ્યથા, પીડા અને શોષણ કેન્દ્રમાં છે.

અહીં 'ડેરા' વાર્તાસંગ્રહની 'રાણા પ્રતાપના વંશજો' વાર્તાને પ્રાદેશિકતા સંદર્ભ તપાસવાનો ઉપક્રમ છે. વાર્તામાં લુહારીયા કોમની વાત કરવામાં આવી છે. આજીવિકા મેળવવા ગામે-ગામ ફરતી આ જાતિઓમાંથી લુહારીયા કોમ તેમની રહેણીકરણી, શોષણ, સંઘર્ષની વાત અહીં કરવામાં આવી છે. સાંપ્રત સમયમાં પણ આવા લોકોથી આપણે પરિચિત છીએ. સમાજના લોકોને મદદરૂપ બની રોજીરોટી રળી ખાતા આ લોકોને રહેવા માટે એક મકાનથી પણ વંચિત રહેવું પડે છે. અને આ ગામથી પેલે ગામ ફરીફરીને જીવન ગુજારવું પડે છે. આ એમના જીવનની વરવી વાસ્તવિકતા છે. અને આ વાસ્તવિકતાનું તાદશ આલેખન પ્રસ્તુત વાર્તામાં થયું છે.

ગામડાઓમાં પાદર પાસે રહેલા કોઈક વડ, લીમડાના ઝાડ નીચે, શહેરમાં ફૂટપાટ પર 'ડેરો' બાંધી જીવનનિર્વાહ કરતા આ લુહાર સ્વાવલંબી છે. જાતે કામ-કરી કમાઈ મહેનતનો રોટલો ખાય છે. ગામે-ગામ ફરી દાતરડાં, કુહાડી, કોદળા ટીપી આજીવિકા રળી ખાતા આ લોકો સાવ દેશીજીવન જીવે છે. અહીં વાર્તામાં પણ કઈક આવું જ છે. મેઘો લુહાર છે જે પોતાને રાણા પ્રતાપના વંશજ માને છે. તેની પત્ની શકરી સાથે લુહારીકામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. પોતાનું મકાન ન હોઈ મેઘાને સપરિવાર આમથી તેમ ફરતા રહેવું પડે છે. વાર્તાને અંતે ગામલોકોના વિરોધ થકી ઘરવિહોણા મેઘો પોતાની પત્ની અને નાની બાળકી એમ પરિવાર સમેત ગામ છોડી એક નવા ગામનો આશરો શોધવા નવા ગામની શોધમાં નીકળી પડે છે. પ્રાચીન મહાભારત અને રામાયણ કાળથી અસ્તિત્ત્વ ધરાવતી આ લુહારીયા જાતિ તીર, તલવાર, રથ બનાવનાર હતા. ઉપરાંત ખેડૂતો માટે હળ, બીજા ખેતી માટે ઉપયોગી સાધનો બનાવી કૃષિક્ષેત્ર પોતાનું યોગદાન આપતા. તો આધુનિક સમયમાં જાળી, ઝાંપા, ફર્નિચર બનાવી સમાજના લોકો માટે મદદરૂપ બનતી આ જાતિને એક મકાનથી વંચિત રહેવું પડે છે. ગામે ગામ ભટકવું પડે છે એ તેમનું શોષણ જ છે.

આગવું કૌશલ્ય ધરાવતા અને ખેડૂતો માટે ઘણા જ ઉપયોગી એવા લુહારીયા જાતિના લોકોની વેદનાને આ વાર્તામાં તેની નક્કર વાસ્તવિકતા સમેત આલેખવામાં આવી છે. અહીં મેઘો લુહારીયો એ વાર્તાનો મુખ્યનાયક છે. પોતાના પરિવાર સાથે ગામેગામ ફરીને કાંસ, પાંસિયા, દાંતેડો, તવેથા ટીંપી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતો મેઘો વાર્તાનું હાર્દ છે. ગામમાં લુહારનો ડેરો નંખાય એટલે બાળકો પણ રાજી રાજી થઇ જાય. પૈડા, અંકોડી, ગાલ્લી જેવા રમકડાં લુહારીયા અનાજના સાટામાં બનાવી આપતા. ગામે ગામ વિચરતો મેઘો સ્વાભિમાની છે. જે હોય એ ચોખ્ખું જ સંભળાવી આપે છે. કણબીની વહુને એ તરત જ કહી દે છે, "એ પટલાણી બૂમો ના કરો, મારે કાઈ બેળે પૈડું ઘડી નથી આલવું. લોઢાનો બજારમાં ભાવ ખબર શે? પાંચ રૂપિયે શેર. મકાઈ બે રૂપિયે શેર. હળિયોને અંકોડી બશેરના થાય. દહ રૂપિયાના પાંચ શેર મકાઈના ઠેકાણે બશેર મંગાવી તોય કાઠું પડ્યું? મારી ઘડવાની મજુરીનો અશાબ તો માંડતો નથી. પછી ઘડી રહીને ઉમેર્યું. ગામ કોઈ આવું બોલતું નથી. તમને ફરાહી આવી સે." (પૃ.૬૫)

આખો દિવસ કામ કરી થાકી જતો મેઘો રાત્રે ડુંગરના ફાડામાં બારિયાના છાપરે જઈ દારુ પી છાકી જાય છે. શકરીને ગાળો ભાંડતો તે પોતે 'રાણાપ્રતાપનો વંશજ' છે એમ જણાવે છે. આગળ તે કહે છે કે પરતાપ રખડેલો, જંગલમાં તણખલું થઈને વટનો માર્યો. આજે આપણે પથારી તળે તણખલું રાખીને હુઇએ આવી રાજવંશી, ખુમારી રાખતો મેઘો અને શકરી વચ્ચે દહાડે અને રાતે ફળિયામાં વસતી વચ્ચે રૂસણા ચાલતા રહે છે. મહેનત કરી બે ટંકનું ખાવા બસ આજ વિચારી સાવ દેશીજીવન જીવતો મેઘો અને શકરીનું દામ્પત્યજીવન પણ આ કોમના જીવનવાસ્તવને ચિત્રાત્મક રીતે પ્રસ્તુત કરે છે. મેઘો અને શકરી બે હતા ત્યાં સુધી તો ઠીક પણ એને ત્યાં છોકરી જન્મે છે. આથી તે ગામના સરપંચ શિવાભાઈને દસ-વીસ હાથ જગ્યા વેચાતી કે ભાડે આપવા જણાવે છે. જેથી ઉનાળો-શિયાળો અને ચોમાસું એને આમ ગામે-ગામ રખડવું ન પડે. શિવાભાઈ તેની આ માંગણી વિશે વિચારી તેને જગ્યા આપવા માટે તૈયાર થાય પણ છે. પણ બીજી તરફ શિવાભાઈનો ભત્રીજો, દલોકાકો, સાકળડોસા જેવા લોકોને એ મંજુર નથી. આથી તેઓ આ વાતનો વિરોધ કરે છે. વિરોધ એટલી હદે

કરે છે કે શિવાભાઈ જેવા ભલા માણસને માર મારે છે. વાર્તાકારનો સીધો ઈશારો છે કે જો સમાજના કોઈ આવી જાતિઓને મદદ કરવા આગળ આવે છે ત્યારે તેમની નિંદા અને તીવ્ર વિરોધ થાય છે. સમાજના લોકોમાં આવી આ જાતિઓ માટે એવો તો વિરોધાભાસ ઘર કરી ગયેલો છે જે નીકળવો કઠીન કામ છે. સતત વાર્તામાં સંઘર્ષ કરતુ જોવા મળતું આ પાત્ર આર્કષક બની રહે છે. લુહારિયા કોમની વ્યથા, વેદના અને શોષણનું નેતૃત્ત્વ કરતુ પાત્ર બની રહે છે.

મેઘાની પત્ની શકરી અને એની ઉપસ્થિતિ વાર્તામાં ઘણી મહત્ત્વની બની રહે છે. ઘર ગુજરાન ચલાવવામાં મેઘા સાથે ખભે-ખભો મિલાવીને મેઘાને ટેકો કરતી શકરી ઘણી મહેનતુ છે. શકરી લુહારીયા કોમની સ્ત્રીઓની વાસ્તવિક સ્થિતિ અને એમના ખરા વ્યક્તિત્વ, માનસને સુપેરે વ્યક્ત કરી આપે છે. કોઈ એક ગામમાં ‘ડેરો’ નાખતાં જ ફળિયે-ફળિયે કાંસ, પાંસિયા, દાતેડા, તાવેથા, ટીપવવા હાક નાખી લઇ આવવા, રસોઈ બનાવવી, ધમણ હાંકવી, ઘણ મારવા, દાતરડા કાંકરવા જેવા પોતાના ભાગે આવતા કામો આંખો દિવસ કરતી શકરી રાત્રે દારૂપીને છકી ગયેલા મેઘાની ગાળો પણ સાંભળે છે. આર્થિક ભીંસ સાથે પણ પોતાના વ્યક્તિત્વની ગરિમા સાચવતું આ પાત્ર આર્કષક બની રહે છે. તેની ખુમારી અને સ્વાભિમાનપણાનું ઉદાહરણ જોઈએ તો દલોકાકો શિવાભાઈ પર ખોટો આરોપ મુકે છે કે, “લવારિયાની બૈરી ઘરમાં ઘાલી નક્કી. પાણી એકલું પીધું ઓત તા હુદી વાંધો નો’તો.” આ સાંભળતા જ શકરી વાઘણની જેમ તૂટી પડે છે અને જણાવી દે છે, “ હાંકળકાકા, આવડ્યું એ બધું ના બોલો. ઘૈડપણમાં કીડા પડશે. લવારીયાને કાંય જાત નથી? તમારા કણબીયાં છૂટી કાંસડીના. ફરી આવું નાગું બોલ્યા તો એકલી આ લવારેણ બે ચારને લેતી પડશે.” મેઘા અને શકરી આ બંનેનો કણબીઓ સામેનો પ્રતિકાર એમને ખરા અર્થમાં જાણે રાણાપ્રતાપના વંશજ તરીકે પ્રગટ કરી આપે છે.

સમાજમાં શિવાભાઈ સરપંચ જેવા માણસો પણ હોય જ છે. પરંતુ આવા માણસો સામે વિરોધીઓની સંખ્યા વધુ હોય છે. જે આવી જાતિઓની સંવેદના, લાચારીને સમજી શકતા નથી. તેઓનો પૂર્વગ્રહ આવી જાતિઓ માટે ખૂબ કઠીન પરિસ્થિતિ ઉભી કરી આપે છે. વાર્તામાં આગવો તળભાષાનો મિજાજ જોવા મળે છે.

જેમાં શબ્દો, લહેંકા-લઢણો કહેવતો, રૂઢિપ્રયોગો, તળની રસાળ ભૂમિનો તરોતાજા અનુભવ કરાવે છે. વાર્તાકારે અહીં વિચરતી વિમુક્ત જાતિઓમાની એક જાતિ લવારિયા તેમની વ્યથાની વેદનાની કથા અહીં રજૂ કરી આપી છે. અને આ માટે તેમને આ કોમની તળબોલી વાર્તામાં સર્જનાત્મક રીતે પ્રયોજી છે એ જોતા તેમનું આ લોકોની બોલી વિશેનું જ્ઞાન પણ કેવું ગહન છે તે જાણી શકાય છે. આ પ્રાદેશિક તળબોલી વાર્તાને વધુ જીવંતતા બક્ષે છે. વાર્તામાં પ્રયોજાયેલી બોલી વાર્તારસને જાળવી રાખવામાં ઘણી મહત્ત્વની બની રહે છે જેમ કે,

"ચાર વરહથી ધાન તો પાચ્યું નથી ને લવારીયો ન્યાલ કરવાનો ? જા અહીંથી, હમણાં ધીબીકાંડ. અહી મેલી છાંડી એ મેઘલા હારું મકાઈ ? અચ્છેર શેર ઓંય તો ઠીક." (પૃ.૬૪)

આ શીયાની, મેઘલા તી બશેર મકાઈમાં પૈડું ઘડી આલવા કેવું ? ડાસુ તો કાંય ઓસુ ફાટે ? ગદઈ લોક મારું પીટયું અનૂતનું ખાવા પેધ્યું." (પૃ.૬૫)

"મનેય એક ફેર એક લાવારીયો લાંપની પેઠે સોટ્યો કે કહું તો સોડ. એક હાંડશી ય મની વળગાડી, તાણી સોડ્યો" (પૃ.૬૭)

"તમારા ઘેર એક ડીચરાને દહ દહ થજો" (પૃ.૬૯)

"આ શિવલો આ લાવારિયાનો ગોર રાયણનો થઇ જ્યો ? એને લાવારીયાના ગોળાનું પાણી પીધું ઓય એમ લાગે."(પૃ.૬૯)

આ સંવાદોમાં આપણે તળબોલી એનો લહેંકો-લઢણ અને એની ચમત્કૃતિ જોઈ શકીએ છીએ. ગ્રામીણ સમાજ અને આ સમાજમાં આવી ભટકતી જાતિઓ માટેના પૂર્વગ્રહો પણ જોઈ શકાય છે. અહીં પ્રાદેશિક તળબોલીમાં થયેલી અભિવ્યક્તિ અને સચોટ ભાષાકર્મ વાર્તાને આર્કષક બનાવે છે. કાનજી પટેલનો મુખ્ય આશય અહીં લવારિયા જાતિના લોકોના જીવન અને ખાસ તો તેમને રહેવા માટેના સ્થળના પ્રશ્નોને કેન્દ્રમાં રાખી તેમની વ્યથાને વાચા આપવાનો છે. સાથે શિવાભાઈ જેવા લોકો કે જે આવી જાતિઓના ઉત્કર્ષ માટે તેમના વિકાસ માટે ઊભા થાય છે ત્યારે સમાજ, ગામના લોકો દ્વારા તેમને જે સહન કરવાનું, વેઠવાનું થાય છે એ વાત પર પણ

પ્રકાશ પાડવામાં આવ્યો છે. મેઘો-શકરી જેવા પાત્રો આ પાત્રોની ક્રિયા-પ્રતિક્રિયાઓ તેમની જીવનશૈલી, ખુમારી, સ્વાભિમાન આ બધું જ વાર્તામાં  પ્રાદેશિક સંદર્ભોને પ્રગટ કરી આપે છે.

વાર્તાનું કથાવસ્તુ મહીસાગર આસપાસનું ગ્રામ્યજીવન છે. પ્રદેશનો આંખો ગ્રામ્યપરિવેશ અને એનું લોકજીવન, લોકમાનસ અહી સુપેરે વ્યક્ત થતા જોઈ શકાય છે. લવારિયા (લુહાર) કે જે આજીવિકા મેળવવા એક ગામથી બીજા ગામ ફરતા રહે છે. આમ તો ગામમાં વર્ષમાં એકાદવાર આવી દસ-પંદર દહાડા ડેરો નાખી ગામ આંખના ખેડૂતો, બાળકોને ઉપયોગી બની રહે છે. સમાજના લોકોને અહી મેઘો અને શકરી પ્રત્યે તો સંવેદના નથી જ પરંતુ તેને દીકરી પણ છે. તેમ છતાં તેઓ મેઘાને ફાળવવામાં આવતી જગ્યા માટે વિરોધ કરે છે. મેઘો અને શકરીના પાત્રો અને તેમના સંઘર્ષ દ્વારા અહીં સચોટ રીતે આ વાતને પ્રસ્તુત કરવામાં આવી છે. વાર્તાનો આરંભ  જોઈએ તો “ ચૈત્ર બેઠો નાનીશીક ગાલ્લીમાં મેઘો લુહારીયો એની વહુ શકરી આ ગામ પેલું ગામ કરતા નમતા પહોરે ગામે આવી પહોચ્યા. ગોધા જેવો બળદ, ગાડામાં અલક-મલકની વખરી થોડીક નાની હોત તો રમકડાની ગાલ્લી જ કહેવી પડત. લીમડા હેઠે કાયમનો પડાવ નાંખ્યો. માટલા, હાંડલા, પિત્તળની થાળીઓ, જરમન તાંસળા, એરણ, હથોડી સાણસી, ચીપિયા, ઘણ, છીણી એવી કઈક ચીજો, ગોદડીઓ, ખજૂરીની સાદળી, કાંથી ભરી ગૂંથીને મઢેલો પાણીનો ભાંટવો, ડબાડબી.  થોડુક તગારીમાને થોડું  છુટું  રખડતું  ગાલ્લીથી ઊતરતું જાય.”(પૃ.૬૪)

ઉપરોક્ત વર્ણનમાં આપણે આખો પ્રાદેશિક ગ્રામીણપરિવેશ જે મેઘા લુહારની રહેણીકરણી અને એના લોકમાનસને તાદશ કરી આપે છે એ ઓઈ શકીએ છીએ. આ ઉપરાંત ઘરવખરી અને વ્યવસાયિક સાધનો એક આગવો પ્રાદેશિક સંદર્ભ પ્રગટાવી આપે છે. ગામેગામ ભટકતાં દેશીજીવન જીવતી આ લવારિયા કોમ માટે આવી ગાલ્લીમાં ભરાઈ જાય એટલી જ ઘરવખરી અને એજ એમનું જીવન. ગામડામાં લુહાર આવે એટલે ગામની ભાગોળે લીમડો કે વડ હોય તો ત્યાં પડાવ નાખે, ગામમાં બહુ ઝાઝાં દિવસો રોકવાનું હોય નહિ. આખા ગામમાં લુહાર તેની પત્ની બે-પાંચ ફેરા મારી જે કાઈ ટીપવવા-કાતરવાના સાધનો હોય એ લઇ આવે. બસ આ કામ પુરું

થાય કે એ ગામમાંથી પડાવ ઊઠાવી બીજા ગામડે ચાલવાનું જ હોય. રોટલો રળી ખાવા ગામેગામ ભટકતી-રખડતી આ જાતિ માત્ર અહીં મેઘા કે શકરી જ નહિ આખી લુહારીયા સમાજની સ્થિતિનું નેતૃત્વ કરે છે. આમ તો એ ખેડૂતો માટે ઘણા મદદરૂપ બની રહેતા હોય છે. પણ જો એમને રહેઠાણ આપવાની વાત આવે તો એ વાતનો વિરોધ થાય. આ એક પ્રકારે તેમનું શોષણ જ છે.

મહીસાગર પ્રદેશની આસપાસની વિશિષ્ટ પ્રાકૃતિકતા અને પહાડોથી સુશોભિત વાતાવરણમાં ખેતી પણ વિકસી છે. ધરતી સાથે સંકળાયેલા અને એમાંથી સ્વાભાવિક પણે પોષણ મેળવતાં આ પ્રદેશના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અને ખેતી માટે વાર્તામાં એક વાક્ય પ્રયોજાયું છે "ખેતી તો માણસ અને સાધનની ભવાઈ" (પૃ.૬૪) એમાં આ માણસ તે ખેડૂત અને સાધન ઘડી આપનાર લુહાર. એટલે કે આ બન્ને આ ભવાઈના પાત્રો છે જે એકબીજા માટે પૂરક બની રહે છે. કરણ કે ઉનાળો પૂરો થાય કે તરત જ ખેડૂતોને વાડ સરખી કરવા, જમીન ખેડવા, વાવણી કરવા, ભાત-ભાતના સાધનો ટિપાવવા પડે છે જેમાં આ લવારિયાનો ફાળો ઘણો અગત્યનો બની રહે છે. વાર્તાની પાત્રસૃષ્ટિ અને કથાવસ્તુ લુણાવડા આસપાસના ગ્રામ્યપરિવેશનું છે. આથી આ પાત્રોના સંવાદોમાં આપણે આ પ્રદેશની તળબોલીનો સર્જનાત્મક વિનિયોગ જોઈ શકીએ છીએ. જો કે તળબોલીના ઉદાહરણો જૂજ છે પણ વાર્તાને જીવંતતા આપવા પૂરતા તે સબળ છે. મેઘા લુહાર અને કણબીની વહુની વાતચીતમાં, સાંકળ દલાકાકા સાથેના વાર્તાલાપમાં આપણે આ તળબોલીનો સર્જનાત્મક ઉન્મેષ આ પ્રદેશના પ્રાદેશિક તળજીવન અને ત્યાંની પ્રાદેશિક્તાને પ્રત્યક્ષ થતી જોઈ શકીએ છીએ. જેમ કે, "શીયા ફૂગરાઈની ધરોમાં મોકલ્યા બોલતે શરમના આઈ ? બશેર મકાઈ કણબીના આહે કરોડ કણબી કોઈના આહેની.આ મેઘલાની ગામમાં પહેવા શીદ દીધો." (પૃ.૬૫)

તળબોલીની આગવી લઢણ અને લહેંકો વાર્તાનાં ભાષાપોતને વધુ સર્જનાત્મક બનાવી આપે છે. એ આ ઉદાહરણમાં પ્રત્યક્ષ થાય છે. વાર્તાનું શીર્ષક 'રાણાપ્રતાપના વંશજો' છે મેઘો પોતાને રાણાપ્રતાપના વંશજ તરીકે ઓળખાવે છે. રાણોપ્રતાપ પણ વટનો માર્યા રખડેલો એમ એ શકરીને કહે છે. ઉપરાંત પારકા ગામમાં પણ તે

સાંકળ ડોસા પાછળ બહાદુરી પૂર્વક ધારિયું લઈને દોડે છે મેઘાની આ બહાદુરી, ખુમારી એને રાણાપ્રતાપનો વંશજ પુરવાર સમગ્ર લુહારીયા જાતિવિશેષના વ્યક્તિત્વને પ્રગટ કરી આપે છે. જ્યાં પ્રાદેશિકતા મૂર્ત થાય છે. આ ઉપરાંત લવારિયા કોમના લોકોના રોજબરોજના સામાન્ય પહેરવેશનું નિરૂપણ જેમ કે શકરીએ હાથીદાંતના બલૈયા હાથે પહેર્યા છે. લુહાર કોમનો આ પારંપરિક પહેરવેશ છે. જે તેમને પ્રાદેશિક બનાવે છે. સમાજમાં વિચરતી, ભટકતી, રખડતી એવી જાતિ કે જે આજીવિકા મેળવવા માટે પરસેવો પાડી કામ તો કરે જ છે, લોખંડ સાથે કુસ્તી કરે છે, ભઠ્ઠીના કોલસા સાથે પોતે પણ તપે છે અને ખેડૂતોને મદદરૂપ પણ બને છે. છતાંય તેમણે રહેવા માટે કોઈ સ્થાન, ઘર ન મળી શકે એ એમનું એક પ્રકારે થતું શોષણ જ છે. મનુષ્યની ત્રણ મૂળ પ્રાથમિક જરૂરિયાતો રોટી, કપડા ઓર મકાન' માંથી પ્રથમ બે માટે તો એમને ફાફા મારવાં જ પડે છે પણ ત્રીજા માટે પણ સ્વપ્નો જોવા પડે છે. એટલે અહીં મુખ્યવિષય જ આ લવારિયા કોમના સ્થાયી વસવાટનો છે. જે વાર્તાનો મુખ્ય વિષય છે. વાર્તાકારે મેઘા લુહાર અને શકરીના પાત્રો દ્વારા આ વિષયને પ્રત્યક્ષ કરી આપવાનો શક્ય પ્રયત્ન કર્યો છે. જે સાર્થક બની રહ્યો છે. સાવ દેશી જીવન જીવતા આ લોકો ભટકતું જીવન જીવે છે. દેશી ખાનપાન, તો સ્વાભિમાન, ખમીરવંતી આ કોમ પ્રાદેશિક બની રહે છે.

સમગ્રપણે જોતા વાર્તામાં મહીસાગર પ્રદેશનો નોખો ગ્રામ્યપરિવેશ અને આ ગ્રામ્યપરિવેશમાં રોજીરોટી મેળવવા એક ગામથી બીજા ગામ ભટકતા-રખડતા લવારિયા કોમની પ્રાદેશિક ખાસિયતોને અહીં ઉજાગર કરવામાં આવી છે. જેમાં આ કોમની રહેણીકરણી, વ્યવસાય, પોશાક, ખાનપાન, સમસ્યા પ્રશ્નોને વાચા આપવામાં આવી છે. ગામડામાં આવી જાતિઓ માટે તેમના કાયમી સ્થાયી વસવાટ માટે જે લઘુતાગ્રંથિ અને પૂર્વગ્રહોયુક્ત વાતાવરણ જોવા મળે છે એ પણ અહી જાણે પ્રત્યક્ષ થાય છે. વાર્તામાં અંતમાં ગામમાંથી ગાલ્લી ઉઠાવી બીજા ગામ જવા રવાના થતો અને "આજે તો હુય પીવુંને શકરી તને ય પાઉં રાણા પરતાપના બેટા," એમ કહેતો મેઘો અને એની સ્થિતિ ઘણું બધું વ્યક્ત કરી જાય છે. આ પ્રદેશ એની ખેતીવાડી, જનસ્વભાવ, રહેણીકરણી, લુહારીયા કોમ એમની પરંપરા, બોલીમાં પ્રાદેશિક રંગ ભળતો જોઈ શકાય છે. જે પ્રાદેશિકતાને મૂર્ત કરી આપે છે. 'ડેરો'

વાર્તાસંગ્રહમાં કાનજી પટેલે પંચમહાલ, લુણાવાડા, પાવાગઢ વિસ્તારની આસપાસના ગ્રામ્યવિસ્તાર અને ગ્રામ્યપરિવેશમાં શ્વસતા પાત્રો, વિચરતી વિમુક્ત જાતિઓના પ્રશ્નો, સમસ્યાઓ, વેદના, વ્યથાને વાચા આપી છે. લુહાર કોમ પણ એમાંની જ એક વિચરતી કોમ છે. 'રાણા પ્રતાપના વંશજ' વાર્તામાં આ લુહાર કોમની બહાદુરી અને નીડરતા, તો સાથે ગામે-ગામ ભટકતા સંઘર્ષમય જીવનને વાસ્તવિકપણે આલેખી આપ્યું છે. આ કોમ એના પ્રશ્નો એના જીવનસઘર્ષ, સ્વભાવ, બોલી, વ્યવસાય આ બધાં જ તત્ત્વોમાં આપણે પ્રાદેશિકતાને ઉજાગર થતી જોઈ શકીએ છીએ.

### ૨.૯ આંબલીઓ - રાજેશ વણકર

પંચમહાલ પ્રદેશના યુવા વાર્તાકાર રાજેશ વણકર ગુજરાતી વાર્તાસાહિત્યમાં ઉભરતું નામ છે. 'માળો' વાર્તાસંગ્રહથી પોતાની વાર્તાયાત્રાનો આરંભ કરતા આ વાર્તાકારે માત્ર આ એક જ વાર્તાસંગ્રહથી પોતાની વાર્તાકળા, વાર્તાપ્રતિભાથી ગુજરાતી વાર્તાસાહિત્યમાં પોતાનું આગવું સ્થાન જમાવ્યું છે. તેમના આ વાર્તાસંગ્રહને દિલ્હી સાહિત્ય અકાદમીનો યુવા પુરસ્કાર મળ્યો છે. 'ગુજરાતી ટુકીવાર્તામાં પરિવેશની કાર્યસાધકતા' એ તેમનો મહત્ત્વનો શોધનિબંધ છે. તેને ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પરિતોષિક મળ્યું છે. ઉપરાંત સર્જક પંચમહાલ પ્રદેશના વિવિધ ક્ષેત્રોમા કાર્યરત છે. 'માળો' વાર્તાસંગ્રહમાં કુલ તેર વાર્તાઓ સમાવિષ્ટ છે. આ બધી જ વાર્તાઓમાં મહીસાગરની સ્નિગ્ધતા અને આ પ્રદેશના પહાડોનું પ્રાકૃતિક વૈશિષ્ટ્ય જોવા મળે છે. તળબોલીનો લહેંકો આ વાર્તાઓને વધુ વાસ્તવિક બનાવે છે. તળ સાથે જોડાઈને તળનો મહિમા કરતા આ સર્જકની 'માળો' વાર્તાસંગ્રહમાંથી 'આંબલીઓ ' વાર્તાને પ્રાદેશિક સંદર્ભે તપાસીએ.

વાર્તામાં બે અલ્લડ યુવતીઓ કચું અને મધુનાં મીઠા સંવાદથી વાર્તાનો આંરભ થાય છે. મહીસાગરના પાનમ ડેમના ડુંગરાળ પ્રદેશમાં રહેતા આ પાત્રોની આંબલિઓ પાડવા જવા માટે વરડો, આકડી, દોરી વગેરેની શોધખોળ અને એ સાથે તેમની વચ્ચેના મીઠા ઝઘડાથી વાર્તાનો પરિવેશ રચાય છે. ઉનાળાના સમયમાં ખેતરો-

સીમો-ડુંગરાઓ બધે જ સામાન્ય રીતે જોવા મળતું વૃક્ષ છે 'આંબલીઓ' ગામડા-ગામમાં વસતા છોકરા અંકોડી, દોરી લઇ આંબલીઓ પાડવા નીકળી પડતા. લાલ-લાલ બીટકાવાળી આંબલીઓ પાડતા પછી એમાંથી પોતે-પોતાનો હિસ્સો લેવા ભાગ પાડતા. વાર્તાકારે આ ઘટનાને અને 'આંબલીઓ' નો જે પ્રતીકાત્મક વિનિયોગ કર્યો છે તે ખૂબ રસપ્રદ છે. આગળ કચ્ચું અને મધુની સાથે ત્રીજું પાત્ર 'ધમલો' જોડાય છે. ધમલો કચ્ચું અને મધુના બાળપણનો દોસ્ત છે. ત્રણેય સાથે જ ઉછેરેલા છે. ધમલો ભણવામાં હોશિયાર છે પણ આર્થિક સ્થિતિ ખૂબ નબળી હોવાથી હાઇસ્કૂલમાં રોજ જવાને બદલે ખેતરમાં નીદવા-ગોડવા જાય છે. ત્રણેય મિત્રો ભેગા મળી આંબલીઓ પાડવા જાય છે. ધમલો ઝાડ પર ચડવામાં એકકો છે. આથી તે કચ્ચું અને મધુને લાલબીટકાવાળી 'આંબલીઓ' પાડી આપે છે. પૈસાની જરૂરિયાતવાળા ધમલાને કચ્ચું શહેરમાં જઈ આંબલીઓ વેચી પૈસા કમાવાનો તુક્કો આપે છે. ધમલો કચ્ચુંના આ વિચાર સાથે સહમત પણ થાય છે તે શહેરમાં આંબલીઓ વેચવા જાય છે. પરંતુ શહેરના લોકો 'આંબલીઓ' ખાવા કરતા પૈસાને વધુ મહત્ત્વ આપે છે. તો ઘણા તો કાચી છે. ઉધરસ થાય એવી છે કહી વખોડે છે. આથી ધમલો અંતે માંગનાર ગરીબ બાળકોને બધી આંબલીઓ મફત આપી ચાલ્યો આવે છે. તે કહે છે કે શહેરના લોકો માટે નથી આપણા માટે છે. આપણા બકરા આંબલીઓ ખાશે તો લોટો દૂધ આપશે. આથી ધમલો ઉમળકાભેર-ઉત્સાહભેર આંબલી પર ચઢી સ્કૂલનો ઘંટ વાગે તે પહેલા 'લાલ બીટકાવાળી આંબલીઓ પાડે છે. તે કહે છે "આ બધું આપણા હારું જ ભગવોને બનાવ્યું છે સે. જીભના સટાકાવારો માટે નઈ. લો આ પાડુ ભેગું કરો." (પૃ.૩૬) ઉત્સાહમાં આવીને દોડાદોડી કરતી કચ્ચું અને મધુ આ આંબલીઓ જોઈ રાજી થઇ જાય છે. ને વાર્તા પૂરી થાય છે.

ડુંગરાળ પ્રદેશના તળજીવન અને બીજી તરફ રૂપિયાને મહત્ત્વ આપતા લોકોને વાર્તાકારે સામ-સામે મૂકી આપ્યાં છે. એટલે કે ડુંગરાળ પ્રદેશમાં વસતા આદિવાસીઓ એમનું ગ્રામ્યજીવન એની સામે શહેરીજીવન એમ વાર્તાકાર અહીં તળનો મહિમા કરે છે. જે વાર્તામાં સ્પષ્ટપણે કળી શકાય છે. વાર્તા મુખ્ય ત્રણ પાત્રો કચ્ચું, મધુ અને ધમલાની આસપાસ વિકસે છે. કંચુ અને મધુ પાનમ ડેમની આસપાસના ડુંગરાળ પ્રદેશમાં રહેતી

આદિવાસી છોકરીઓ છે. બને હાજર જવાબી છે. કંચુનો કાશીમાં સાથેનો સંવાદ જોતા આ વાત વધુ સ્પષ્ટ થશે. ડુંગર પર રહેતા હોઈ પાણી કૂવેથી બેડા લઈને ઉપર લાવું પડતું હોય છે. આથી પાણી કરકસરતાપૂર્વક વાપરવું પડે છે. ત્યારે કંચુ 'લાય બીજોય લોટો' કહી પાણી માંગે છે ત્યારે કાશીમાં અકરાય છે અને બંનેને કહે છે "તમને કોઈ રાખવાનું નહિ હો ફાટી જીઓ સો તે પણ મને યાદ કરજો હોંકે........." (પૃ.૨૯)

"એ તું તારી હાહરી હંભાર્ય અમારી હાહરીની ચિંતા કર્યા વગર" કંચુનો કાશીમાને આ ઉત્તર તેની અલ્લડાઈ અને તેના વ્યક્તિત્વને છતું કરી આપે છે.

તો કંચુ અને કાશીમાનો આ સંવાદ વાર્તાના ઉગાડને પ્રાણવંતો બનાવે છે. ધમલો અને કંચુની મસ્તી દ્વારા વાર્તામાં પરિવેશ રચાયો છે. અહીં પ્રકૃતિના તત્ત્વોને પણ વાર્તાકારે ખાસા એવા ખપમાં લીધા છે. ખાખરાના વૃક્ષ ઉપર ચઢ-ઉતર કરતો ધમલો, કેસુડાના વૃક્ષને હલાવી ફુલવર્ષા કરતો ધમલો એ આ વાર્તાને વધુ સુંદરતા બક્ષે છે. વાર્તામાં જોવા મળતા વર્ણન મુજબઃ "ધમલો તો બાળપણનો ભેરુ, હેડવા શીખ્યો ત્યારથી સાથે જ ઉછેરેલા બુમ સાંભળીને કેડ્યું વીટેલો રૂમાલ ફંગોળી ચડ્ડી ચડાવતો ધમલો છાપરાની બહાર નીકળ્યો રસ્તે થઈને આવે તો ધમલો નહિ, પાતળો સોટા જેવો મૂંછનો દોરો ફૂટવાને હજુ ઘડીકની જ વાર હોય એવો એક જ હડી કાઢીને વાડામાંથી કુદયો સીધો જ નેળીયામાં, જાણે ઘરમાંથી પથરો નાખ્યો હોય એમ."(પૃ.૨૯)

ઉપરોક્ત વર્ણનમાં ધમલાનું સ્ફૂર્તિલાપણું, તેની શારીરિક સૌષ્ઠવતા જે વાર્તામાં એના આગવા વ્યક્તિત્વને પ્રસ્તુત કરી આપે છે. આમ તો ડુંગરમાં રહેતા આદિવાસીનું ખાનપાન દેશી હોય છે. તળ સાથે જોડાયેલા આ આદિવાસીના જીવનમાં વ્યસનો સાથે પણ જોડાયેલા હોય છે. આ વ્યસનો એના માટે માત્ર વ્યસનો નથી પણ એની લાકસંસ્કૃતિનો એક ભાગ બની રહેતા હોય છે. તહેવાર કે ઉત્સવમાં તાળી, મહુડાનો દારૂ એ એની પરંપરાનો એક ભાગ બની રહેતો હોય છે. અહીં ધમલો પણ આદિવાસી છે. તે પણ એમના સમાજમાં સાવ

સામાન્ય ને સહજ એવા આ વ્યસનો સાથે જોડાયેલો છે. તે પણ બીડી, દારૂ પીવે છે. અહી ધમલાનું પાત્રએ આ પ્રદેશના લોકજીવનને અને એના તાળવાસ્તવને તાદશ કરી આપે છે.

કંચુ, મધુ અને ધમલો ત્રણેય મિત્રો આંબલીઓ પાડતાં હોય છે. અને પાડેલી આંબલીઓનો ભાગ પાડે છે પરંતુ આંબલીઓ વધુ હોવાથી કંચુ ધમલાને મજુરી કરવા કરતા આ આંબલીઓ શહેરમાં વેચી આવી પૈસા કમાવવાનો કીમિયો આપે છે. ધમલો કંચુની આ વાત માની વધેલી આંબલીઓ શહેરમાં વેચવા જાય છે. બીજા દિવસે ધમલો ગુસ્સામાં હોય એમ લાગે છે. ત્યારે કંચુ તેને પૂછે છે, શું થયું ? કમાઈને રાતે બધું પી નાસ્યું કે શું ? ત્યારે ધમલો ગુસ્સામાં જવાબ આપે છે “હારા શે’ર વારા મેઠા વગરના સે આ શહેરના લોકો આંબલીઓ કરતા પૈસાને વધારે બચીઓ કરે છે. કોઈને કાંચી તો કોઈને ઉધરસ થાય એવી લાગે છે તો કોઈ સસ્તી માંગે છે. આથી બધી જ આંબલીઓ માગવાવાળા બાળકોને મફતમાં આપીને આવતો રહે છે. તે જમીન પરથી પથરો ઊઠાવીને ખાલી ઝાડ પર ફેકે છે અને પોતાનો રોષ પ્રગટ કરે છે અને કહે છે “ આ બધું ભગવોને આપણા હારું બનાયું છે જીભના સટાકવારો માટે નઈ લો આ પાંડુ ભેગી કરો.” (પૃ.૩૬)

આપણી દેશી વસ્તુમાં રહેલો અસલ સ્વાદ આ શહેરના લોકો પૈસાને બચીઓ કરીને નથી લઇ શકતા જેવી મહત્વની વાત વાર્તાકારે અહીં પાત્રોની રમત-રમતમાં રજૂ કરી આપી છે. અને એ રીતે અહીં તળજીવનનો મહિમા ગાયો છે. ત્રણેય પાત્રોના સંવાદોમાં આદિવાસી ડુંગરાળ પ્રદેશમાં રહેતા બાળકોની નરી વાસ્તવિકતા પ્રગટે છે. આ બાળકોને મજુરી કરવી પડે છે અને મજુરી કરીને પણ તેઓ ભણે છે. જેમ કે ધમલો ભણવામાં હોશિયાર હોવા છતાં નિયમિત સ્કુલે જઈ શકતો નથી. તેને ખેતરમાં નીદવા-ગોડવા જવું પડે છે. દેશીજીવન જીવતા પ્રકૃતિપ્રેમી આવા આદિવાસીઓના જીવનની ખરી વાસ્તવિકતા વાર્તામાં પ્રગટી છે. એ સાથે જ અહીં રૂખલી અને ગ્રામસેવકનો પ્રસંગ પણ શહેરના લોકોની ગ્રામ્ય-આદિવાસી લોકો માટેની બોદી માનસિકતા છે એ પ્રત્યક્ષ કરી આપે છે. ગ્રામ્યસેવક ભોળી રૂખલીને ભોળવીને ભોગવે છે અને ગર્ભવતી બનાવે છે. લાલ

બીટકાવાળી આંબલિઓની ઉપમા કંચુ અને મધુ માટે પણ અનેકવાર અપાઈ છે આથી એ અર્થમાં આંબલિઓ પ્રતીકાત્મક બની રહે છે. કંચુ, મધુ અને ધમલો આ ત્રણેય પાત્રો વાર્તામાં આદિવાસી લોકવ્યવહાર અને ત્યાંના પરિવેશને ચરિતાર્થ કરી આપે છે. એમના સંવાદો ક્રિયા-પ્રતિક્રિયાઓથી વાર્તાનો પીંડ બંધાય છે. અને વાર્તામાં આગવો પ્રાદેશિક પરિવેશ અને વાસ્તવ તાદશ થતા જોવા મળે છે.

સમગ્ર વાર્તામાંથી પસાર થતા પહેલું જ નજરે ચઢે એવું લક્ષણ છે વાર્તાની બોલી. વાર્તામાં પંચમહાલ પ્રદેશના પાનમ ડેમની આસપાસના ડુંગરાળ પ્રદેશમાં વસતા આદિવાસી લોકોની પ્રાદેશિક તળબોલીનો ખૂબ જ ચીવટતાપૂર્વક અને અસરકાક રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. જે વાર્તાને વધુ રસપ્રદ બનાવી આપે છે. વાર્તા વાંચતાં એમ લાગે કે જો વાર્તામાંથી આ તળબોલી હટાવી લેવાય તો વાર્તા પાંગળી બની જાય. વાર્તાકારે પ્રાદેશિક તળબોલીનો સર્જનાત્મક વિનિયોગ કર્યો છે. આપણા આધુનિકોત્તર વિવેચક ભરત મહેતા બોલી સંદર્ભ નોંધે છે કે, "બોલી વાર્તામાં સહજ બનીને આવવી જોઈએ. દેખાડા કે શણગારના ભાગરૂપે ન આવવી જોઈએ."૩

'આંબલીઓ' વાર્તામાં પ્રયોજાયેલી પાનમ ડેમ આસપાસના ડુંગરાળ પ્રદેશની બોલી જાણે વાર્તાને વધુ જીવંત બનાવે છે. વાર્તાકારે આ પ્રદેશની બોલીના પ્રયોજનથી આ પ્રદેશમાં વસતા આદિવાસી લોકોનું જીવન, તેમના વ્યવહારો, માન્યતાઓ, રહેણીકરણી અને તેમની માનસિકતાને અહીં સુપેરે વ્યક્ત કરી આપી છે. વાર્તામાંથી કેટલાંક અંશો જોતા વધુ સ્પષ્ટતા થશે. જેમ કે,

"એ આઈ ઈ આ દોરડી નેમ હોધુ સુ....

"લે તું કેતેલી દોયડીને ઓહડો બધુંય સે એટલે ઉ ના લાયી." (પૃ.૨૮)

"ઉ સુને તું સું કોમ ચિતાં કરે કહેતા વાંસ સાથે બૌકાને બાંધતી દોરીને ગોઠ મારતા ઉમેર્યું લાય લોટો પોંણી." (પૃ.૨૯)

"હા હા આવતા વરહે તો થોડું કૉમ કુબેર કાકાને આલીને હું રોજ આવવાનો પણ આજે જવું સે કઈ આંબલીએ એ."

"તો કો ઓમ હેડ્ય હેડ્ય કરવાનું સે....ગોમ તો બે ડુંગરા પાસર રઈ જયુ." (પૃ.૩૦)

"કય હુધી ઉપર રેવાનો, પેટ મેં બલાડો બોલસે પસી તો નેચે આવશે ને! (પૃ.૩૧)

"રૂખલી બકરા સરવા આવતી તે આંબલીઓ પાડી લાવતી એક દા'ડો ગ્રોમસેવક એને ઘેર આયો અશે તે આંબલિઓ સખાડી એને તો બઉ ભાઈજી તે રૂખલીને કે તારે રોજ આલવાની પસી તો." (પૃ.૩૪)

"નાના ગૌડો પેલો અતો અવે નૈ, અવે તો હારી હમજણ મલી કે આ બધું આપણા હારું ભાગવોને બનાયુ અસે જીભના સટાકા વારો માટે નઈ. લો આ પાંડુ  ભેગી કરો," (પૃ.૩૬)

ઉપરોક્ત બધાં જ ઉદાહરણોમાં બોલીની બળકટતા અને તેની સર્જનાત્મકતા પ્રગટી છે. આપણે શિષ્ટ ભાષાનો સાહિત્યમાં પ્રયોગ કરીએ છીએ. એટલે કે શિષ્ટ ભાષા એ સાહિત્યનું માધ્યમ છે. પણ બોલી સાથે લાગણી જોડાયેલી છે. ગુજરાતના કોઈપણ પ્રદેશમાં બોલાતી બોલી એ તે પ્રદેશના માણસની નિજી ઓળખ છે. તેની એ અસ્મિતા છે. તે તેને પોતાના તળ સાથે જોડી રાખે છે. આ બોલી એનું પોતીકું અસલ સંવેદન છે. અહીં વાર્તાકારે બોલી પાસેથી ઉમદા કામ લીધું છે 'ચ' અને 'છ'ના સ્થાને 'સ'નું ઉચ્ચારણ ધ્યાનાર્કષક બની રહે છે. વાર્તામાં પ્રયોજાયેલા તળશબ્દો જેવા કે, દોયડી, ઓહડો, સોટલા, પોણી, આથ, હાહરી, સહી, કોમ, શેતર, કોતેડો, બુશટ, શેર, મેઠો, ભઈબુનો આ શબ્દો પ્રાદેશિક પરિવેશને પ્રગટાવી આપે છે. જે વાર્તાને વધુ જીવંતતા બક્ષે છે. વાર્તાનો આરંભ જ બોલીના ચમકારાથી થાય છે જ્યાં આપણે વાર્તાકારનું બોલી માટે અને વાર્તા માટેની બોલી એની અનિવાર્યતા વિશે અવગત થઇ શકીએ છીએ. જે ખરા અર્થમાં આ વાર્તાને તળ સાથે જોડે છે. આ ઉપરાંત પ્રાદેશિક રૂઢિપ્રયોગો, કહેવતોના સંસ્પર્શ દ્વારા વાર્તાકારે વાર્તાના ગદ્યને વધુ સચોટ અને સબળ બનાવી આપ્યું છે.

આપણે જયારે વાર્તામાં પ્રાદેશિકતાની વાત કરતા હોય ત્યારે પ્રાદેશિક વાર્તાએ કોઈ ચોક્કસ ભૂભાગ સાથે જોડાયેલી છે. આ ભૂભાગ પર રહેતા લોકો એમનું જીવન, ખાનપાન, રહેણીકરણી, આચાર-વિચાર, વ્યવસાય, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, રીતરિવાજો આ બધું જ તેમની બોલી દ્વારા ઉજાગર થતું જોવા મળતું હોય છે. અહીં જે-તે પ્રદેશના તળજીવનનું વાસ્તવિક ચિત્ર પ્રગટ થતું હોય છે. અને આથી જ તળબોલી પણ એટલી જ મહત્ત્વની બની રહેતી હોય છે. આંબલિઓ વાર્તાનું કથાવસ્તુ પંચમહાલ પ્રદેશના પાનમ ડેમની આસપાસના ડુંગરાળ

પ્રદેશમાં રહેતા આદિવાસી લોકોના જીવન, રેહણી-કરણી અને શહેરના લોકો દ્વારા તેમનું જે રીતે શોષણ કરવામાં આવે છે એ વાસ્તવિકતાને પ્રગટ કરે છે. વાર્તાનું વિષયવસ્તુ સીધું જ તળ સાથે જોડાયેલું છે. આખો પરિવેશ ડુંગરાળ વિસ્તારના ગામડાંનો છે. વાર્તાના આરંભમાં જ જે વર્ણન જોવા મળે છે તે જોઈએ, "બારેમાસ હિલ્લોળા લેતા પાનમ નદીના ડેમથી આગળ તૂટીફૂટી સડકે-સડકે ચાલ્યા જાવ તો આગળ ડુંગરા મોટાને મોટા થતા જાય લીલાને સુકા પથરાળને માટીના ક્યાંક બકરા ભરેલા ડુંગરા તો ક્યાંક રખડતા ઢોરવાળો ક્યાંક તો સનેડો, ટીમલી કે વિક્રમ ઠાકોરના ગીતોથી ડોલતા ડુંગરાય મળે" (પૃ.૨૭)

વાર્તાના આરંભમાં જ વાર્તાકારે ડુંગરાળ પ્રદેશમાં વસતા આદિવાસીના લોકજીવન અને તેની રહેણીકરણી વિશે માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે. ડુંગરાળ પ્રદેશમાં વસતા આ આદિવાસીને સડક પણ આવી તૂટી ફૂટી જ જોવા મળે છે. તો આખો દિવસ કાળીમજુરી કરી રાત્રે મહુડાનો દારૂ કે તાળી પીને સનેડો કે ટીમલી સાંભળતા આ આદિવાસીઓ ઉલ્લાસમય જીવન જીવતા હોય છે. પ્રકૃતિ સાથે આ આદિવાસી જોડાયેલો છે, પ્રકૃતિપૂજક છે. આવા નિસર્ગના સહારે જીવતા ભોળા આદિવાસી લોકોનું ગ્રામસેવક જેવા શહેરી લોકો શોષણ કરે છે. આ વરવી વાસ્તવિક સ્થિતિ આ વાર્તાનું ઘટનાવસ્તુ બન્યું છે. એમાં આપણે આ પ્રદેશ અને એમાં સાદું, પ્રકૃતિના સહારે જીવન જીવતા આદિવાસી જનનું અને એના જીવનની વરવી વાસ્તવિકતાનું સચોટ આલેખન જોઈ શકીએ છીએ.

ડુંગરના આદિવાસીનો અસલ ખોરાક તેનું વન્યજીવન, તેની ગરીબી અહીં આલેખન પામી છે. કંચુ, મધુ અને ધમલો આ ત્રણેય દેશી પાત્રો, તેમના આચાર-વિચાર, રહેણીકરણી, મજુરી, ખેતી જેવા મૂળગત વ્યવસાય, ડુંગરાળ પ્રદેશનો આખો પરિવેશ, પ્રકૃતિના તત્ત્વો સાથેનું જોડાણ, પહેરવેશ, રહેઠાણ અને તેમની બોલીમાં પ્રાદેશિકતા મૂર્ત થતી જોઈ શકાય છે. કંચુ, મધુ અને ધમલો એ માત્ર સામાન્ય ન રહેતા આ પ્રદેશના લોકોની સંવેદનાને વાચા આપતા, તેમનું પ્રતિનિધિત્વ કરતા પાત્રો બની રહે છે. ગ્રામસેવક દ્વારા કરવામાં આવતું રૂખલીનું શોષણ એ શહેરના લોકોનો આવા ભોળા આદિવાસીઓ માટેનો જે ઈન્ટેન્ટ છે એ દર્શાવી આપે છે.

શહેરના લોકોની નિયત પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. શહેરમાં આંબલીઓ માંગનારા બાળકોને આપી પાછો આવતો ધમલો, એનું અકળાવવું અને શહેરના લોકો માટે 'મેઠા વગરના સે' એમ કહવું એ  તળજીવનનો મહિમા દર્શાવે છે.

"મારો હારો આ બધોય પેલા ગ્રામસેવકના જ ભઈબુનો એમને ખાત્તો આવડતું હોત તો ચેટલી આંબલીઓ સે. જવા દે હારોની વાત. કંચુએ અકળાઈને કહ્યું." (પૃ.૩૬)

ઉપરોકત સંવાદમાં કંચુનો ઈશારો શહેરના લોકો તરફ છે. આ આદિવાસીની આર્થિક સ્થિતિ તો કફોડી છે જ સાથે તેમનું જાતીય શોષણ પણ કરવામાં આવે છે. સટકાવારો, રૂપિયાને બચીઓ કરનારો, જીભના સટાકાવારો જેવા ધમલાના સંબોધનો એનો આ લોકો માટેનો આક્રોશ વ્યક્ત કરી આપે છે. વાર્તાકારે આ આદિવાસી લોકોના શોષણને રજૂ કરવા માટે આંબલીઓને પ્રતીકાત્મક રીતે પ્રયોજી છે. આ આંબલીઓની મદદથી તેઓએ આ પ્રદેશની રૂખલી જેવી આદિવાસી સ્ત્રીઓ અને એમના શોષણની વાતને મૂકી આપી છે. તો ઘણી જગ્યાએ વ્યંગાત્મકતા સાથે વાતની સચોટતા ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે. વાર્તાના અંતમાં ધમલાની ઉકિત જોઈએ તોઃ "આપણો બકરો ખાશેને તો લોટો દૂધ વધારે આલશે અને એય વગડે કૂદયા-કુદ કરી મલશે. લવારોય વરહમેં બે-બે કરતો મોટા થઈને દુજતાં થઇ જશે ખબર્ય સે કચું ?  (પૃ.૩૭) અહીં  પણ આપણે લેખકની વ્યગાત્મક શૈલી જોઈ શકીએ છીએ.

તાડના વૃક્ષ સાથે તો આ આદિવાસી જનનો સંબંધ ખૂબ જ નજીકનો રહ્યો છે. તાડના પાનમાંથી છાપરાને લાદી કરોઠો ભરી ઘર બનાવી નિસર્ગના સહારે જીવતા, રમતા, ઉછરતા આ આદિવાસી ખરા અર્થમાં પ્રાદેશિક બની રહે છે. તાળી, દારુ, બીડી જેવા વ્યસનો આ લોકોમાં સામાન્ય બની રહેતા હોય છે. વાર્તાકારે અહીં પ્રાદેશિક તળબોલી પાસેથી ધાર્યું કામ લીધું છે. જે વાર્તાને વાસ્તવિક બનાવે છે. જેમ કે " હૈ પસી ? એનો બાપો તો વાઘમાર સે એ જાણે તો બેયને વાઢી ન નાખે ? ને હાળો ગ્રામસેવક મારો બાપ મર્યા તાણે ફોરમ ભરાવવા ઉ એની પાસર્ય ફર્યા તોય ના ભર્યું. આવવા દે અવે એની માને હાહુ કરું એ હમજે સે શું એના મન મેં ? (પૃ.૩૪)

અહીં આપણે તળબોલી એના આગવા લય, લહેંકા-લઢણો દ્વારા ઊભરતો પ્રાદેશિક રંગ જોઈ શકીએ છીએ. વાર્તાકારે પોતાના વતન-પ્રદેશમાં વસતા આવા આદિવાસી લોકો એમની તરફનું શહેરના લોકોનું વર્તન, એમના દ્વારા કરવામાં આવતું એમનું જાતીય અને આર્થિક શોષણ આ બધી જ બાબતોને ખૂબ જ ચીવટતા અને કુશળતાપૂર્વક 'આંબલિઓ' વાર્તામાં આલેખી આપ્યું છે. વાર્તાનું શીર્ષક પણ પ્રતીકાત્મક છે જે સાર્થક બની રહે છે. અહીં રૂખલી, કંચુ, મધુ જેવી છોકરીઓ માટે લાલ બીટકા, કાતેડા, ગોળખો જેવા પ્રતીકાત્મક શબ્દો વાર્તાને પણ પ્રતીકાત્મક બનાવે છે.

ઉપરાંત વાર્તાકાર અહીં પ્રકૃતિના તત્ત્વોનો પણ બખૂબી ઉપયોગ કરે છે. ઝાડ સાથે ચડ-ઉતર કરતા ધમલાના પાત્રમાં આપણે તેનું પ્રકૃતિ સાથેનું જોડાણ જોઈ શકીએ છીએ. જે અહી રજૂ થયેલ છે, "બેય બરાબર થડ પાસે પહોચ્યાને ધમલાએ આખોય કેસૂડો ભાથીદાદા ચડ્યા હોય એમ ઝંઝેડી નાંખ્યો ને ફૂલોનો વરસાદ થયો જાણે એક સામટો કોયલોનો કલશોર થયો હોય એમ મધુ કંચુની હાસ્યમિશ્રિત કિલકારીઓથી એ સઘળી વનરાજી ઉભરાઈ ઉઠી." (પૃ.૧૭) આંબલીઓ વાર્તાનો પરિવેશ વન્ય છે. વન્યજીવનની વાસ્તવિકતાને આ વાર્તાકાર આબેહૂબ આલેખે છે. યોગેશ જોષી આ વાર્તા સંદર્ભ નોધે છે કે, "આંબલિઓમાં આદિવાસી પરિવેશએ આ વાર્તાનો વિશેષ ઉન્મેષ બની રહે છે. હિલ્લોળા લેતા પાનમ નદીનો ડેમ, ફાલેલા શેમળા ... કલાદષ્ટિ સાથે લેખક કલમના બદલે જાણે કેમેરો ફરવે છે."૩ કચું, મધુ, ધમલાના પાત્રો દ્વારા લેખક આદિવાસી ગ્રામ્યજીવન તેનો નિર્દોષ અને નિર્મળ ચહેરો ઉપસાવવામાં સફળ થયા છે. પાનમ ડેમની આસપાસના ડુંગરાળ પ્રદેશનો આંખો ગ્રામ્યપરિવેશ ત્યાં રહેતા આદિવાસીઓનું દેશીજીવન તેમની રહેણીકરણી, ખાનપાન, પહેરવેશ, પરિવેશ અને તળબોલી આ બધાં તત્ત્વો દ્વારા ત્યાંની પ્રાદેશિકતાને ઉજાગર થતી જોઈ શકાય છે. અસલ જીવન સાથે અહી તળજીવનનો મહિમા કરવામાં આવ્યો છે. જે પ્રાદેશિક બની રહે છે. અહીં પ્રાદેશિકતા ફકશનલ બની રહી છે. એક ઉદાહરણ જોઈએ : "ત્રણેય મસ્તીમાં હતા. વળી કોયાલોના મીઠો હેલ્કારો વારેવારે એમની વાતોમાં જાણે હોકારો દેતો હતો. એક સ્વાભાવિક ઉતાવળ એમના પગમાં ભરી પડી હતી. વાટનાં ઝાડી-ઝાંખરા પગમાં

અટવાંટા એનુંય જાણે ભાન નહોતું. પેલો કલશોરને લહેરાતા કેસુડાય જાણે આખો વગડો ઝૂમતો હોય એવો ખ્યાલ આપતા હતા."(પૃ.૩૦)

"વસંતઋતુ, અલ્લડ છોકરીઓ, ડુંગરે-ડુંગરે વાસંતી વાયરે ઝૂમતા કેસુડાં, ફાલેલા શેમળાને કણઝમાં ત્રીજે ટેકરીએ નેળીયેથી કચુંએ હાક દીધી - હેંડ્ય ધમલા આંબલીઓ ખાવા." (પૃ.૨૯)

સમગ્ર વાર્તામાં એક ધાર્યો પ્રવાહ સાથે અસ્ખલિત વહેતી તળબોલી, કચું, મધુ અને ધમલા આ ત્રણેય પાત્રો વચ્ચે થતા સંવાદો અને એની સાહજિકતા જે તે પ્રદેશનું વાસ્તવિક ચિત્ર ખડું કરી આપે છે. ડુંગરાળ પ્રદેશમાં વસતા આદિવાસી એનાં જીવનમાં એને વેઠવી પડતી ભૌતિક અગવડો, સાથે આર્થિક ભીંસ, અને એની સ્ત્રીઓનું શહેરી લોકો દ્વારા કરવામાં આવતું જાતીય શોષણ, આ બધાં જ પાસા 'આંબલીઓ' વાર્તાને ખરા અર્થમાં પ્રાદેશિક બનાવે છે. એટલે કે સમગ્ર વાર્તામાં પંચમહાલના પાનમ ડેમની આસપાસના ડુંગરમાં વસતા આદિવાસીઓનું જીવન રેહણીકરણી, વ્યવહારો, ખાનપાન તેમની સમસ્યા, શોષણ આ બધી જ બાબતો એક પ્રાદેશિક સંદર્ભ ઉભો કરી આપે છે. જે વાર્તાને પ્રાદેશિક બનાવે છે.

❖ પાદટીપ

(૧) દલિત વાર્તાસૃષ્ટિ, મોહન પરમાર

(૨) ડેરો – કાનજી પટેલ